
|| હરિઃૐ ||



# શ્રીકેશવાનંદજી - ધૂણીવાળા દાદાજી

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સૂરત

॥ હરિઃૐ ॥

# શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી

: લેખિકા :

સુશીલા ટી. અમીન

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

| ❑ **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૪ | ૨૦૦૦ | ત્રીજી | ૨૦૦૯ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૪ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૮ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૧૨

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઇપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરતમાં
મૌનઅનુષ્ઠાન દરમિયાન પૂ. શ્રીમોટાનો અક્ષરદેહ
છપાવવાની પ્રેરણા પામનાર,
સ્વભાવે શાંત અને ભક્તિપ્રિય
એવાં
**શ્રી લતાબહેન શંભુરામ પંડ્યાને**
**'શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી'**
પુસ્તકની આ ચોથી આવૃત્તિનું
પ્રકાશન અર્પણ કરતાં અમો
આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૭-૭-૨૦૧૮
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૪

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા

## ખંડ : ૧


૧. શ્રીકેશવાનંદજીનો પ્રાદુર્ભાવ .................... ૧૧
૨. શ્રીગૌરીશંકર મહારાજ ........................ ૧૩
૩. બાળક રામસેવકનું જમાતમાં આગમન ......... ૧૬
૪. શ્રીકૃષ્ણાનંદજી સ્વામી ........................... ૧૭
૫. શ્રીકૃષ્ણાનંદજી સ્વામીનો યોગાભ્યાસ ........... ૨૨
૬. શ્રીરામફલ રૂપે પ્રાગટ્ય ....................... ૨૬
૭. શ્રીરામફલ દાદાજીનું નિધન અને પુનઃપ્રાગટ્ય .. ૩૨
૮. સાંઈખેડામાં શ્રીકેશવાનંદજીનું પ્રાગટ્ય .......... ૩૭
૯. શ્રીદાદાજીની ઉન્મત્ત અવસ્થા .................. ૪૨
૧૦. સુખદાતા શ્રીદાદાજી .......................... ૪૬
૧૧. જીવનદાતા શ્રીદાદાજી ......................... ૫૧
૧૨. શ્રીદાદાજી નામમહિમા ......................... ૫૬
૧૩. અંતર્યામી શ્રીદાદાજી .......................... ૬૩
૧૪. સર્વવ્યાપક શ્રીદાદાજી ......................... ૭૧
૧૫. શ્રીદાદાજીની અલૌકિક લીલા ................. ૭૪
૧૬. સાંઈખેડાનો ત્યાગ ............................ ૮૦
૧૭. ખંડવામાં આગમન અને સમાધિ............... ૮૩
૧૮. શ્રીદાદાજીનું મહાનિર્વાણ ..................... ૮૪
૧૯. ખંડવા-પંચમધામ .............................. ૮૬


## ખંડ : ૨


૧. શ્રીમોટા, સાંઈખેડામાં ......................... ૯૧
૨. શ્રીદાદાજીના દરબારમાં શ્રીમોટા .............. ૯૨
૩. શ્રીદાદાજીની દિવ્ય શક્તિ...................... ૯૪
૪. સાંઈખેડામાં શ્રીમોટાના અનુભવ ............... ૯૫
૫. શ્રીદાદાજી પાસેથી વિદાય...................... ૯૮
૬. સૂરજબા સાથે શ્રીમોટા, સાંઈખેડામાં ......... ૧૦૦

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીધૂણીવાળા દાદાજીની લીલાકથા

પૂજ્ય શ્રીમોટાને શ્રીબાળયોગીજી મહારાજે દીક્ષા આપેલી અને જણાવેલું કે પોતે શ્રીધૂણીવાળા દાદાજી-શ્રીકેશવાનંદજી પ્રેરિત આવેલા હતા. આથી, શ્રીમોટાના સદ્‌ગુરુ તો શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી છે. શ્રીકેશવાનંદજીની જીવનકથા વિશે જિજ્ઞાસા જાગે એ સ્વાભાવિક છે. જોકે આધ્યાત્મિક અર્થમાં તો કોઈપણ અનુભવી પુરુષની જીવનકથા હોય જ નહિ, કેમ કે એવા લોકોત્તર પુરુષોનું અનંત વિહારી અને રહસ્યમય આંતરિક જીવન હોય છે. આથી,આવા પુરુષોની કથા લખવી એ મુશ્કેલ છે. તેમ છતાં જેમના જન્મના તથા આરંભની સાધનાના આધારો મળતા હોય તો એને આધારે આછીપાતળી રેખા દોરી શકાય.

શ્રીકેશવાનંદજી-‘ધૂણીવાળા દાદાજી’ તરીકે વિખ્યાત અવધૂત નગ્ન સંત તરીકે ભારતમાં પ્રસિદ્ધિ પામેલા છે. એમના જીવન વિશે લખાયેલાં પુસ્તકો તપાસતાં જેટલી માહિતી એકત્ર કરી શકાઈ એનો ઉપયોગ આ ચરિત્ર લખવામાં કર્યો છે. શ્રીકેશવાનંદજીના જીવનમાં બનેલી ઘટનાઓ તથા એમના થકી લોકોએ જોયા, જાણ્યા અને અનુભવ્યા એવા બનાવોનો તર્કના આધારે ખુલાસો આપવો મુશ્કેલ છે. આધ્યાત્મિક સાધનામય જીવનની ઘટનાઓ ઘણી સૂક્ષ્મ હોય છે, કેમ કે એ આત્માને આધારે થતી હોય છે.આત્મા એ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે અને આત્માની શક્તિ અનંત અને અમાપ છે. આપણામાં રહેલી બુદ્ધિશક્તિ આત્માથી પ્રકાશિત હોવા છતાં એ પૂર્વના સંસ્કારોથી અને પ્રકૃતિથી આવરાયેલ હોવાથી આત્માના અનુભવને પૂરેપૂરો સમજી શકતી નથી. કાર્યકારણનો વૈજ્ઞાનિક નિયમ તો સાર્વત્રિક છે. આધ્યાત્મિક વિજ્ઞાનમાં પણ કાર્યકારણ હોય છે, પરંતુ એવા કાર્યનું કારણ સૂક્ષ્મ અને ગૂઢ હોવાથી આપણી બુદ્ધિની પકડમાં આવતું હોતું નથી. એ તો અનુભવ થાય ત્યારે જ સમજાય છે.

આમ છતાં પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક વિજ્ઞાનના આવા ‘કારણ’ને

સમજવા માટે નિમિત્ત શબ્દ યોજ્યો છે. આ વિષય ગહન હોવાથી એને સમજાવતાં ઘણો વિસ્તાર થઈ જાય. આથી, શ્રીકેશવાનંદજીની જીવનઘટનાઓને 'લીલા' રૂપે સ્વીકારવી જોઈએ. આવું પણ બની શકે એવા સંભવનો સ્વીકાર કરીને આ ચરિત્રને માણવું જોઈએ.

શ્રીકેશવાનંદજીના શરીરના મરણનું પંચનામું થાય અને પુનઃ બીજા જ રૂપે અને નામે એ જ પ્રગટે - એવી સંભાવના ગૂઢ યોગશક્તિથી સંભવિત હોય. 'માનો યા ન માનો !' એવી અદ્‌ભુત શક્તિઓનો આવિર્ભાવ આ પૃથ્વી ઉપર શક્ય છે.

બીજું, શ્રીકેશવાનંદજીના રૂપે એમના સામર્થ્યના અનેક અદ્‌ભુત પ્રસંગો છે. લોકોના રોગ મટે, દુઃખ દૂર થાય, સુખશાંતિ થાય-એ સંભવિત છે. છતાં આવી ઘટનાઓ સાર્વત્રિક બનતી નથી. જે વ્યક્તિ મૂળ સિદ્ધ પુરુષના નિમિત્ત રૂપે હોય તેને જ આવો અનુભવ થાય. દરેક જણના રોગ મટે કે પુત્રપ્રાપ્તિ કે ધનપ્રાપ્તિ થાય એવો નિયમ તારવી ન શકાય. આ બધા પ્રસંગોનું તાત્પર્ય એટલું જ કે માનવદેહમાં જ્યારે ઐશ્વર્ય પ્રગટે છે ત્યારે માનવીની કલ્પનામાં પણ ન આવે એવું બની શકે છે. આવા પુરુષોના નિમિત્તે પ્રગટતી લીલામાં શ્રીભગવાનની શક્તિનાં દર્શન કરવા અને આપણો અહંકાર જ્ઞાનયુક્ત નમ્રતામાં લઈ જવો એટલું જ તાત્પર્ય આપણે ગ્રહણ કરવાનું છે. આ પુસ્તકના લેખન માટે પ્રેરનાર તથા લખાણનું યોગ્ય સંમાર્જન કરનાર શ્રી રમેશભાઈ ભટ્ટ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિ માટે શ્રી જયંતીભાઈ જાનીએ ભારે જહેમત અને ચીવટ દાખવ્યાં છે. એ માટે એમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

પૂજ્ય શ્રીધૂણીવાળા દાદાજીના તથા પૂજ્ય શ્રીમોટાના ચાહકોને આ ચરિત્ર રોચક બનશે એવી શ્રદ્ધા છે.

**સુશીલા ટી. અમીન**

૧, અમીન સોસાયટી,
પો. નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪
તા. ૪-૯-૧૯૯૬

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

'હરિવાણી ટ્રસ્ટ'નું છઠ્ઠું પ્રકાશન 'શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી' પ્રગટ કરતાં આનંદ થાય છે. 'હરિભાવ' માસિક-પત્રના આજીવન ગ્રાહકોને આ પુસ્તક ભેટ તરીકે મળશે.

આ પુસ્તક તૈયાર કરવા બદલ શ્રીમતી સુશીલાબહેન ટી. અમીન, એને જોઈ-તપાસી જવા બદલ શ્રી રમેશભાઈ ભટ્ટ, મુદ્રણશુદ્ધિની સેવા આપનાર શ્રી જયંતીભાઈ જાની તથા આ પુસ્તક પ્રગટ કરવામાં સહોયગ આપનાર શ્રી દિલીપભાઈ શુક્લ તથા શ્રી સી.બી.પટેલ-આ સૌનાં અમો આભારી છીએ.

અધ્યાત્મરસિકો આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

'હરિવાણી ટ્રસ્ટ'
અમદાવાદ-૩૮૦ ००૭
તા. ૪-૯-૧૯૯૬

**લક્ષ્મીપ્રસાદ સી. અમીન**
**હર્ષદભાઈ એસ. શાહ**
ટ્રસ્ટીઓ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

'શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી'નું પુસ્તક શ્રીમતી સુશીલાબહેન ઠાકોરભાઈ અમીને તૈયાર કરેલું. અને 'હરિવાણી ટ્રસ્ટે' તેની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન કરેલું. તેની બીજી આવૃત્તિના પ્રકાશન માટે તેઓ બન્ને તરફથી અમોને અનુમતિ મળી છે. તે બદલ અમો તેમના આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિ શ્રી જયંતીભાઈ જાનીએ ભાવપૂર્વક કરી આપી છે, તે બદલ અમો તેમના આભારી છીએ.

આ પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર લલિતાબહેન જયશેભાઈનો પણ અમો અંતઃકરણથી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીધૂણીવાળા દાદાજીના તથા પૂજ્ય શ્રીમોટાના ચાહકો આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

તા. ૧૭-૨-૨૦૦૨ **ટ્રસ્ટીમંડળ,**
(વસંતપંચમી) હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના શ્રીસદ્‌ગુરુ 'શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી'ના જીવન અને કાર્યની જે કંઈ માહિતી ઉપલબ્ધ થઈ શકી હતી, તેના આધારે તેની પ્રથમ આવૃત્તિ સને ૧૯૯૬માં પ્રકાશિત થઈ. બીજી આવૃત્તિ સને ૨૦૦૨માં અને ત્રીજી આવૃત્તિ સને ૨૦૦૯માં પ્રકાશિત થઈ હતી.

પૂજ્ય શ્રીદાદાજી અંગે જાણકારી મેળવવાની જિજ્ઞાસા સ્વજનોમાં જળવાઈ રહી છે. હાલ આ પુસ્તકની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી **'શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી'**ની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન કરાયું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૭-૭-૨૦૧૮ — **ટ્રસ્ટીમંડળ,**

ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૪ — હરિઃૐ આશ્રમ, સુરત

## શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી

❑

સુશીલા ટી. અમીન

# ‘હું સર્વત્ર વિદ્યમાન છું’

-શ્રીમોટા

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

‘જો મેરે કામ મેં તો મૈં ઉસકે કામ મેં
જો ઉનકે કામ મેં તો મૈં અપને ધામ મેં’

-દાદાજી

# ખંડ-૧

## ૧. શ્રીકેશવાનંદજીનો પ્રાદુર્ભાવ

આપણી ભારતભૂમિ સંતોની ભૂમિ છે. જ્યાં અનેક મહાપુરુષોએ જુદા જુદા સમયે અવતાર લઈ ધર્મની સુરક્ષા કરી છે, અને અનેક ઔલકિક લીલાઓ પણ કરી છે. દયા અને કૃપાથી લોકોને સન્માર્ગે વાળ્યા છે. તેમ જ ધર્મ તરફ વાળવા માટે પ્રેરણા પણ આપી છે. ભારતનો મધ્યકાળનો ઈતિહાસ અવતારી સંતોથી ભરપૂર છે. વીસમી સદીમાં શિરડીના સંત શ્રીસાંઈબાબા, શેગાંવના શ્રીગજાનન મહારાજ, સાંઈખેડાના શ્રીધૂણીવાળા દાદાજી-શ્રીકેશવાનંદજી, શ્રીનાગપુરના ઓલિયા શ્રીતાજુદ્દીનબાબા, સાકુરીના શ્રીઉપાસની મહારાજ અને નડિયાદના પૂજ્ય શ્રીમોટા જેવા મહાન અવતારી સંતપુરુષો થઈ ગયા. શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી ઘણી વખત પોતે મોટે મોટેથી બોલતા, 'હું શંકર છું. હું શંકર છું.' જેમ ભગવાન શંકર સર્વજ્ઞ, સર્વવ્યાપક અને સમદર્શી છે, તેવી રીતે શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી હતા. તેમણે પોતે અનેક અલૌકિક લીલાઓ વડે પોતાના સર્વજ્ઞ, સર્વવ્યાપક અને સમદર્શી જેવા ગુણો પ્રગટ કર્યા છે. આ વિજ્ઞાનયુગમાં શ્રીદાદાજીની લીલાઓ અને ચમત્કારોને બુદ્ધિશાળી લોકો ભ્રમણા તરીકે ગણાવી શકે, પરંતુ તેમના જીવનની ઘટનાઓને હજુ વધારે વર્ષો વીત્યાં નથી. તે સમયના લોકો આજે પણ હયાત છે.

સ્વયં ભગવાન સમયે સમયે પૃથ્વી ઉપરનું દુઃખ દૂર કરવા, ધર્મનું રક્ષણ કરવા અને સુખશાંતિ ફેલાવવાને માટે અવતાર લે છે. અનેક ઋષિમુનિઓ, સાધુસંતો, મહાનપુરુષો સાધના કરી-

તપશ્ચર્યા કરી શ્રીભગવાનનો અનુભવ પામીને સંસારનું કલ્યાણ કરે છે. શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીચૈતન્ય મહાપ્રભુ, ભગવાન શ્રીરમણ મહર્ષિ, શ્રીરામકૃષ્ણ પરમહંસ વગેરે જેવા મહાત્માઓએ આ દેશમાં જન્મ લીધા છે અને ભારતની સંસ્કૃતિ અને ધર્મને માર્ગદર્શન આપી એનું રક્ષણ કર્યું છે.

પરમ પૂજ્ય શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી એ આ યુગના એટલે ઓગણીસ-વીસમી સદીમાં મનુષ્યરૂપે જન્મ ધારણ કરીને, અલૌકિક લીલાઓ કરી. ચમત્કારો કરી દરિદ્રતાનો નાશ કર્યો. અસહાયોને સહાય કરી. રોગીઓના રોગો દૂર કર્યા. આમ, આ ભૌતિક બુદ્ધિવાદી વિજ્ઞાનયુગમાં તેમણે પ્રત્યક્ષ પુરવાર કરી બતાવ્યું કે ભારતીય આધ્યાત્મિક વાતો કેવળ કપોળકલ્પિત નથી, આડંબર નથી, જૂઠાણું નથી, પરંતુ જન્મોજન્મની સાધનાને પરિણામે સિદ્ધ કરી શકાય છે. ભૌતિક શરીરને ફક્ત ભૌતિક પ્રસાધનો સુધી સીમિત ન રાખીને પરમ તેજ-ચેતન મેળવી, આત્માનો આનંદ પ્રાપ્ત કરી શકાય છે.

શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજીના જન્મ અંગે આધારભૂત વિગતો જાણવા મળતી નથી, કારણ કે પોતે પોતાના કે પોતાના ભૂતકાળ વિશે કંઈ પણ જણાવતા ન હતા, પરંતુ કહેવાય છે કે બિહાર પ્રાંતમાં મોંઘારે નામના ગામમાં સરસ્વતીના ઉપાસક શિવબાલક નામના બ્રાહ્મણ રહેતા હતા. તેઓ કથાવાંચન કરતા અને અનુષ્ઠાન કરતા. તેમાંથી જે રકમ પ્રાપ્ત થતી, તેમાંથી પોતાનું ગૃહસ્થજીવન નિભાવતા હતા. તેઓ શાસ્ત્રી હતા. દેવીના ઉપાસક હતા. એમનાં પત્નીનું નામ વિદ્યાદેવી હતું. તે સંસ્કારી હતાં અને સાધ્વીજીવન ગાળતાં. મા ભગવતીની ઉપાસના કરવી અને ગૃહસ્થધર્મનું પાલન કરવું, તે તેમનાં જીવનનો મુખ્ય ધ્યેય

હતો. પતિપત્ની આનંદથી જીવન વ્યતીત કરતાં હતાં. આવું સાદું જીવન જીવનારાં, ધર્મપરાયણ દંપતીને ત્યાં શ્રીકેશવાનંદજી-દાદાજીનો જન્મ થયો હતો. તેમનું બાળપણનું નામ રામસેવક હતું. તેઓ તેજસ્વી મુખકાંતિ ધરાવતા હતા. તેથી, ગામલોકો તેમને જોઈ આનંદ અનુભવતા હતા. તે અવતારી બાળક છે એમ સમજીને તેમની પ્રશંસા કરતા, પરંતુ આ સાંસારિક આનંદ તેમના જીવનમાં ક્ષણજીવી નીવડ્યો. તેમની પાંચ વર્ષની વયે માતા વિદ્યાદેવીનું અવસાન થયું. આથી, તેઓ ખૂબ જ દુઃખી થયા. તેમના બાળમાનસને ચોટ લાગી. દિવસરાત માતાને યાદ કરીને રડતા રહ્યા અને મનોમન હિજરાવા લાગ્યા. બાળક રામસેવકને તેમના પિતાજી ઘણું સમજાવી આશ્વાસન આપતા કે 'તમારી માતા ભગવાનને ઘેર ગઈ છે' એટલે બાળક રામસેવક સમજવા લાગ્યો કે મારી માતા ભગવાનને ઘેરથી જરૂર પાછી આવશે. તેથી, તેઓ માતાની રાહ જોવા લાગ્યા. આ રીતે બે વર્ષ પસાર થયાં, પણ તેમની માતા ભગવાનને ઘેરથી પાછી ફરી નહિ એટલે બાળક રામસેવકની ધીરજ ખૂટી. છેવટે એક દિવસ પોતાની માતાની શોધ કરવા માટે ઘરમાં કોઈને કંઈ પણ જણાવ્યા સિવાય ગામ છોડી નીકળી પડ્યા. તેઓ ઘણી જગ્યાએ ફર્યા, પરંતુ પોતાની માતા મળી નહિ. એટલે ભગવાન અને તેના ઘરની શોધ કરવા માટે બાળક રામસેવક રખડવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ નર્મદાજીને કિનારે આવ્યા.

## ૨. શ્રીગૌરીશંકર મહારાજ

પ્રાચીન કાળથી નર્મદા નદીને કિનારે યોગીઓ, સંતો, મહાત્માઓ, સાધુઓ નિવાસ કરે છે. તેમાં મહાન યોગી શ્રીગૌરીશંકર મહારાજનું નામ અગ્રસ્થાને હતું. તેઓ 'જમાત-

વાળા બાબા'ના નામે ઓળખાતા હતા અને નર્મદાતટે રહેતા હતા. નર્મદાના પરિક્રમાવાસી જમાતના પ્રમુખ અને મહાન હઠયોગી, સિદ્ધ સ્વામી શ્રીકમલભારતીના શ્રીગૌરીશંકર મહારાજ શિષ્ય હતા. તેમની જમાતમાં પાંચથી છ હજાર ભાવિક સાધુસંતો, ભક્તો, તેમના સેવકો રહેતા હતા. તેમાં બ્રહ્મચારી, વાનપ્રસ્થી, સંન્યાસી, યોગીઓ વગેરે હતા. જમાતની એક આગવી ગૌશાળા પણ હતી. નિત્ય હોમ-હવન ત્યાં થતા હતા. આ જમાતમાં વૈદિક કર્મકાંડ દ્વારા સમાજમાં જાગૃતિ, એકત્રીકરણ અને સંગઠન કરવાનાં કાર્યો થતાં. તેમનો એક જ મંત્ર હતો, 'પડેલાને સાથ આપો. આ જ ધર્મનો સાચો અર્થ છે.' આથી, ગરીબોને સહાય કરવી, દલિત જીવોનો ઉદ્ધાર કરવો અને તેઓને સહાય કરવી એ જમાતનું યોગદાન હતું. આ બધું કાર્ય શ્રીકમલભારતી મહારાજ સંભાળતા હતા. પાછળથી આ જમાતનો બધો કાર્યભાર શ્રીગૌરીશંકર મહારાજને સોંપીને તેમણે પોતાનું અવતારકાર્ય સમાપ્ત કર્યું.

શ્રીગૌરીશંકર મહારાજ આ જમાતના પ્રમુખ બન્યા અને સારી રીતે કાર્ય સંભાળવા લાગ્યા. એટલે લોકો તેમને 'જમાતવાળા બાબા' તરીકે ઓળખવા લાગ્યા. તેઓ યોગ સાધનામાં પ્રવીણ હતા. તેઓ ધર્મપ્રિય, કર્મનિષ્ઠ અને મહાન ચમત્કારિક પુરુષ હતા. આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક જેવા સંતાપોથી તપતા, પીડાતા માનવમાત્રને દરેક પ્રકારની સહાય તેઓ કરતા. તેથી, તેમની જમાતમાં ઘણી મોટી સંખ્યામાં માનવોની ભીડ રહેતી.

શ્રીગૌરીશંકર મહારાજ પહોળા કદના, ઊંચો દેહ ધરાવતા હતા. તેમના મુખ ઉપર તેજની આભા પ્રસરતી હતી. તેઓ લાંબી લાંબી જટાઓ રાખતા, દાઢી રાખતા, ભગવાં વસ્ત્રો ધારણ

કરતા. ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરતા. હાથમાં કમંડળ રાખતા. તેમ જ પગમાં ચાખડીઓ પહેરતા. તેમના દેખાવથી લોકો પ્રભાવિત થતા. તેમની અદ્ભુત કાર્યપદ્ધતિથી તેઓ આખા દેશમાં ખ્યાતિ પામ્યા. તેમની કીર્તિ સાંભળી ઈ.સ. ૧૯૧૦માં ચાતુર્માસ ગાળવાને માટે, જ્યોતિર્મઠાધીશ્વર જગદ્ગુરુ પૂજ્ય શ્રીશંકરાચાર્ય મહારાજ નર્મદાતટે શ્રીગૌરીશંકર મહારાજની જમાતમાં આવીને રહ્યા. ચાતુર્માસ ગાળી શ્રીશંકરાચાર્ય મહારાજ પાછા ફરતા હતા ત્યારે શ્રીગૌરીશંકર મહારાજનું સુંદર કાર્ય જોઈ તેની પ્રશંસા કરી. તેમને 'શ્રીનર્મદાતટસમ્રાટ'ની સર્વશ્રેષ્ઠ ઉપાધિ આપી અને શ્રીગૌરીશંકર મહારાજને ગૌરવ બક્ષ્યું. છત્ર, ચમર ધારણ કરવાનો એમને અધિકાર પણ આપ્યો. અને તામ્રપત્ર આપ્યું, જે આજે કોઠસર ગામમાં સુરક્ષિત પડ્યું છે.

શ્રીગૌરીશંકર મહારાજ ઉપર સાક્ષાત્ નર્મદામાતા પણ પ્રસન્ન હતાં. ભારતમાં ઈ.સ. ૧૮૫૭નો સ્વાતંત્ર્યસંગ્રામનો સમય હતો. અંગ્રેજોના અતિજુલમી શાસનથી પ્રજા ત્રાસી ગઈ હતી. તે સમયે નર્મદા નદીના ગૌરીઘાટ ઉપર શ્રીગૌરીશંકર મહારાજ અને તેમની જમાતનો મુકામ હતો. વિજયના ઉન્માદમાં અંગ્રેજો આંધળા બન્યા હતા. તેથી ખોટી રીતે પ્રજાને હેરાન કરતા હતા.તે સમયે આ જમાતમાં પાંચથી છ હજાર મનુષ્યો ઠાઠમાઠથી રહેતા હતા. અંગ્રેજોની નજર આ જમાત ઉપર પડી. એક અંગ્રેજ ત્યાં તપાસ કરવા માટે આવ્યો. આટલી મોટી સંખ્યા, તેનો ઠાઠમાઠ અને ભપકો જોઈ તે અંજાઈ ગયો. અને વિચારવા લાગ્યો કે આ જમાતનો ખર્ચો કરવા માટે તેઓ પૈસા ક્યાંથી લાવે છે ? તેથી તેણે શ્રીગૌરીશંકર મહારાજની પૂછપરછ શરૂ કરી. તેમણે જણાવ્યું કે 'આ નર્મદામાતાજી અમારું ભરણપોષણ કરે છે.' અંગ્રેજી

અફસરે પૂછ્યું, 'તે કેવી રીતે ?' શ્રીગૌરીશંકર મહારાજ નર્મદામૈયાના કિનારે ગયા, તેનાં પાણીમાં ખોબો ધરીને 'નર્મદે હર હર'ની જયઘોષણા કરી. તો સોનામહોરોથી તેમનો ખોબો ભરાઈ ગયો. આ જોઈ શંકાશીલ અંગ્રેજ અફસર એમ માનવા લાગ્યો કે શ્રીગૌરીશંકર મહારાજે પાણીમાં સોનામહોરો અગાઉથી દાટી હશે. તે બહાર કાઢી હશે. એટલે અંગ્રેજ અફસરે એક હોડી મંગાવી. તેમાં શ્રીગૌરીશંકર મહારાજ અને અંગ્રેજ અફસર બેઠા. અને નર્મદામૈયાના મધ્યભાગમાં ગયા. પાણીમાંથી ફરીથી સોનામહોરો કાઢવા માટે અંગ્રેજ અફસરે શ્રીગૌરીશંકર મહારાજને કહ્યું. શ્રીગૌરીશંકર મહારાજે ફરીથી નર્મદામૈયાની જયઘોષણા કરી, પાણીમાં ખોબો ધર્યો અને સોનામહોરો બહાર કાઢી. આ જોઈ અંગ્રેજ અફસર નવાઈ પામ્યો અને પ્રભાવિત થઈ તેમના પગમાં પડ્યો. શ્રીગૌરીશંકર મહારાજને તેણે 'લાલ પાદરી'નું બિરુદ આપ્યું અને તામ્રપત્ર લખી આપ્યું. તેમાં લખ્યું છે, 'નર્મદામૈયાના શ્રીગૌરીશંકર મહારાજ સાચા સાધુપુરુષ છે. તેઓ હિંદુઓના લાલ પાદરી છે. તેમને કોઈપણ હેરાન ન કરે અને જમાતના રક્ષણ માટે પૂરી તકેદારી રાખવી. જરૂરી રક્ષણ અને મદદ પૂરી પાડવી.'

## ૩. બાળક રામસેવકનું જમાતમાં આગમન

શ્રીગૌરીશંકર મહારાજ જેવા વિલક્ષણ સંત પાસે આ સાત વર્ષનો બાળક રામસેવક ભગવાનની ખોજ માટે આવ્યો. બાળક રામસેવકના મુખ ઉપરનું તેજ જોઈ શ્રીગૌરીશંકર મહારાજ આકર્ષાયા. એક તેજનું બીજા તેજ સાથે મધુર મિલન થયું. તેમના હૃદયમાં આનંદ પ્રગટ્યો. તેઓએ તે બાળકને ગળે લગાડ્યો અને ગદ્‌ગદ બની ગયા. તેમણે બાળકને તેનું નામ પૂછ્યું, પરંતુ

તે મૌન રહ્યા એટલે શ્રીગૌરીશંકર મહારાજે તેનું નામ 'માધવ' રાખ્યું. અને પોતાની જમાતમાં તેને રાખી લીધો.

નર્મદામૈયાનો આ લાડકો બાળક માધવ પોતાના બુદ્ધિ-ચાતુર્યથી જમાતમાં આંખોના તારા સમાન બન્યો. તેના મુખ ઉપર ભાવિ ઉન્નતિ વર્તાતી હતી. તેની સાથે તેનો સ્વભાવ પણ નમ્ર હતો. તે કોઈની સાથે લડતો-ઝઘડતો ન હતો, તેમ જ કોઈને કઠોર વચન પણ કહેતો ન હતો. જે કોઈ કામ બતાવે તે પ્રેમથી અને આદરથી કરતો. આ સાથે પોતાનું વિદ્યાપઠન પણ ચાલુ રાખતો, ગુરુજીની સેવા કરતો અને ગુરુજીની વાતો ધ્યાનથી સાંભળતો. બીજા શિષ્યોના પ્રમાણમાં તે ગુરુજીની વાતો ખૂબ જલદીથી ગ્રહણ કરતો. હંમેશાં સત્ય બોલતો. બાળક માધવ તેના ગુણોથી સૌનો લાડીલો બની ગયો. ખૂબ નાની ઉંમરમાં પણ પોતાની આગવી વિલક્ષણ શક્તિઓથી જમાતમાં બધાંને ખુશ કરતો. તેથી તેઓ માનવા લાગ્યા કે આ બાળક જરૂર અવતારી જ છે.

બાળક માધવ વહેલી સવારથી રાત્રીના સમય સુધી નિત્યકર્મોમાં પારંગત બન્યો. તેની કાર્યકુશળતા અને તેજસ્વિતા જોઈ શ્રીગૌરીશંકર મહારાજે શ્રીરેવાનંદજી સંત દ્વારા તેમને મહાવાક્યોપદેશ આપ્યો. અને તેનું નામ માધવમાંથી 'કૃષ્ણાનંદજી' રાખ્યું. શ્રીગૌરીશંકર મહારાજ પણ તેમના ગુણોની પ્રશંસા કરતા.

## ૪. શ્રીકૃષ્ણાનંદજી સ્વામી

શ્રીકૃષ્ણાનંદજીની વિદ્યાના ક્ષેત્રે યોગ્યતા જોઈ શ્રીગૌરીશંકર મહારાજે શાસ્ત્રીય અધ્યયન માટે તેમને કાશી મોકલવાનું નક્કી કર્યું. ગુરુજીનાં ચરણોમાં પ્રણામ કરી તેઓ સહર્ષ કાશી ગયા.

બધા વેદ, પુરાણ, સ્મૃતિ, ઉપનિષદ, મહાભારત, રામાયણ વગેરે શાસ્ત્રોનો ખૂબ જ લગનથી અભ્યાસ કરી પારંગત બન્યા. પોતાની કુશાગ્ર બુદ્ધિ, અધ્યયનની વૃત્તિ, સરળ સ્વભાવથી કાશીના પંડિતોનાં મન પણ તેમણે જીતી લીધાં. થોડાક સમયમાં જ પોતાનું અધ્યયન પૂર્ણ કરી, 'આચાર્ય પદ'નું બિરુદ મેળવી જમાતમાં પાછા ફર્યા. અને પોતાનું 'વિજયપત્ર' ગુરુચરણોમાં સમર્પિત કર્યું. શ્રીકૃષ્ણાનંદજીને કાશી મોકલતા સમયે શ્રીગૌરીશંકર મહારાજે આશીર્વાદ આપ્યા હતા કે 'વિજયપત્ર' મેળવીને જ જમાતમાં પાછા ફરજો. આ આશીર્વાદ ફળેલા જોઈ શ્રીગૌરીશંકર મહારાજને પણ ખાતરી થઈ ગઈ કે આ મહાન પુરુષ સંસારમાં વેદશાસ્ત્રનો પ્રચાર કરી શકશે. આ 'વિજયપત્ર'નું સમર્પણ શ્રીકૃષ્ણાનંદજી દ્વારા થયું અને શ્રીગૌરીશંકર મહારાજ દ્વારા તેનો સ્વીકાર થયો, તેના સમન્વયથી બન્નેના હૃદયમાં રોમાંચ થયો, આનંદ પ્રવર્ત્યો અને જમાતમાં તેમનો કીર્તિધ્વજ ફેલાયો.

ત્યાર પછી શ્રીગૌરીશંકર મહારાજે તેમને અનેક યોગક્રિયાઓ બતાવી, તેનું જ્ઞાન આપ્યું. તેમણે તેમાં સિદ્ધિ મેળવી. યોગવિદ્યામાં પણ શ્રીકૃષ્ણાનંદજી પોતાની પ્રખર બુદ્ધિથી થોડાક સમયમાં જ પારંગત બન્યા. તેનું રહસ્ય જાણી ગયા. શ્રીગૌરીશંકર મહારાજે આ રીતે યોગવિદ્યાની સાથે કર્મકાંડ પણ શીખવ્યો અને 'શ્રીદુર્ગા સપ્તશતી'નો વિશેષ અભ્યાસ પણ તેની સાથે કરાવ્યો. તેનાં કેટલાંય અનુષ્ઠાનો પોતે કરી બતાવીને શીખવ્યાં. શ્રીકૃષ્ણાનંદજી પણ પોતાની સહજ રુચિથી આ અનુષ્ઠાન શીખ્યા અને કર્યા.

જમાતમાં રહેતા ત્યારે શ્રીકૃષ્ણાનંદજીની દિનચર્યા અદ્‌ભુત હતી. તેઓને ખાસ ઊંઘ આવતી ન હતી. આધ્યાત્મિક, શારીરિક કે માનસિક કાર્યો કરવામાં પણ તેમને પરિશ્રમ પડતો ન હતો.

પ્રાતઃકાળમાં વહેલા ઊઠતા. સ્નાન ઇત્યાદિ ક્રિયાઓ પતાવી અનુષ્ઠાન કરવા બેસતા. કોઈ કોઈ વખત નર્મદાજીમાં પ્રાણાયામ સમાધિ લગાવીને કલાકોના કલાકો પડી રહેતા. જ્યાં સુધી કોઈ તેમને નર્મદાજીમાંથી બહાર કાઢે નહિ, ત્યાં સુધી પ્રાણાયામ સમાધિમાં રહેતા. ત્યાંથી પાછા ફરીને એક હજાર દંડબેઠક કરતા. બપોરે બે વાગ્યે સાદું ભોજન કરતા. તેમની શારીરિક સુખાકારી સારી હતી, તંદુરસ્ત હતી. સાંજના પાંચ વાગ્યે સ્નાનથી નિવૃત્ત બનીને સંધ્યા કરતા, ફરીથી પ્રાણાયામ કરતા. અને સાંજના સાત વાગ્યે નર્મદાજીની આરતીમાં જોડાતા. આરતી થઈ જાય પછી તેઓ રાત્રિના અગિયાર વાગ્યા સુધી સંસ્કૃત સ્તોત્રો બોલતાં. રોજ નવાં નવાં સ્તોત્રો રચતા અને બોલતા. જ્યારે જમાતના બધા માણસો ઘેરી નિદ્રા માણતા, ત્યારે શ્રીકૃષ્ણાનંદજી સુંદર સ્વરોમાં, મધુર કંઠે મા નર્મદાની સ્તુતિ શાસ્ત્રીય સંગીતમાં ગાતા. અને પછી પદ્માસન લગાવી સાધનામાં લીન બનતા. મોડી રાત્રે ધ્યાન પૂર્ણ કરતા, ત્યારે નર્મદામૈયામાંથી જળ લાવતા. અગ્નિ ચેતાવતા અને મોટી મોટી કડાઈઓમાં માલપૂઆ અને શીરો બનાવતા. આ સામગ્રી સાધુઓના આસન પાસે મૂકી આવતા. પ્રાતઃકાળમાં પાછો તેમનો નિત્યક્રમ ચાલુ થતો. આમ, તેઓ ચોવીસે કલાક કાર્યમાં રત રહેતા હતા.

કેટલાક લોકોની ફરિયાદ હતી કે શ્રીકૃષ્ણાનંદજી ભંડારમાંથી વધારે પડતાં ઘી અને માલસામાન લઈ ખોટી રીતે ખર્ચે છે. અને તેમને શીરો અને માલપૂઆ જમાડે છે. આનું રહસ્ય જાણવાનું તેઓએ નક્કી કર્યું. શ્રીકૃષ્ણાનંદજી રાત્રિમાં જ્યારે નર્મદા કિનારે જતા, ત્યારે તેમની પાછળ ગયા. તેમણે જોયું કે શ્રીકૃષ્ણાનંદજીએ નર્મદામૈયામાં સ્નાન કર્યું, ત્યાંથી જળ લાવી રસોઈગૃહમાં કડાઈમાં

એ જળ પધરાવ્યું. મંત્રોચ્ચાર વિધિથી અગ્નિ પ્રગટ કર્યો. કડાઈમાં માલપૂઆ, શીરોપૂરી તૈયાર કર્યા. અને સાધુસંતોને સ્થાને તે સામગ્રી મૂકી આવ્યા. પછી શ્રીગૌરીશંકર મહારાજની પાસે સૂઈ ગયા. બીજે દિવસે સવારે આ અહેવાલ સાધુસંતોએ શ્રીગૌરીશંકર મહારાજને આપ્યો. તે સાંભળી તેઓ ગદ્ગદ બન્યા. તેમણે શ્રીકૃષ્ણાનંદજીને પૂછ્યું, 'આ કોની આજ્ઞાથી થઈ રહ્યું છે ?' ત્યારે શ્રીકૃષ્ણાનંદજીએ કહ્યું, 'માતા નર્મદામૈયાની આ કૃપા છે. મારું કશું જ નથી.' આ સાંભળી શ્રીગૌરીશંકર મહારાજે પૂછ્યું, 'ભંડારમાંથી સાધનસામગ્રી તો તમે લેતાં હશોને ?' ત્યારે તેમણે જણાવ્યું, 'હું ભંડારમાંથી કશું જ લેતો નથી. તે બધું નર્મદામૈયા આપે છે.' સ્વામી શ્રીકૃષ્ણાનંદજીની આ વાત સાંભળી શ્રીગૌરીશંકર મહારાજ ખુશ થઈને તેમને ભેટ્યા અને આનંદવિભોર બન્યા. ત્યાં બેઠેલા સાધુસંતો પણ આ દૃશ્ય જોઈ ભાવવિભોર બન્યા. અને તેઓની આંખોમાંથી હર્ષાશ્રુની ગંગા વહેવા લાગી. આવા મહાન, દિવ્ય, સેવાવ્રતધારી, નિઃસ્વાર્થ મહાનપુરુષ જ સદ્ગુરુની કૃપાનું પાત્ર બનવા માટે સાચા અધિકારી બને છે.

સ્વામી શ્રીકૃષ્ણાનંદજી એક વખત ગુરુજીની આજ્ઞા લઈને હિમાલયની તીર્થયાત્રા કરવા ગયા. તેઓ યાત્રા કરતાં કરતાં નેપાલમાં પહોંચ્યા. શ્રીકૃષ્ણાનંદજી સ્વામીએ નેપાળના રાજપથ ઉપર પેશાબ કર્યો. આ જોઈ ત્યાંના એક પોલીસે તેમને ધમકાવ્યા. એટલે શ્રીકૃષ્ણાનંદજીએ તેને કહ્યું, 'અરે, તારા રાજાને કહી દે કે અહીંયાં ધૂણીવાળા દાદાજી આવ્યા છે અને તમને બોલાવે છે.' આ સાંભળી નેપાળના રાજાધિરાજ શ્રીવિક્રમસિંહજી તરત જ ત્યાં આવ્યા. તેમણે પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણાનંદજી સ્વામીએ રાજાને કહ્યું, 'કેમ અલ્યા ! તારા રાજ્યમાં અમને પેશાબ કરવાની

જગ્યા પણ નથી ? તો તારું રાજ્ય શા કામનું ?' મહારાજ શ્રી વિક્રમસિંહજી બે હાથ જોડી માફી માગતા કહેવા લાગ્યા, 'નહિ મહારાજ, આખું રાજ્ય આપનું છે.' ત્યારે શ્રીકૃષ્ણાનંદજી બોલ્યા, 'એવું નહિ, પણ મને પેશાબ કરવા માટે ફક્ત થોડીક જગ્યા આપો.' તેઓ રાજાની અનુમતિ સમજી તેની સાથે ચાલવા લાગ્યા અને પેશાબ કરવાનો પ્રારંભ કર્યો. તે સતત સાત દિવસ સુધી પેશાબનો ત્યાગ કરતા જ રહ્યા. આ જોઈ મહારાજ શ્રી વિક્રમસિંહજી નવાઈ પામ્યા. તેમને પગે લાગી માફી માગી. ગુરુજી તરીકે તેમનો સ્વીકાર કર્યો, અને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. રાજાના આગ્રહથી અને તેમના ઉપર કૃપા કરવાના હેતુથી શ્રીકૃષ્ણાનંદજી સ્વામી ત્યાં ત્રણચાર મહિના રહ્યા.

ઈ.સ. ૧૮૮૮ને ૧૧મી ડિસેમ્બર, માગશર માસની નોમને મંગળવારના દિવસે હોશંગાબાદમાં નર્મદામૈયાના કિનારે નવરાત્રીનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવાયો. અને દસેરાના દિવસે શ્રીગૌરીશંકર મહારાજે મહાયજ્ઞ કર્યો. જે 'નગરયજ્ઞ' તરીકે જાણીતો બન્યો. શ્રીકૃષ્ણાનંદજીએ જમાતનો સર્વ કાર્યભાર સંભાળી લીધો હતો. તેમની કાર્યકુશળતા અને યોગ્યતા જોઈ શ્રીગૌરીશંકર મહારાજને તેમનામાં પૂર્ણ વિશ્વાસ જાગ્યો. તેમની સંપૂર્ણ અલૌકિકતા, હોશિયારી, આવડત, ચાતુરી અને બુદ્ધિની તીવ્રતા જોઈ. આથી, નગરયજ્ઞમાં શ્રીકૃષ્ણાનંદજીને પોતાની પાસે બોલાવ્યા. અને આ નગરયજ્ઞ સમારોહમાં તેમણે પોતાના પટ્ટશિષ્ય તરીકે જાહેર કર્યા. પોતે તેમને દીક્ષા આપી. અને 'શ્રીનર્મદાનરેશ'ની ઉપાધિથી તેમને ગૌરવવંતું સ્થાન બક્ષ્યું. પોતે મહાસમાધિ લેવાના હોવાથી જમાતનો સર્વ કાર્યભાર તેમના શિરે સોંપવામાં આવ્યો. તેમણે ઈ.સ. ૧૯૮૮માં હોશંગાબાદ પાસે

તેરચૌદ માઈલથી દૂર આવેલા કોકસર નામના ગામમાં કેલવાટી સંગમ ઉપર ચૈતન્ય સમાધિ લીધી. ત્યાં સંગેમરમરની સમાધિ બનાવવામાં આવી. તે ‘જમાતવાળા બાબાની સમાધિ’ તરીકે ઓળખાય છે. આજે પણ નર્મદાપરિક્રમા કરનાર ભક્તજનો તેનાં દર્શન કરી પોતાને કૃતાર્થ થયેલા માને છે. અષાઢ માસની ગુરુપૂર્ણિમાના દિવસે ત્યાં મોટો મેળો ભરાય છે. ત્યાં ભક્તજનો શ્રીફળ ચડાવી, તેનો પ્રસાદ મેળવી પોતે ધન્ય બને છે. ત્યાં સાધુસંતો માટે ભંડારો પણ કરવામાં આવે છે.

## ૫. શ્રીકૃષ્ણાનંદજી સ્વામીનો યોગાભ્યાસ

સ્વામી શ્રીકૃષ્ણાનંદજીનું મનન-ચિંતન દિવસે દિવસે વધતું ગયું. ધીમે ધીમે તેઓએ મનન-ચિંતનની સાથે સાધના પણ કરવા માંડી. તેઓ નિર્જન વનમાં જઈ, સંસારના કોલાહલથી દૂર રહી, હૃદયમાં ધ્યાન ધરી, ઈશ્વરની શોધમાં મગ્ન રહેવા લાગ્યા. કોઈ કોઈ વખત વૃક્ષની નીચે બેસીને ચૂપચાપ વિચાર- ચિંતન કરતા. ક્યારેક નર્મદામૈયાને કિનારે કિનારે મંત્રોચ્ચાર કરતા ફરતા. કોઈક વખત એક આસન લગાવી, આંખો બંધ કરીને ભગવાનનું ધ્યાન કરતા, ત્યારે તેમને સમયનું ભાન પણ રહેતું નહિ. તેથી, જમાતના સાધુઓ તેમને શોધવા નીકળતા. શોધીને ધ્યાનમાંથી જાગૃત કરી, ખૂબ વિનંતી કરી જમાતમાં પાછા લાવતા.

સ્વામી શ્રીકૃષ્ણાનંદજી દિવસરાત ધ્યાન કરતા. પણ તેઓ જમાતના પ્રમુખ હતા, તેથી નિરંતર સાધના કરવામાં તેમને તકલીફ પડતી હતી. તેના કારભારથી તેમનું મન પણ હવે થાક્યું હતું. જમાતમાં ગરબડ અને અશાંતિ હોવાથી તેઓ ધ્યાનમાં મન પરોવી શકતા ન હતા. તેઓ ઈશ્વરને મેળવવા માટે હંમેશાં એકાંત સ્થાન ઈચ્છતા હતા. તેથી જમાતમાંથી બહાર નીકળી

જવાનો વિચાર કરતા, પરંતુ જ્યારે તેઓ આવો વિચાર કરતા ત્યારે જમાતના સાધુઓ તેમને વિનંતી કરતા. તેથી, તેઓ જમાત છોડી શકતા ન હતા. એક દિવસ તેઓ છાનામાના જમાતમાંથી નીકળી નર્મદા નદીને કિનારે આવેલા ખંડોન નામના ગામમાં પહોંચ્યા. ત્યાં પાસે આવેલ ગીચ જંગલમાં પીપળાના વૃક્ષમાં એક બખોલ હતી. તેમાં બેસી ધ્યાન ધરવા લાગ્યા. આવી અવસ્થામાં ઘણા દિવસો સુધી તેઓ રહ્યા. ત્યાં એક દિવસ એક મોટો અજગર આવી, તેમના પગનો અંગૂઠો મોંમાં નાખી ખાવા લાગ્યો, તોપણ તેમનું ધ્યાન તૂટ્યું નહિ. એટલામાં દૂધ વેચનાર ગોવાલણી ત્યાંથી જઈ રહી હતી. તેણે આ જોયું. તે દોડતી ગામમાં ગઈ અને ગામલોકોને બોલાવી લાવી. લોકોએ તે અજગરને માર્યો, શ્રીકૃષ્ણાનંદજીને અજગરની ભીંસમાંથી બચાવ્યા, ત્યારે તેમનું ધ્યાન છૂટ્યું. મરેલા અજગરને જોઈને તેમને ઘણું દુઃખ થયું. જમાતના સાધુઓને આની ખબર પડવાથી તેઓ ત્યાં આવ્યા અને તેમને પાછા જમાતમાં લઈ ગયા. આ બનાવથી તેમના ડાબા પગની અડધી આંગળી નાશ પામી હતી.

પરમ તત્ત્વની આવી સાધના કરી અખંડ તેજ મેળવી સિદ્ધિ ઉપર પહોંચ્યા અને જીવન્મુક્ત બન્યા.

સ્વામી શ્રીકૃષ્ણાનંદજી પરમ તત્ત્વ મેળવી ખૂબ વ્યાકુળ રહેતા. તેઓ રાત્રિના સમયે ધ્યાનાવસ્થામાં બેસતા, ત્યારે તેમની આગળપાછળ નજીક વાઘ અને સિંહ આવીને બેસતા અને વહેલી સવારે જંગલમાં ચાલ્યા જતા. એક વખત જમાતના સાધુઓએ આ દૃશ્ય જોયું. તેથી તેઓ ગભરાઈ ગયા, ત્યારે શ્રીકૃષ્ણાનંદજીએ સાધુઓને પ્રેમથી સમજાવ્યા. પ્રભુ પ્રત્યેક આત્મામાં વસેલો છે. તેથી તેમનાથી ડરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેઓ

જ્યાં સુધી જમાતમાં રહ્યા, ત્યાં સુધી વાઘ અને સિંહ ત્યાં આવતા.

યોગવિદ્યામાં શ્રીકૃષ્ણાનંદજી એટલા બધા પારંગત બન્યા હતા કે તેઓ પૃથ્વીથી ૧૦ ફૂટ ઉપર ઊંચે રહી શકતા. મહાન યોગીને આવું સામર્થ્ય સ્વાભાવિક હોય છે. એક વખત ત્યાંના મહારાજા શ્રીકૃષ્ણાનંદજી સ્વામીનાં દર્શન કરવા અને પૂજા કરવા જમાતમાં આવ્યા. વિધિવત્ તેમની પૂજા કર્યા પછી મહારાજાએ શ્રીકૃષ્ણાનંદજીને શાલ ઓઢાડી. શ્રીકૃષ્ણાનંદજીએ હસતાં હસતાં તે શાલ ધૂણીમાં નાખી દીધી. જોતજોતામાં કીમતી શાલ રાખ બની ગઈ. આ જોઈ આસપાસના લોકો ભયભીત થયા. તેઓ કંઈ પણ બોલી શક્યા નહિ. આ ઘટનાના બેત્રણ દિવસ પછી, શ્રીકૃષ્ણાનંદજી સ્વામીની કસોટી કરવાના હેતુથી મહારાજાનો વજીર તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, ‘માલિક, મહારાજાએ આપને જે શાલ આપી હતી તે પાછી આપો. મહારાજ આપને આનાથી પણ વધારે કીમતી શાલ આપવા માગે છે.’ આ સાંભળી શ્રીકૃષ્ણાનંદજી હસવા લાગ્યા અને કહેવા લાગ્યા, ‘અરે ઓ વજીર ! તું અમારી પરીક્ષા લેવા આવ્યો છે ! લે આ શાલ !’ એમ કહીને ચીપિયા વડે ધૂણીમાંથી શાલ કાઢીને આપી. વજીર આ જોઈ નવાઈ પામ્યો અને શરમિંદો બન્યો, તેમની ક્ષમા માગી અને પગે લાગ્યો.

શ્રીકૃષ્ણાનંદજી સ્વામી યોગવિદ્યામાં પારંગત બન્યા. હઠયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ તથા સમાધિયોગમાં તેમણે સિદ્ધિ મેળવી હતી. તેઓ પોતે શિવના અવતાર હતા. તેમણે શિવને હરડા, બ્રહ્માને બહેડા અને વિષ્ણુને આંબળાની ઉપમા આપી. આ ત્રણે ઔષધ હરડા, બહેડા અને આંબળાના મિશ્રણથી જેમ રોગમુક્તિ મેળવી શકાય છે, તેમ આ સંસારના રાગદ્વેષાદિ રોગોમાંથી

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની કૃપાથી મુક્તિ મેળવી શકાય છે. યોગવિદ્યામાં પારંગત બની તેઓએ રિદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરી, પરમહંસ પદને પામ્યા.

તેઓએ અમૂલ્ય ગ્રંથોની સંસ્કૃત ભાષામાં રચના કરી. તેમાં 'સપ્તશતી' ગ્રંથ મુખ્ય છે. આ ગ્રંથોની રચના જોઈ તેમના ગુરુ શ્રીગૌરીશંકર મહારાજ ખૂબ પ્રભાવિત બન્યા. તેમણે ગુરુદેવની આજ્ઞાથી એક 'શ્રીયંત્ર' પણ બનાવ્યું હતું. તેમણે બીજા અનેક ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખ્યા હતા, પરંતુ તે આજે ઉપલબ્ધ નથી. તેઓએ નર્મદાની સ્તુતિના પણ અનેક શ્લોકો સંસ્કૃતમાં રચ્યા હતા.

તેઓ સંગીતના અદ્વિતીય વિદ્વાન હતા. નર્મદાજીના તટ ઉપર સાયંકાળે તેઓ શાંત વાતાવરણમાં સુરીલા રાગમાં ગાતા હતા. ક્યારેક સવારના બ્રાહ્મમુહૂર્તમાં સ્તોત્રાવલી, સૂક્તાવલીનું મધુર ગાન સપ્ત સ્વરોમાં કરતા હતા. તેઓ પોતાની મસ્તીમાં ગાતા. એમના કંઠે શ્લોકો સાંભળવા એ પણ એક લહાવો હતો. જમાતના સાધુસંતો પણ કલાકોના કલાકો સુધી તેમનું સંગીત ધ્યાનથી સાંભળતા અને તન્મય બનતા. આમ, શ્રીકૃષ્ણાનંદજી સંગીત-શાસ્ત્રમાં પણ નિષ્ણાત હતા.

જમાતનો બધો કાર્યભાર તેમણે શ્રીનર્મદાજીને સોંપ્યો. ફરીથી તેઓ ઓમકારેશ્વરના જંગલમાં તપ કરવા ચાલ્યા ગયા. ત્યાં તેઓ સમાધિમાં લીન બન્યા. ત્યાં એક દિવસ સાપે તેમને દંશ દીધો. આખા શરીરમાં ઝેર ફેલાઈ ગયું. શરીર કાળું પડી ગયું અને નિષ્પ્રાણ બન્યુ. જમાતના સાધુસંતો તેમને શોધવા માટે જંગલમાં ઘૂમ્યા. ત્યાં તેમના પાર્થિવ દેહને ચેતનહીન જોયો. આ દુઃખદ સમાચાર ચારેબાજુ વાયુવેગે ફેલાયા. છેવટે તેમના પાર્થિવ શરીરને જમાતના મહંત શ્રીનર્મદાનંદજીએ સજળ આંખોથી,

દુ:ખભર્યા હૃદયે મા નર્મદામાં વિસર્જિત કર્યો. શ્રીકૃષ્ણાનંદજી સ્વામીજીનું શરીર છૂટ્યું, પણ એ તેમની બાહ્ય લીલા જ હતી. તેમણે આ અવતારમાં સાધુજીવન સમાપ્ત કરી, યોગની ઊંચી ભૂમિકામાં સિદ્ધિ મેળવી અને પરમહંસ પદ પ્રાપ્ત કર્યું.

## ૬. શ્રીરામફલ રૂપે પ્રાગટ્ય

શ્રીકૃષ્ણાનંદજી સ્વર્ગવાસ પામ્યા, તે બધાંએ નજરોનજર જોયું, પરંતુ તે તો માત્ર તેમની લીલા હતી. શ્રીકૃષ્ણાનંદજી સ્વરૂપે તેમનો સાધકજીવ સમાપ્ત થયો હતો. જેમાં તેઓએ અતિ ઉચ્ચ પ્રકારની યોગસાધના અને કઠિન તપ કર્યું હતું. હવે તેઓ ફરીથી પ્રગટ થયા. આ અવતારમાં તેઓ રામફલ તરીકે ઓળખાયા. બાળકો તેમને દાદાજી તરીકે ઓળખતા. તેમનો આ અવતાર ઈ.સ. ૧૮૯૨માં ઉન્મત્ત અને પિશાચવત્ અવસ્થાનો હતો. તેઓ નર્મદાતટ ઉપર હોશંગાબાદમાં પ્રગટ થયા.

શ્રીરામફલના આ અવતારમાં પાગલની માફક, બાળકોના જેવું તેમનું વર્તન હતું. આ તેમનો લોકરંજક અને લોકવ્યંજક માટેનો અવતાર હતો. તેઓનાં કાર્યો ચમત્કારોથી ભરેલાં હતાં. તેઓ હંમેશાં નગ્ન દશામાં રહેતા હતા. તો કોઈક વખત લંગોટ પણ ધારણ કરતા. હોશંગાબાદ સ્ટેશનની પાસે એક પુલ ઉપર તેઓ બેસતા. એમનો રંગ શામળો અને ઊંચાઈ લગભગ સાડા પાંચ ફૂટથી ઉપરની હતી. અવાજ ઘોઘરો હતો. દાઢી કોઈક વખત રાખતા, તો કોઈક વખત મૂંડાવી નાખતા. તેઓ નર્મદા નદીમાં કલાકો સુધી તરતા પડી રહેતા. હાથમાં કાળું માટલું રાખતા. જેમાં પૈસા માગી ભેગા કરી રખતા અને ધૂન આવે તો નર્મદા નદીમાં પૈસા પધરાવી દેતા. તેમનું રહેવાનું સ્થળ કોકસરમાં શ્રીગૌરીશંકર મહારાજની સમાધિ પાસે નિર્જન

જગ્યામાં હતું. કોઈક વખત તેઓ હસતા જ રહેતા, તો કોઈક સમયે એકલા મોટે મોટેથી વાતો કરતા-બબડ્યા કરતા. કોઈક વખત ગંભીર મુદ્રામાં વિચારતા જોવા મળતા. તો કોઈક વખત સડક ઉપર ધ્યાનાવસ્થામાં બેઠેલા જોવા મળતા. બાળકો તેમને પાગલ માની તેમની મશ્કરી કરતા, પણ બાળકો માટે તેમને લગાવ-પ્રેમ હતો. બાળકો સાથે પ્રેમ કરતા. તેમને ગમતી વસ્તુઓ અપાવતા. શરૂઆતમાં લોકો પણ તેમને પાગલ માનતા, પણ જેમ જેમ તેમના ચમત્કારોનો અનુભવ લોકોને થયો, તેમ તેમ તેઓની નજર ખૂલી. અને તેમની મહત્તા જોઈને તેમને ઉચ્ચ કોટિના અવતારી પુરુષ માનવા લાગ્યા, તેમની ચરણરજ લઈ ઇચ્છિત ફળ પ્રાપ્ત કરવા લાગ્યા. આ અવતારમાં તેઓ લોકોનાં દુ:ખ દૂર કરવા માટે પ્રગટ થયા હતા.

બાળકો માટે તો તેઓ એક મનોરંજનનું સાધન બની ચૂક્યા હતા. શ્રીરામફલ દાદાજીને પણ બાળકો સાથે ખૂબ મઝા પડતી. તેઓ બાળકોને મીઠાઈવાળાની દુકાને લઈ જતા. અને પોતાના હાથે બાળકોને મીઠાઈ ખવડાવતા. એક દિવસ તેઓ બજારમાં ફરતા હતા. બાળકોનું ટોળું તેમની આસપાસ ઘૂમતું હતું. તે બજારમાં મીઠાઈવાળાની દુકાન હતી. તે મીઠાઈવાળાની દુકાને શ્રીરામફલ દાદાજી ઊભા રહ્યા. થોડોક સમય કંઈક વિચારવા લાગ્યા અને પછી થોડીક વારમાં જ દુકાનમાંથી મીઠાઈનો થાળ ઊંચકી, બાળકો પાસે આવી તેમને આપ્યો. બાળકો ખુશ થઈને મીઠાઈ ખાવા લાગ્યા. લોકો પણ ચૂપચાપ આ તમાશો જોવા લાગ્યા. તેમની સામે થવાની કોઈની હિંમત ન હતી. બિચારો મીઠાઈવાળો શ્રીરામફલ દાદાજીના પગે પડી વિનંતી કરવા લાગ્યો અને કહેવા લાગ્યો, ‘દાદાજી, હું બહુ ગરીબ છું. મને ખૂબ જ

નુકસાન થયું છે. આ નુકસાની હું કેવી રીતે ભોગવી શકીશ ?' આ સાંભળી શ્રીરામફલ દાદાજી જોર જોરથી હસવા લાગ્યા અને તેને કહેવા લાગ્યા, 'જે કંઈ મીઠાઈનું બીલ થયું હોય તે મારા મુકામે આવીને લઈ જજે.' લોકો આ સાંભળી વિચારવા લાગ્યા કે દાદાજી આના પૈસા ક્યાંથી લાવશે ? એમની પાસે તો ફૂટી કોડી પણ નથી. તેમના વચન ઉપર લોકોને વિશ્વાસ ન આવ્યો અને માંહોમાંહે ચર્ચા કરવા લાગ્યા, પરંતુ બીજે દિવસે મીઠાઈવાળો તેને જેટલું નુકસાન થયું હતું તેનું બીલ લઈ દાદાજી પાસે ગયો. ત્યાં શ્રીરામફલ દાદાજીએ તેને પૂછ્યું, 'મીઠાઈનું બીલ કેટલું થયું છે ?' પરંતુ મીઠાઈવાળો તો ગભરાયો, કંઈ બોલી શક્યો નહિ, કારણ કે તેને પોતાને જે નુકસાન થયું હતું, તેનાથી વધારે રકમનું બીલ તેણે બનાવ્યું હતું. આ જોઈ શ્રીરામફલ દાદાજી હસતાં હસતાં બોલ્યા, 'સારું, પેલા પથ્થરની નીચેથી પૈસા લઈ જા.' એમ કહી એક પથ્થર તરફ તેમણે ઈશારો કર્યો. મીઠાઈવાળો એ પથ્થર પાસે ગયો. પથ્થર ઊંચકીને પૈસા લીધા અને ગણ્યા તો તે રકમ તેણે જે પ્રમાણે બીલ બનાવ્યું હતું તેટલી જ હતી. આ જોઈ તેને નવાઈ લાગી. આ પ્રસંગ પછી બાળકો પણ તેમની આસપાસ વધારે સમય રહેવા લાગ્યા. જ્યારે તેમને શ્રીરામફલ દાદાજી મીઠાઈ ખવડાવતા ત્યારે મીઠાઈવાળો શ્રીરામફલ દાદાજી પાસેથી પૈસા લઈ આવતો. અને દર વખતે તેના બીલ પ્રમાણે જ રકમ મળતી. લોકોને પણ હવે ખ્યાલ આવ્યો કે શ્રીરામફલ દાદાજી એ સામાન્ય જીવ નથી, પાગલ માનવી નથી, પરંતુ તે સિદ્ધ પુરુષ છે. લોકો શ્રદ્ધાથી તેમની પૂજા કરવા લાગ્યા.

એક દિવસ એક ગરીબ વિદ્યાર્થી ઘરમાં તેલનો પ્રબંધ ન થવાથી દીવો પ્રગાટવી શક્યો ન હતો. તેથી, સડક ઉપર

મ્યુનિસિપાલિટીના દીવાના પ્રકાશમાં પુસ્તક વાંચી રહ્યો હતો. રાત ખૂબ જ વીતી ચૂકી હતી. એટલામાં પહેરો ભરનાર એક પોલીસ આ વિદ્યાર્થી બાળકને ચોર કે બદમાશ છે એમ માની પકડીને પોલીસ ચોકીએ લઈ ગયો. ત્યાં તેને ખૂબ જ માર્યો અને ઓરડીમાં પૂરી દીધો. બીજે દિવસે બાળકોના પ્યારા લાડીલા શ્રીરામફલ દાદાજીને આ વાતની ખબર પડી. આ સાંભળીને તેઓ ગુસ્સે થયા. તેમની આંખો લાલચોળ બની. તરત જ એક દુકાનમાંથી એક મોટો દંડો લીધો. અને સડક ઉપર જેટલી મ્યુનિસિપાલિટીની લાઈટો હતી તે બધી લાઈટો તોડી નાખી. શહેરની લગભગ બધી જ લાઈટો તેમણે તોડી નાખી. આથી, પોલીસ અધિકારીએ તેમને પકડીને જેલમાં પૂરી દીધા. જેવા તેમને જેલમાં પૂરી પોલીસ અધિકારી બહાર આવ્યા, તો તેમણે શ્રીરામફલ દાદાજીને હાથમાં દંડો લઈને બહાર હસતાં ઊભેલા જોયા. તરત જ તે જેલમાં જોવા ગયા તો ત્યાં પણ તે પ્રમાણે હસતાં ઊભેલા શ્રીરામફલ દાદાજીને જોયા. પોલીસ અધિકારી આ જોઈ ગભરાઈ ગયા. અને તરત જ તેમને અને પેલા ગરીબ વિદ્યાર્થીને મુક્ત કર્યા. અને હવે પછી શહેરમાં કોઈ ધાંધલધમાલ, ઉપદ્રવ ન કરવા માટે વિનંતી કરવા લાગ્યા, ત્યારે શ્રીરામફલ દાદાજી કહેવા લાગ્યા, 'અરે ! દંડા વિના રાજ કેવી રીતે ચાલશે ?' ત્યારથી શ્રીરામફલ દાદાજી એક દંડો હાથમાં રાખવા લાગ્યા.

હવે તો હોશંગાબાદના લોકો ઉપરાંત, આસપાસના ગામના લોકો પણ તેમને ચમત્કારી અવતારી પુરુષ તરીકે ઓળખવા લાગ્યા. તેમનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. હોશંગાબાદના રેલવે સ્ટેશનની નજીક પુલ પાસે જ તેઓ રહેતા હતા. તેથી, ફરતાં ફરતાં તેઓ એક વખત હોશંગાબાદના સ્ટેશને આવી પહોંચ્યા. ત્યાં

હોશંગાબાદથી ઇટારસી જવા માટેની એક રેલગાડી ઊભી હતી. સીટી વાગતાં જ ગાડી ચાલવાની તૈયારીમાં હતી. શ્રીરામફલ દાદાજી આવીને તે રેલગાડીમાં બેઠા અને એકદમ બન્ને હાથની મુઠ્ઠી જોરથી બંધ કરી. મોંમાંથી ઠપ-ઠપ-ઠપ શબ્દ બોલવા લાગ્યા. અને મુઠ્ઠી વાળેલા બન્ને હાથને પોતાની તરફ જોર જોરથી ખેંચવા લાગ્યા. જાણે કે કોઈ ઍંજિનમાં તેઓ બેઠા હોય અને પોતે બ્રેક લગાવી રહ્યા હોય ! તે જ સમયે ગાડી ચાલતી હતી, તે ઊભી રહી ગઈ. આથી, ડ્રાઈવર, કંડક્ટર બધા નીચે ઊતરી ઍંજિનમાં શું ખરાબી છે તે તપાસવા લાગ્યા. પણ ઍંજિનમાં ક્યાંય ખરાબી ન હતી. આ બાજુ શ્રીરામફલ દાદાજી આ લોકોને હેરાન થતા જોઈ પોતે હસી રહ્યા હતા. જે લોકો શ્રીરામફલ દાદાજીને ઓળખતા હતા તેઓને ખ્યાલ આવી ગયો કે આ શ્રીરામફલ દાદાજીની જ કરામત છે. તેથી, તેઓ ઍંજિન ડ્રાઈવર પાસે ગયા. તેમને શ્રીરામફલ દાદાજીની શક્તિ વિશે વાત કરી. એટલે ઍંજિન ડ્રાઈવરે તેમની માફી માગી અને પગે લાગ્યો, ત્યારે શ્રીરામફલ દાદાજી જોર જોરથી હસવા લાગ્યા. ફરીથી પોતાના બન્ને હાથની મુઠ્ઠીઓ બંધ કરી મુખથી ભક્-ભક્ અવાજ કરવા લાગ્યા. પછી જાણે કે બ્રેક છોડતા હોય તેમ હાથની મુઠ્ઠીઓ ઢીલી કરી. આ પછી ઍંજિન ડ્રાઈવરે ઍંજિન ચાલુ કર્યું, તો ગાડી તરત જ ચાલવા લાગી.

હોશંગાબાદના રેલવે સ્ટેશન પાસેના પુલ પાસે તેઓ એક દિવસ બેઠા હતા. તેઓ ત્યાંથી પસાર થતી ગોવાલણો પાસે વારંવાર દૂધ, દહીં માગ્યા કરતા. કોઈ ગોવાલણ તરત જ આપી દેતી, તો કોઈક વળી તેમને પાગલ કહીને ના પાડતી. એક વખત તેમને દહીં ખાવાની ઇચ્છા થઈ. તેમણે ગોવાલણ પાસે માગ્યું, પરંતુ તેની પાસે હતું નહિ, એટલે ના પાડી. અને તેમને

પાગલ સમજી, ગાળો બોલી ત્યાંથી ચાલી ગઈ. એટલે શ્રીરામફલ દાદાજીએ પોતાનો હાથ વીસ ફૂટ લાંબો કર્યો, ગોવાલણના માથા ઉપરથી મટકી ખેંચી લીધી. આથી, ગોવાલણ પાછળ ફરીને જુએ છે તો તેણે મોટો લાંબો હાથ જોયો. તે તો ગભરાઈ ગઈ. અને આ કોઈ ભૂત છે એમ સમજી 'મને બચાવો, મને બચાવો' એમ બોલતી બોલતી મદદ માટે દોડીને ભાગી. આ બાજુ શ્રીરામફલ દાદાજી મટકી હાથમાં લઈ, તેમાંથી દહીં કાઢી ખાઈ રહ્યા હતા. જાણે કે શ્રીકૃષ્ણ દહીં ખાઈ રહ્યા હોય તેવો આનંદ તેમના મુખ ઉપર છવાયો હતો. શ્રીરામફલ દાદાજીના કલ્યાણકારી ચરિત્રમાં આ પ્રસંગ અણિમા સિદ્ધિનો હતો.

શ્રીરામફલ દાદાજી નગ્ન અવસ્થામાં રહેતા હતા. તે જોઈ એક નાસ્તિક જિલ્લા અધિકારીએ તેમની વિરુદ્ધ ફરિયાદ કરી તેમને જેલમાં પુરાવી દીધા. આથી, શ્રીરામફલ દાદાજી ગુસ્સે થઈ દૃઢતાપૂર્વક બોલ્યા, 'હે જિલ્લા અધિકારી ! કાલ સવાર સુધી તું અહીં જોવા મળીશ નહિ !' ખરેખર, બીજા દિવસે તેની બદલીનો તાર આવ્યો. આ સમાચાર સાંભળી બધાં વિસ્મય પામ્યાં. જિલ્લા અધિકારી સાથે મુખ્ય અધિકારીઓની પણ બદલી તાર દ્વારા જણાવવામાં આવી હતી. આ સાંભળી તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. જિલ્લા અધિકારી શ્રીરામફલ દાદાજીની સામે હાથ જોડી ઊભા રહ્યા, તેમની માફી માગી, તેમનું પૂજન કર્યું, અને પસ્તાવાનાં આંસુ સાથે દાદાજીને તેમણે કહ્યું, 'મને ક્ષમા આપો, મેં આપને ખૂબ જ દુઃખ આપ્યું છે. આપ તો મારા પિતા તુલ્ય છો. મારા હિતૈષી છો. હું તમારાં ચરણોમાં મારું માથું મૂકી પ્રણામ કરું છું.' આ સાંભળી હસતાં હસતાં દાદાજી ત્યાંથી ચાલ્યા ગયા. તેમની અંતર્યામી શક્તિ સર્વ જાણી ગયા હતા.

એક વખત મકડાઈ સ્ટેટના પટવારી તેમની પાસે ગયા. તેમનો નગ્ન દેહ જોઈ એક કીમતી શાલ પટવારીએ તેમને ઓઢાડી. થોડાક સમય પછી તેમણે તે શાલ એક ગધેડાને ઓઢાડી દીધી. આ જોઈ પટવારીને દુઃખ થયું. તે મનમાં વિચારવા લાગ્યા કે આ તો ગાંડો માણસ છે. મેં તેમને શાલ વ્યર્થ ઓઢાડી. શ્રીરામફલ દાદાજી તેના મનની વાત જાણી ગયા. અને તેને તેના જીવનની બધી વિગતો જણાવી. આથી, પટવારી મનમાં ખૂબ જ લજ્જિત બન્યા. અને શ્રીરામફલ દાદાજીની ક્ષમા માગી ત્યાંથી ચાલ્યા ગયા.

આ પ્રમાણે હોશંગાબાદમાં શ્રીરામફલ દાદાજી અને અલૌકિક લીલાઓ કરી, ચમત્કાર કરી લોકોનાં દુઃખ દૂર કરતા, પરંતુ ઘણા લોકો તેમને પાગલ સમજતા, તેમની મશ્કરી કરતા, તેમનું અપમાન કરતા, પરંતુ તેમને આ બાબતની કોઈ ચિંતા ન હતી. તેની પરવા કરતા નહિ. તેને મનમાં લેતા પણ નહિ.

## ૭. શ્રીરામફલ દાદાજીનું નિધન અને પુનઃપ્રાગટ્ય

શ્રીરામફલ દાદાજી ફરતાં ફરતાં એક દિવસ હોશંગાબાદ શહેરની મધ્યમાં આવેલા એક કૂવાની પાસે ગયા. તેઓ ત્યાં ઊભા રહ્યા અને વિચારવા લાગ્યા. થોડાક સમય પછી તેઓએ કૂવામાં ઓચિંતો જ ભૂસકો માર્યો. તેમને કૂવામાં પડતા જોઈ આસપાસના લોકોએ શોરબકોર કર્યો. તરત જ મોટી સંખ્યામાં લોકો ભેગા થયા. પોલીસ પણ ત્યાં ટૂંક સમયમાં આવી પહોંચી. લોકોની મદદથી પોલીસે તેમને કૂવામાંથી બહાર કાઢ્યા, ત્યારે તેમનું શરીર ઠંડું થઈ ગયું હતું. પોલીસે પંચનામું કર્યું. તેમાં લખવામાં આવ્યું. 'પાગલ મસ્તરામ, ફક્કડ, અલમસ્ત શ્રીરામફલ દાદાજી કૂવામાં પડીને મરી ગયા. અને જંગલમાં લઈ જઈને

તેમના શરીરને ખાડો ખોદી, ધાર્મિક વિધિપૂર્વક દાટી દેવામાં આવ્યું.' તેમના આકસ્મિક મૃત્યુથી હોશંગાબાદ શહેરમાં શોક છવાઈ ગયો. લોકો તેમને યાદ કરી તેમની સ્મૃતિમાં પ્રેમનાં આંસુ વહેવડાવવા લાગ્યા.

આ પ્રસંગના કેટલાક દિવસ પછી સુહાગપુરની પાસે ઈમલિયા નામના જંગલમાં શ્રીરામફલ દાદાજી ફરીથી પ્રગટ થયા. તેઓ આ જંગલમાં એક વૃક્ષ નીચે હંમેશાં બેસી રહેતા. તેમની પાસે ધૂણી ધખેલી રહેતી. શ્રીરામફલ દાદાજીનું સ્વરૂપ જોઈ લોકો નવાઈ પામ્યા. તેમના માથા ઉપર જટા વધેલી હતી. દાઢીમૂછ પણ વધી ગઈ હતી. તેમનું શરીર નગ્ન અવસ્થામાં હતું. આ જોઈ લોકોને ખ્યાલ આવી ગયો કે હોશંગાબાદ શહેરમાં રહેતા આ શ્રીરામફલ દાદાજી જ છે. જેમને મૃત્યુ પામેલા માની લોકોએ જંગલમાં દાટી દીધા હતા. આ તેમની અલૌકિક લીલા જ છે એમ માની લોકો તેમના પ્રગટ સ્વરૂપનું પૂજન કરવા લાગ્યા.

આ પ્રમાણે તેઓ કેટલોક સમય જંગલમાં રહ્યા, પરંતુ લોકોએ તેમને ખૂબ જ વિનંતી કરી, પ્રાર્થના કરી એટલે તેઓ લોકોના આગ્રહને માન આપી નરસિંહપુરમાં આવી, પ્રેમદાસજીના ઘરે રહ્યા. અહીં આવતા પહેલાં તેઓ ખાંડ નામની નદીને કિનારે પણ રહ્યા હતા. તેમાં તેઓ નિત્ય સ્નાન કરતા અને ધ્યાન ધરતા. પ્રેમદાસજી કબીર પંથી સાધુ હતા. તેઓ શ્રીરામફલ દાદાજીના ભક્ત હતા. શ્રીરામફલ દાદાજી પણ તેમને ખૂબ ચાહતા હતા. પ્રેમદાસજી એમ સમજતા કે મારે ઘેર એક મહાન સંતપુરુષ પધાર્યા છે, તેથી, પ્રેમથી તેમની સેવાચાકરી કરતા. એક દિવસ શ્રીરામફલ દાદાજીએ પ્રેમદાસજીને પૂછ્યું, 'તમે સેવક છો, મારી સેવા કરો છો, છતાં આટલી બધી ગરીબાઈ તમારે ત્યાં કેમ છે ?

તમે મોટું દેવું માથે ધારણ કરી જીવન પસાર કરો છો. ફક્ત રોટલા મેળવવાની જ આશા કેમ રાખો છો ? દેવું ચૂકવવા માટે કેમ કંઈ કરતા નથી ?' આ સાંભળી પ્રેમદાસજી ગળગળા બની ગયા. એટલે શ્રીરામફલ દાદાજીએ તેમને પાસે બોલાવી કહ્યું, 'તું નર્મદામૈયાની પાસે જા. મારું નામ જણાવજે અને એક સૂપડું ભરીને રેતી લઈ આવ.' શ્રીરામફલ દાદાજીની પ્રેમભરી મધુર વાણી સાંભળી પ્રેમદાસજી નરસિંહપુરથી દસબાર માઈલ દૂર નર્મદા નદીના બ્રાહ્મણઘાટ પાસે પહોંચ્યા. તેમાં સ્નાન કર્યું, ભક્તિભાવથી નર્મદામૈયાને પ્રણામ કર્યા. દાદાજીનો સંદેશો કહી, તેમના નામનો ઉચ્ચાર કરી, સૂપડું ભરી રેતી લઈને રાતના પાછા ફર્યા. શ્રીરામફલ દાદાજીનાં ચરણમાં સૂપડું ભરેલી રેતી મૂકી અને પગે લાગ્યા. નર્મદામૈયાની રેતી ભરેલું સૂપડું જોઈ શ્રીરામફલ દાદાજી પ્રસન્ન થયા. તે સૂપડાની રેતીને ઉપર નીચે પોતાના કમળ જેવા કોમળ હાથોથી સ્પર્શ કરવા લાગ્યા. તે રેતીને તેમણે ઉપર નીચે કરી, મનમાં કંઈક મંત્રો ગણગણવા લાગ્યા. ધીમે ધીમે તે રેતીમાંથી સોનાની મુદ્રાઓ બની. શ્રીરામફલ દાદાજીએ બધી સોનાની મુદ્રાઓ પ્રેમદાસજીને આપી, આજ્ઞા કરી કે આની મદદથી તમે તમારું દેવું ચૂકવી દો. આથી, પ્રેમદાસજી ખૂબ ખુશ થયા અને આનંદથી પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યા. આ રીતે સંસારનું ઋણ પ્રેમદાસજીએ શ્રીરામફલ દાસજીની મદદથી ચૂકવ્યું, પણ શ્રીરામફલ દાદાજીનું ઋણ પ્રેમદાસજીએ સાચા હૃદયથી, પ્રેમથી તેમની સેવા કરીને ચૂકવ્યું. શ્રીરામફલ દાદાજી તેમની સેવા અને પ્રેમ જોઈ બોલ્યા, 'જે મને ભજે છે, તેનો હું ઉદ્ધાર કરું છું, પણ જેને મારામાં પ્રેમ નથી, મારી સેવા કરતો નથી, તેને હું ટાળું છું.'

એક વખત નરસિંહપુરમાં રહેતા સદાશિવરામ છોટે નામના માણસે શ્રીરામફલ દાદાજીની વર્તણૂક જોઈ ડેપ્યુટી કમિશનરને ફરિયાદ કરી કે 'શ્રીરામફલ દાદાજી સાધુ નથી, પણ પાગલ માણસ છે.' ડેપ્યુટી કમિશનર એક અંગ્રેજ હતા. તેમણે સદાશિવરામની ફરિયાદ સાચી માની અને શ્રીરામફલ દાદાજીને પાગલખાનામાં મોકલી આપ્યા. ત્યાં તેમને બેત્રણ દિવસ રાખવામાં આવ્યા. આનું પરિણામ એ આવ્યું કે સદાશિવરામનો પુત્ર જે વિલાયત ભણતો હતો, તે ભણીને બૅરિસ્ટર બની પાછો આવ્યો અને તરત જ અચાનક મરી ગયો. સદાશિવરામને પણ તાવ લાગુ પડ્યો અને દુઃખી દુઃખી થઈ ગયો. ધન વગરનો બની ગયો. શ્રીરામફલ દાદાજીની અવજ્ઞા કરવાથી તેને ખરાબ ફળ ભોગવવું પડ્યું. આથી, તે શ્રીરામફલ દાદાજીની પાસે ગયો. તેમને મુક્ત કર્યા અને ખૂબ જ વિનંતી કરી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. આથી, શ્રીરામફલ દાદાજીએ તેને કહ્યું કે 'કોઈ સાધુસંતોની અવજ્ઞા કરવી નહિ. તેમને હેરાન કરવા નહિ.' અંગ્રેજ ડેપ્યુટી કમિશનરની પણ બદલી થઈ ગઈ. તે બન્નેની બૂરી દશા જોઈ શ્રીરામફલ દાદાજી પણ દુઃખી થયા. ભક્તોના દુઃખે દુઃખી અને તેમના સુખે સુખી, એવા શ્રીરામફલ દાદાજી હતા.

તેમના ભક્તોએ ગુરુપૂર્ણિમાના દિવસે બ્રાહ્મણઘાટ ઉપર નર્મદા નદીને કિનારે ગુરુપૂજન કરવાનું નક્કી કર્યું. આ શુભદિને તેમના ભક્તો શ્રીરામફલ દાદાજીને ગુરુપદે સ્થાપી ગુરુમંત્ર લેવા તૈયાર થયા હતા. બ્રાહ્મણઘાટ ઉપર બધાં સ્નાન કરી રહ્યાં હતાં અને મજાકમસ્તીમાં ડૂબેલાં હતાં, તે સમયે શ્રીરામફલ દાદાજી પણ નર્મદામૈયાનાં જળમાં સ્નાન કરવા લાગ્યા. મનમાં મંત્રો ગણગણવા લાગ્યા. તેઓ સ્નાન કરતાં કરતાં કોઈ વખત જોર જોરથી હસતા

હતા. તે પછી નર્મદા નદીનાં જળમાં ઊભા રહી લગભગ દસેક લિટર જેટલું પાણી પી ગયા. આ જોઈ ભક્તો માનવા લાગ્યા કે શ્રીરામફલ દાદાજી કોઈક લીલા કરી રહ્યા છે ! તેમને ખૂબ જ ઊલટી થઈ અને એ પોતે મોટેથી બોલવા લાગ્યા, 'હું સમાધિ લઉં છું.' એમ બોલી, નર્મદામૈયામાં તેમણે દેહમાંથી મુક્તિ મેળવી. તેમનું શરીર તણાવા લાગ્યું. આથી, ભક્તોએ તેમને નર્મદામૈયામાંથી બહાર કાઢ્યા, ત્યારે તેમનું શરીર બિલકુલ ઠંડું પડી ગયું હતું.

આ પ્રસંગથી ભક્તજનોની આશાઓ ઉપર પાણી ફરી વળ્યું. તેઓ જે ઉદ્દેશ લઈને આવ્યા હતા તે નષ્ટ પામ્યો. તેમની ખુશી દુઃખમાં ફેરવાઈ ગઈ. ભક્તો શોકમગ્ન બન્યા. આખું વાતાવરણ શોકમય થઈ ગયું. આવા પ્રસંગની કલ્પના પણ ન હતી. તેથી, બધાં હતાશ થયાં. પોલીસને ખબર આપી, તે પણ બ્રાહ્મણઘાટ ઉપર આવી પહોંચી. હોશંગાબાદના પ્રસંગના અનુભવથી પોલીસ પણ હવે શંકાશીલ બની હતી. શ્રીરામફલ દાદાજી ફરીથી જીવિત ન થાય, તે અંગે શ્રીરામફલ દાદાજીના શબને ત્રણ દિવસ સુધી જેમનું તેમ તપાસ માટે રહેવા દીધું. ત્રણ દિવસ પછી જ્યારે પોલીસોને પૂર્ણ વિશ્વાસ બેઠો કે ખરેખર શ્રીરામફલ દાદાજી અવસાન પામ્યા છે, એટલે પંચકેસ કરવામાં આવ્યો. તેમાં લખવામાં આવ્યું કે 'શ્રીરામફલ દાદાજીને બ્રાહ્મણઘાટ ઉપર કૉલેરા થઈ ગયો હતો. તેથી, કૉલેરાના રોગથી તેઓ અવસાન પામ્યા છે. પંચનામું કરીને તેમને દફનાવવાની આજ્ઞા આપવામાં આવે છે.' તે પછી તેમના મૃતદેહને ભક્તોને સોંપવામાં આવ્યો. ભક્તોએ તે જ સ્થળે શ્રીરામફલ દાદાજીના મૃત દેહને ભૂમિ સમાધિ આપી. ધરતીને તેમનો દેહ અર્પણ કરી દીધો.

## ૮. સાંઈખેડામાં શ્રીકેશવાનંદજીનું પ્રાગટ્ય

શ્રીરામફલ દાદાજીના નિધન પછી ભક્તો પોતાનો સમય તેમનું સ્મરણ કરતાં કરતાં પસાર કરી રહ્યા હતા. અને તેમનાં દર્શન ફરીથી થશે એવી આશાથી જીવી રહ્યા હતા. ભક્તોને પૂરેપૂરો વિશ્વાસ હતો કે તેમના વહાલા ભક્તોનાં દુઃખ દૂર કરવા માટે તેઓ ફરીથી અવશ્ય પ્રગટ થશે. અને સાચે જ બન્યું પણ એવું. ભક્તોનાં શ્રદ્ધા અને વિશ્વાસ સાચાં પડ્યાં. ખાંડોન નામના ગામની પાસે એક ગીચ જંગલ હતું. ત્યાં એક વૃક્ષની નીચે ધૂણી ધખાવીને શ્રીકેશવાનંદજી બેઠા હતા. તેમની જટા ઘણી લાંબી હતી. એક લંગોટી પહેરીને ત્યાં બેઠેલા. ત્યાંથી પસાર થતા લોકોએ જોયા. ભક્તોને આ વાતની ખબર પડતાં જ તેમનાં દર્શન કરવા દોડી ગયા. ત્યાં ઘણો સમય શ્રીકેશવાનંદજી રહ્યા. ભક્તોની વ્યથા, દુઃખ સાંભળતા અને તેનું નિવારણ કરતા. પરંતુ જંગલમાં જવા આવવાની મુશ્કેલી ભક્તોને પડતી અને જંગલમાં સગવડ ન હોવાથી, ભક્તોએ તેમને ખૂબ જ વિનંતી કરી, એટલે તેમની વિનંતી માન્ય રાખી, પાસે આવેલ સિરસોરી સંદૂક નામના ગામમાં એક પટેલના વાડામાં રહેવા લાગ્યા. ત્યાં લોકોને વિશેષ રૂપમાં સહાયતા કરવા લાગ્યા. તેમનું આ સ્વરૂપ લોકરંજક અને લોકરક્ષક હતું. આ પ્રકારે તેઓ તુમડા, ખંડોન અને ભાંડોન જેવાં ગામોમાં કેટલાક દિવસો રહ્યા.

ત્યાં એક લંગડો નોકર હતો. તે ચાલી શકતો ન હતો. એક દિવસ એક કૂતરો ત્યાં આવ્યો. તે શ્રીદાદાજીની આસપાસ ફર્યા કરતો હતો. પછી તે કૂતરો લંગડા સેવક પાસે ઊભો રહ્યો. શ્રીદાદાજીને કૂતરાની આ ક્રિયાથી ખૂબ ગુસ્સો આવ્યો. તેમણે લંગડા

સેવકને કહ્યું, 'હાથમાં દંડો લઈને કૂતરાને ભગાડ. જા દોડ.' આ સાંભળી લંગડો સેવક ક્રોધે ભરાયો. તે કૂતરાની પાછળ દંડો લઈને બન્ને પગે દોડવા લાગ્યો. આ વાતથી લોકો નવાઈ પામ્યા. જે ચાલી શકતો ન હતો, તેને શ્રીદાદાજી મહારાજે બન્ને પગે દોડતો કર્યો. આ શ્રીધૂણીવાળા દાદાજી-શ્રીકેશવાનંદજીની લીલા હતી.

એક આંધળી વાછરડીની સાથે શ્રીદાદાજી રમતા હતા, તેને પંપાળતા હતા, વહાલ કરતા હતા. વાછરડી પણ તેમને પ્રેમથી ચાટતી હતી. તેમની પાછળ દોડતી હતી. અને શ્રીદાદાજી જ્યાં જાય ત્યાં તેમની પાછળ પાછળ જતી. એક દિવસ શ્રીદાદાજી મહારાજે તેની આંખો ઉપર પ્રેમથી હાથ ફેરવ્યો અને તે દેખતી થઈ ગઈ. મૂંગા પશુ તરફ શ્રીદાદાજીને ખૂબ પ્રેમ હતો.

એક વખત એક પક્ષીને પથ્થર મારી એક બાળકે મારી નાખ્યું. આ જોઈ શ્રીદાદાજીને ખૂબ દુઃખ થયું. તે તેમની પાસે ગયા. મરેલા પક્ષીને ઊંચક્યું. તેની ઉપર શ્રીદાદાજીએ પોતાનો પ્રેમાળ હાથ ફેરવ્યો. તે પંખીમાં પ્રાણ પાછો આવ્યો. અને તે ખુશ થઈ ઊડી ગયું. શ્રીદાદાજી પંખી ઉપર પણ દયાભાવ રાખતા હતા.

એક દિવસ શ્રીદાદાજી સિરસિરી સંદૂક ગામના રસ્તા ઉપર બેસી કંઈક કરી રહ્યા હતા. ત્યાં અનાજ ભરેલી એકસો ટ્રકો ત્યાંથી પસાર થતી હતી. રસ્તામાં શ્રીદાદાજીને પહેલી ટ્રકવાળા ડ્રાઈવરે બેઠેલા જોયા. હૉર્ન વગાડ્યાં, પણ ત્યાંથી તે હઠ્યા નહિ. એટલે તે ડ્રાઈવર નીચે ઊતર્યો. તેણે બીજા ડ્રાઈવરો સાથે મસલત કરી. અને ચારપાંચ ડ્રાઈવરોએ ભેગા થઈ તેમને ઊંચકીને બાજુ ઉપર મૂકવા માટે પ્રયત્ન કર્યો, પરંતુ તેમનો તે પ્રયત્ન વ્યર્થ ગયો. પછી ફરીથી પંદરવીસ ડ્રાઈવરો ભેગા મળી તેમને ઉઠાવવા

લાગ્યા, તોપણ તેમને ઉઠાવી શક્યા નહિ. છેવટે બધા ડ્રાઈવરો ગુસ્સે થયા અને તેમને ઉઠાડવા આવ્યા, એટલે તેઓ પોતે ઊઠીને દૂર જઈ ઊભા રહ્યા અને ગુસ્સાથી બોલવા લાગ્યા, 'હું જોઉં છું કે હવે તમારી ટ્રકો કેવી રીતે આગળ વધે છે !', બધા ડ્રાઈવરો પોતાની ટ્રક ચલાવવા લાગ્યા, પણ તે જરા પણ હાલી શકી નહિ. એટલે ટ્રકને ધક્કો મારી ચલાવવાની કોશિશ કરી, તોપણ તે હાલી નહિ. એટલે તેઓ ગામમાં પૈસાદાર વેપારી પાસે ગયા. તેણે બીજા માણસો તેમની મદદમાં મોકલ્યા, તોપણ તેઓ કંઈ જ કરી શક્યા નહિ. એટલે ફરીથી તે પૈસાદાર વેપારી પાસે આવ્યા. તે વેપારીએ પૂછ્યું કે 'શું બીના બની છે ?' ત્યારે તેમણે સાચી વાત જણાવી કે રસ્તામાં બેઠેલા એક પાગલ માનવીનું અમોએ અપમાન કર્યું છે. એટલે તે વેપારી સમજી ગયો કે આ તો શ્રીદાદાજીની જ લીલા છે. તે તેમની સાથે ગયો. શ્રીદાદાજીને ખૂબ જ વિનંતી કરી, એટલે તેઓએ ફરમાવ્યું, 'જાઓ, હવે તમારી ગાડીઓ હંકારો.' બધા ડ્રાઈવરોએ તે પ્રમાણે કર્યું, તો અનાજ ભરેલી બધી ટ્રકો સરળતાથી ચાલવા લાગી. શ્રીદાદાજી ફરીથી બોલ્યા, 'જાઓ, હવે તમારો વાળ પણ વાંકો થવાનો નથી.' આ રીતે શ્રીદાદાજી અહંકારીને સજા કરતા, પછી તેમની નમ્રતા જોઈ આશીર્વાદ પણ આપતા.

સિરસિરી સંદૂક ગામમાં કેટલોક સમય શ્રીદાદાજી રહ્યા. ઈ.સ. ૧૯૦૭માં તે તુમડા ગામ અને ભાંડોન ગામના લોકોનાં દુઃખો દૂર કરી સિરસિરી સંદૂક ગામમાં પાછા આવ્યા. ત્યાં થોડાક માઈલ દૂર સાંઈખેડા ગામ વસેલું છે. તે સમયે સાંઈખેડા ગામમાં શીતળાનો રોગ ફેલાયેલો હતો. લોકો આ રોગમાં મોટી સંખ્યામાં મરી રહ્યા હતા. સાંઈખેડામાં ધનવાન વેપારી

શિવલાલ અને મિઠ્ઠુલાલ રહેતા હતા. સિરસિરી સંદૂક ગામમાં રહેતા મુરલીધર ધનવાન વેપારીના તેઓ સગાં હતાં. શિવલાલના દીકરાને શીતળાનો રોગ લાગુ પડ્યો. તેઓએ ઘણા ડૉક્ટરોની દવા કરી, પણ આ અસાધ્ય રોગ કાબૂમાં આવ્યો નહિ. સિરસિરી સંદૂક ગામના ધનવાન વેપારી મુરલીધર, શિવલાલના પુત્રની ખબર કાઢવા આવ્યા. તેમણે શ્રીદાદાજીની મહાનતા વિશે વાત કરી. એટલે તેમના પુત્રને શ્રીદાદાજી પાસે લઈ જવા કહ્યું. તેમની વાત સાંભળી તેમના પુત્રને ઝોળીમાં નાખી, ઘણી મોટી સંખ્યામાં ગામલોકોને પોતાની સાથે લઈ, સિરસિરી સંદૂક ગામમાં તેઓ આવ્યા.

આ બાજુ શ્રીદાદાજી સવારથી જ રટ લગાવીને બેઠા હતા કે 'આજ હું સાંઈખેડા પટેલની સાથે જઈશ.' શ્રીદાદાજીની આ વાત સાંભળી બધાં નવાઈ પામ્યાં, કારણ કે સાંઈખેડામાં તો ભયાનક રોગચાળો ચાલતો હતો, ત્યાં જવું મુશ્કેલ હતું. ત્યાં તો સાંઈખેડાના શિવલાલ પટેલ ગામલોકોને લઈ શ્રીદાદાજી પાસે આવ્યા. ત્યારે શ્રીદાદાજી એકદમ દોડીને શિવલાલના મોટા ભાઈ મિઠ્ઠુલાલ પાસે પહોંચી ગયા અને તેમને કહ્યું, 'હું તમારી સાથે સાંઈખેડા આવું છું.' સિરસિરી સંદૂક ગામના લોકોને હવે ખ્યાલ આવ્યો કે શ્રીદાદાજી સાંઈખેડા જવાની રટ સવારથી કેમ કરતા હતા. શ્રીદાદાજી અંતર્યામી હતા. તેઓ પોતાના ભક્તનું દુઃખ સમજી લેતા હતા. અને પોતાના ભક્તોને મદદ કરવા માટે દોડી જતા હતા. તેમને માટે તેઓ વ્યાકુળ બનતા.

શ્રીદાદાજી આ રીતે ઈ.સ. ૧૯૨૦માં વૈશાખ સુદ તેરસે સાંઈખેડા ગામમાં આવ્યા. સાંઈખેડા ગામ એવું પવિત્ર ગામ છે કે જ્યાં મદનાનંદ સ્વામી, મગનીનંદ સ્વામી, નરહરિયાનંદ

સ્વામી જેવા મહાન તપસ્વી સંતો થઈ ગયા. આ સાંઈખેડા દૂધી નદીને કિનારે વસેલું છે. દૂધી નદી શ્રીઅંજનીમાતા (હનુમાનજીનાં માતા)ની શક્તિથી પ્રગટ થયેલી છે. તેનું પાણી દૂધ જેવું સફેદ છે. એટલે તે દૂધી નદી તરીકે ઓળખાય છે. આવા પવિત્ર તીર્થસ્થળે શ્રીકેશવાનંદજી આવીને વસ્યા. તેઓ શ્રીધૂણીવાળા દાદાજી તરીકે પણ જાણીતા બન્યા, કારણ કે તેઓ જે સ્થળે બેસતા ત્યાં અખંડ ધૂણી ધખતી રહેતી હતી. શ્રીદાદાજી જે સ્થળે રહેતા તે સ્થળ શિવલાલ પટેલનો વાડો હતો.

શ્રીદાદાજી સાંઈખેડા આવ્યા છે તેવી ખબર ગામલોકોને પડી. એટલે પ્રસાદ, નારિયેળ, ફૂલમાળા વગેરે લઈ લોકો ત્યાં આવવા લાગ્યા. એક ગરીબ અને ઘરડી સ્ત્રી પણ શ્રીદાદાજીનાં દર્શન કરવા માટે ત્યાં આવી. તે પોતાની સાથે ઘઉંની રોટલી અને ચણાનું શાક લઈને આવી હતી. શ્રીદાદાજીએ તેની પાસેથી તે લઈ લીધું અને પટેલના ઘરમાં ગયા. ત્યાં તેમનો માંદો પુત્ર સૂતો હતો. આ ઘઉંની રોટલી અને ચણાનું શાક તેને ખવડાવવા લાગ્યા. આ જોઈ ઘરના સભ્યો ગભરાયા, કારણ કે ડૉક્ટરોએ તેને બિલકુલ ખાવા ન આપવા કહેલું, પરંતુ આનું પરિણામ એ આવ્યું કે થોડાક સમયમાં પટેલનો પુત્ર સાજો થવા લાગ્યો. અને તેનો અસાધ્ય રોગ નાશ પામ્યો. આ નજરોનજર જોયેલ પ્રસંગથી લોકોમાં શ્રદ્ધા ખૂબ જ વધી અને શ્રીદાદાજીના પરમ ભક્ત બન્યા.

પછી શ્રીદાદાજી જીજીબાઈના ખંડેર મકાનમાં રહેવા લાગ્યા. ત્યાં નગ્ન અવસ્થામાં રહેતા. ચટણી, રોટલો અને ખીચડી જેવો સાદો ખોરાક લેતા. પોતાની પાસે ધૂણી ધખાવી રાખતા અને હાથમાં એક દંડો રાખતા. આકડાની માળા ધારણ કરતા. કપાળે ભસ્મની આરચા કરતા. માથું મૂંડાવેલું રાખતા. લોકો

તેમને 'પહેલવાન બાબા' તરીકે પણ ઓળખતા. સાંઈખેડામાં તેઓ શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી તરીકે ઓળખાવા લાગ્યા. અહીં તેમનું અસલી સ્વરૂપ તેમણે પ્રગટ કર્યું. તેમની જીવંત કઠોર સાધના આગલા અવતારોમાં પૂરી થઈ ચૂકી હતી. હવે જનતા જનાર્દનની સેવા કરવી એ જ તેમની સાધના બની ચૂકી હતી. દીનદુઃખિયાઓની સેવા કરવી, તેમનાં દુઃખો દૂર કરવાં, અસહાયને મદદ કરવી, નિઃસંતાનને પુત્ર અર્પણ કરવા, ગરીબોને અન્નદાન અને ધનદાન આપવું વગેરે સેવાનાં કામો તે આ અવતારમાં કરવા લાગ્યા. હજારોની સંખ્યામાં ત્યાં લોકો આવવા લાગ્યા. તેઓ ચપટી ભરી ભસ્મ ધૂણીમાંથી આપતા કે ભક્તોએ અર્પણ કરેલાં શ્રીફળનો પ્રસાદ આપતા. કેટલીક વખત લોકો ઉપર ગુસ્સો કરી દંડો ઉગામી ભગાડતા. તો કોઈક વખત પોતે ધ્યાનમાં લાગી જતાં અને ઊંડા ચિંતનમાં જતાં સમાધિમાં લીન બનતાં. આ રીતે સાંઈખેડામાં તેમનું જીવન વ્યતીત થવા લાગ્યું.

## ૯. શ્રીદાદાજીની ઉન્મત્ત અવસ્થા

સાંઈખેડામાં ભક્તોના જીવનનું પરિવર્તન કરવા માટે શ્રીકેશવાનંદજી સાંઈખેડામાં આવી રહેવા લાગ્યા. તેમના અવતારનાં વિવિધ સ્વરૂપો જાણવા મળ્યાં. શરૂઆતમાં માતૃપ્રેમથી વંચિત રામસેવક, શ્રીગૌરીશંકર મહારાજના પ્રિય શિષ્ય 'માધવ', જમાતના મહંત શ્રીનર્મદાનરેશ 'સ્વામી શ્રીકૃષ્ણાનંદજી મહારાજ'ના સ્વરૂપે તેઓનો અવતાર જાણવા મળ્યો. બીજો અવતાર તે હોશંગાબાદની જનતાને પોતાની પાછળ પાગલ બનાવનાર 'શ્રીરામફલ દાદાજી'નો હતો. ત્યાર પછી તેમનો નવો અવતાર સોહાગપુર-નરસિંહપુરમાં લીલા કરનાર

લીલાધારી અવધૂત તરીકે ‘સ્વામી રામફલ મહારાજ’નો હતો. છેલ્લે સાંઈખેડામાં આવીને ‘શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી’ નામે ઓળખાયા. આમ, બહુવિધ અવતારો ધારણ કરી તેઓ સાંઈખેડામાં સ્થિર થયા.

શરૂઆતમાં શિવલાલ પટેલને ત્યાં ખુલ્લી જગ્યામાં રહ્યા. ત્યાર પછી તેમનાં બહેન જીજીબાઈને ત્યાં તેમના ઘરની સામે વાડામાં રહેતા. આ સમય તેમની ઉન્મત્ત અવસ્થાનો હતો. તેઓ આસપાસના સ્થળે ક્યાંય સુધી રખડ્યા કરતા. જે કંઈ ખાવાનું મળે તે ખાઈ લેતા. મનમાં જેમ વિચારો આવે તેમ બોલ્યા કરતા-બબડ્યા કરતા, કોઈની પાસેથી જબરજસ્તીથી ચીજવસ્તુઓ છીનવી લેતા. કોઈક વખત કોઈના મકાનની છત ઉપર ચડી જતા. નારિયેળી ઉપર ચડી નારિયેળ તોડતા, તો કોઈને છૂટા હાથે મારતા પણ ખરા. કોઈ તેમને રોકવા માટે પ્રયત્ન કરતા, તો પોતાના દિવ્ય દંડાથી તેને ફટકારતા. કોઈક વખત જીજીબાઈની ગાયો ચરાવવા માટે વગડામાં જતા, અને બરાબર ગણીને પાછી લાવતા. પશુપંખીની દેખભાળ રાખતા. તેની સાથે ગેલ કરતા, પ્રેમથી, વહાલથી હાથ ફેરવતા. તેમના દરબાર પાસે કોઈ માણસ ઊભો હોય, તો તેને ઈંટ કે પથ્થર મારતા. નજીક હોય તો તેને ચીપિયો પણ મારતા. કોઈ ભક્ત ભેટ લઈને આવ્યો હોય, તો તેની ભેટ લઈ છૂટી ફેંકી દેતા, અથવા તો ધૂણીમાં નાખી દેતા. તેને પણ મારતા. પ્રસન્ન હોય તો તે લાવેલી ભેટ લોકોમાં વહેંચી દેતા. આવું તેમનું વિચિત્ર વર્તન જોઈ લોકો મૂંઝવણમાં પડતા. તેમની આ ઉન્મત્ત અવસ્થા તેમના અવતારી જીવનની છેલ્લી અવસ્થા હતી.

જીજીબાઈના ઘરઆંગણે એક મોટું વૃક્ષ હતું. તેની નીચે

શ્રીદાદાજી બેસતા. અને ઘણી વખત જોર જોરથી બોલતા, ‘હું શંકર છું, હું શંકર છું.’ આવું રટણ કરી પાછા જોર જોરથી હસવા લાગતા. બીભત્સ શબ્દો ઘણી વખત ઉચ્ચારતા. આપણે સાંભળી પણ ન શકીએ તેવી ગાળો બોલતા. ઘણી વખત એકલા એકલા બોલતા, જે કંઈ ભવિષ્યમાં બનવાનું હોય તે ઉચ્ચારતા, જે અજ્ઞાની લોકો સમજી શકતા ન હતા. તેમના શબ્દોનું રહસ્ય સમજવું અઘરું હતું. તેમનું વર્તન અને કાર્ય ગૂઢ હતાં.

એક વખત શ્રીદાદાજીના હાથે કોઈ એવું કાર્ય થયું કે તેમના તે કાર્યથી જીજીબાઈને ઘણો ગુસ્સો આવ્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં શ્રીદાદાજીને જીજીબાઈ મારવા લાગ્યાં. શ્રીદાદાજી પોતે તો અલમસ્ત શરીર ધરાવતા હતા, તોપણ તેમણે જીજીબાઈના હાથનો માર ચૂપચાપ ખાઈ લીધો અને શાંતિથી હસવા લાગ્યા. તે દિવસે જીજીબાઈ રાત્રે પોતાના પલંગ ઉપર ઊંઘી ગયાં, ત્યારે એકાએક એમનો પલંગ હાલવા લાગ્યો. શરૂઆતમાં ઊંઘમાં જીજીબાઈને આની ખબર પડી નહિ, પરંતુ કેટલાક સમય પછી પલંગ ફરીથી જોરજોરથી હાલવા લાગ્યો, એટલે જીજીબાઈ ગભરાઈ ગયાં. પછી તેમને ખ્યાલ આવ્યો કે આ તો શ્રીદાદાજીની જ લીલા છે, એટલે ઊઠીને દોડતાં તેમની પાસે પહોંચી ગયાં. અને તેમની માફી માગવા લાગ્યાં. તે પછી તેમને શાંતિ થઈ. શ્રીદાદાજી તો હસતા જ હતા. આ દિવસથી જીજીબાઈ તેમને સાક્ષાત્ શંકરનો અવતાર માનવા લાગ્યાં અને નિત્ય તેમની સેવાપૂજા કરવા લાગ્યાં.

જીજીબાઈના ઘરની પાસે શંકર ભગવાનનું મંદિર હતું. જીજીબાઈ રોજ મંદિરમાં જતાં. શંકર ભગવાનની પૂજા કરતાં. એક દિવસ શ્રીદાદાજી તે મંદિરમાં ગયા. શિવલિંગ ઉપર જઈને

બેસી ગયા. જીજીબાઈ શંકર ભગવાનની પૂજા કરવા માટે ત્યાં ગયાં. તેમણે મંદિરમાં જોયું તો શ્રીદાદાજી શંકર ભગવાનના લિંગ ઉપર બેઠા હતા. આથી, જીજીબાઈ ખૂબ ગુસ્સે થયાં. થોડાક સમય પછી જોયું તો શ્રીદાદાજી શંકર ભગવાનના સ્વરૂપે ત્યાં બેઠેલા હતા. જીજીબાઈએ શ્રીદાદાજીનાં શંકર સ્વરૂપે દર્શન કર્યાં અને તેમની પૂજા કરી, ત્યારથી જીજીબાઈને શ્રદ્ધા અને વિશ્વાસ બેઠાં કે શ્રીદાદાજી શંકર ભગવાનના જ અવતાર છે.

કેટલોક સમય જીજીબાઈના ઘરઆંગણે શ્રીદાદાજી રહ્યા. પછી સાંઈખેડામાં હાલમાં જે જૂની-પુરાણી ઓરડી આવેલી છે, ત્યાં શ્રીદાદાજી રહ્યા. તે ઓરડી પણ શિવલાલ પટેલની જ હતી. તે જૂની-પુરાણી ખંડેર જેવી ઓરડી હતી. કોઈ તેનું ધ્યાન રાખતું ન હતું. ત્યાં એક ચબૂતરો હતો. તે ચબૂતરાની ઉપર જઈ તેઓ બેસતા. તેમની ઘરવખરીમાં એકાદ ફાટેલી કાંબળી, આઠદસ ઈંટોના ટુકડા, એકબે ચીપિયા, દિવ્ય દંડો, ફૂલોના હારનો ઢગલો, શ્રીફળનો ઢગલો, તેમ જ બાજુમાં પાણીનું એક માટલું હતાં. આ તેમનો ખજાનો હતો. તેઓની આગળ એક ધૂણી ધગધગતી હતી. કાયમ દિગંબર અવસ્થામાં રહેતા. ગળામાં આકડાની માળા ધારણ કરતા. તેમ છતાં પોતે બાદશાહ હોય તેવા ઠાઠમાઠથી રહેતા હોય તેવું જણાતું. સાંઈખેડામાં રહ્યા ત્યાં સુધી આ સ્થાનને છોડી તેઓ બીજે ક્યાંય ગયા ન હતા. ચબૂતરાની સામે એક સ્તંભ-ખંભો હતો તેને અઢેલીને તેઓ બેસતા, તેની પૂજા આજે સિંદૂર લગાડીને તેમના ભક્તો કરે છે.

આ સ્થાન ઉપર તેઓ લગાતાર કેટલાંય વર્ષો સુધી રહ્યા, પણ આસપાસના રહેતા લોકોએ તેમને કોઈ દિવસ સ્નાન કરતા જોયા ન હતા. તેમ છતાં તેમનું શરીર હંમેશાં સ્વસ્છ

દેખાતું. ગંદીગોબરી ચામડી જોવા મળતી ન હતી. તેઓને કોઈએ ખાતા પણ જોયા નથી, તેમ જ મુખ પણ સાફ કરતા જોયા નથી. શ્રીદાદાજી શૌચ કે પેશાબ કરવા માટે બીજી જગ્યાએ જતા ન હતા, પણ તે સ્થળે જ શૌચ કે પેશાબ કરતા. તેમ છતાં તે સ્થાનમાં દુર્ગંધ આવતી ન હતી. અસ્વચ્છતા પણ જોવા મળતી ન હતી. હંમેશાં તે સ્થાન પવિત્ર જ જણાતું અને તેનું વાતાવરણ જાણે દેવોની આભાથી ઊભરાતું હોય તેવું અનુભવાતું. આ જોઈને જે તે જમાનાના તેમના ભક્તોએ તેમના વિશેના ભજનમાં તેમનું વર્ણન કર્યું છે.

**'કોઈક વાર મારવું, ગાળો દેવી, આ તમારો ધંધો દાદા,**
**ન્હાતા ધોતા કદી પણ ન જોયા, નિર્મળ જેવા ચાંદ દાદા,**
**ચાલો ચાલો રે ભાઈબહેનો,**
**ધૂણીવાળાને જોવા, દંડાવાળાને જોવા.'**

આ ઓરડીમાં શ્રીદાદાજીએ પોતાની જાતે જ છત બનાવી. જે આજે પણ સુરક્ષિત જોવા મળે છે. આ ઓરડીની છતમાં જે દીવાબત્તીઓ લગાવેલી છે, તે પૂજ્ય શ્રીદાદાજીના હાથે લગાડેલી છે. આવા પવિત્ર સ્થાનનાં દર્શન કરવા, તેના વાતાવરણને સ્પર્શવું, અનુભવવું, તેમના ભક્તો માટે ધન્ય તીર્થધામ બન્યું છે.

## ૧૦. સુખદાતા શ્રીદાદાજી

શ્રીદાદાજી પાસે જે દુઃખી ભક્તો આવતા, તેમની વાત પોતે અંતર્યામી હોવાથી જાણી લેતા. તેમનાં દુઃખો દૂર કરવામાં જ તેમને આનંદ આવતો. પછી તે દુઃખ આર્થિક, સામાજિક કે અસહ્ય રોગનું હોય.

ગુલરિયા નામના એક ધનિક વેપારી હતા. તે શ્રીદાદાજી

પાસે સાંઈખેડા આવ્યા. તે ઘણા દિવાસ ત્યાં રહ્યા. તેણે શ્રીદાદાજીને પૂછ્યું, 'હું એવો તો કયો ધંધો કરું કે જેથી મારું દળદર ફીટે ?' શ્રીદાદાજીએ તરત જ કહ્યું, 'તું ગુલાબ લાવી, તેને વેચવાનો ધંધો કર.' તે જબલપુર જઈ ગુલાબ વેચવાનો ધંધો કરવા લાગ્યા. થોડાક સમયમાં જ ગુલાબની કિંમત ખૂબ વધી જવાથી તેને ચાર લાખ રૂપિયાનો નફો થયો. આ ચાર લાખ રૂપિયા લઈ ગુલરિયા શેઠ સાંઈખેડા શ્રીદાદાજી પાસે આવ્યા. અને પોતાની હકીકત જણાવી તેમને પૂછ્યું, 'હું તમારી કઈ રીતે સેવા કરું ?' ત્યારે શ્રીદાદાજીએ તેને આદેશ આપ્યો, 'એક લાખ રૂપિયાની ધર્મશાળા બનાવ.' ગુલરિયા શેઠે શ્રીદાદાજીના આદેશને માન્ય રાખી, સાંઈખેડામાં ધર્મશાળા બંધાવી, જે આજે પણ ગુલરિયા શેઠની ધર્મશાળાના નામે ઓળખાય છે. આ રીતે શ્રીદાદાજી ભક્તો પાસે સારાં કાર્યો કરાવતા.

ગોપીકિશન નત્થાની રાયપુરમાં ચોખાનો વેપાર કરનાર એક મોટા વેપારી હતા. તેમણે ચાળીસ હજારની ચોખાની ગૂણો જહાજ દ્વારા પરદેશમાં મોકલી હતી, પરંતુ જહાજ દરિયાનાં પાણીમાં ડૂબી ગયું. તેથી, પોતાને મોટું નુકસાન થવાથી, તે દુઃખ દૂર કરવા માટે તે શ્રીદાદાજી પાસે સાંઈખેડા આવ્યા. શ્રીદાદાજીને પગે લાગી વિનંતી કરતા દુઃખી અવાજે તેમણે કહ્યું, 'ચાળીસ હજાર રૂપિયાની ચોખા ભરેલી ગૂણોવાળું જહાજ દરિયામાં ડૂબી ગયું છે. આજની સરકારે નુકસાની પેટે મને કંઈ જ આપ્યું નથી. તેથી, હું પોતે દેવાદાર થઈ ગયો છું. મારું આટલું દુઃખ આપ દૂર કરો.' તેની વિનંતી સાંભળી શ્રીદાદાજી બોલ્યા, 'મને અત્યંત અનીતિ પસંદ નથી. તને તારી નુકસાની મળી જશે.' અને અવળ વાણીમાં બોલ્યા, 'તારી જેવી ભાવના હશે, તેવું થશે.' તે

ગોપીકિશન ઘરે પહોંચ્યા ત્યારે તેમની નુકસાનીની રકમ તેમને મળી ગઈ હતી. આ શ્રીદાદાજીની કૃપા છે એમ સમજી શ્રીદાદાજીના સ્થાનક પાસે એક ધર્મશાળા બંધાવી.

એક વખત મોહનદાસ કરમચંદ ગાંધી (ગાંધીજી), મોતીલાલ નહેરુ, મદનમોહન માલવિયાજી, મોહમ્મદ અલી, શૌકત અલી, જવાહરલાલ નહેરુ જેવા ધુરંધરો ભારત દેશના સ્વરાજ માટેની પૂછપરછ કરવા માટે સાંઈખેડા આવ્યા. સિદ્ધ મહાન અવતારી પુરુષ શ્રીદાદાજીને પ્રણામ કર્યા. અને ભારતમાતાને સ્વતંત્રતા મેળવવા માટે શ્રીદાદાજીના આશીર્વાદ માગતા કહ્યું, 'દાદાજી, અમોને સ્વરાજ અપાવો.' આ સાંભળી શ્રીદાદાજીએ કહ્યું, 'તમો નાલાયક છો.' કોઈ કંઈ બોલ્યું નહિ. થોડાક સમય પછી મોતીલાલ નહેરુ બોલ્યા, 'અમને તમારી વાણી પ્રિય છે.' એટલે જવાહરલાલ નહેરુ સામે અંગુલીનિર્દેશ કરી કહ્યું, 'આ લાયક પુત્ર છે.' આ પછી તે બધા દેશનેતાઓ ત્યાંથી પાછા ફર્યા, પણ હોશંગાબાદમાં જ્યારે 'ધૂણીવાળા રાયટ કેસ' ચાલતો હતો, અને શ્રીહરિહરાનંદ દાદાજી ત્યાં હતા, ત્યારે પંડિત જવાહરલાલ નહેરુ તેમની પાસે આવ્યા હતા. તે સમયે શ્રીહરિહરાનંદજીએ પંડિતજીને કહ્યું, 'તમો બધા ભેગા થઈને મથો. હું જાણું છું કે તમને બધાને સ્વરાજ મેળવવામાં સફળતા મળશે. જ્યારે સ્વરાજનું અમૃત પ્રાપ્ત થશે ત્યારે તેની પહેલાં શંકરને વિષપાન કરવું પડશે.' તેમની નિર્મળ વાણી સાંભળી પંડિત જવાહરલાલ નહેરુનો ઉત્સાહ ખૂબ વધ્યો. આમ, જવાહરલાલ નહેરુને બન્ને દાદાજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. માતૃભૂમિ ભારતમાતાને આઝાદ કરવાની કીર્તિ મળી, તેમ જ લાખો લોકોના લાડીલા બન્યા.

શ્રીદાદાજીની પ્રસિદ્ધિ સાંભળી તેમનાં દર્શન કરવા માટે એક અંગ્રેજ ગવર્નર સાંઈખેડા આવ્યા. સરકારી પોલીસની મદદથી ત્યાં ભીડ હતી, તે દૂર કરવામાં આવી. તે મોટા રસાલા સાથે આવ્યા હતા. શ્રીદાદાજી ઓરડીમાં બેઠા હતા. તેમણે તેના હાથમાંથી લાકડી માગી લીધી. પછી હૅટ માંગી. અને પોતે માથે પહેરી. અંગ્રેજ ગવર્નરને હાથે તેનો કોટ ઊતરાવી પોતે પહેર્યો. શ્રીદાદાજીનો કોટ અને હૅટ પહેરેલો ફોટો ખંડવામાં આજે પણ જોવા મળે છે. તે પછી અંગ્રેજ ગવર્નરને એક ઘડો પાણી કૂવામાંથી લાવવા માટે કહ્યું. અંગ્રેજ ગવર્નરે શ્રીદાદાજીના કહ્યા પ્રમાણે કર્યું. તેમનો નોકર અંગ્રેજ ગવર્નર સાથે ઘડો ઊંચકવા ગયો. અને પાણી લાવવા માટે કહ્યું, ત્યારે અંગ્રેજ ગવર્નરે તેને જવાબ આપ્યો, ‘આ તો અમારા ઈશ્વર છે. હું ઘડો જાતે ભરીને લાવીશ. આ સંત અમારા સાહેબ છે.’ જ્યારે અંગ્રેજ ગવર્નર પાણી ભરી ઘડો લઈ આવ્યા અને શ્રીદાદાજીનાં ચરણમાં રાખ્યો ત્યારે શ્રીદાદાજીએ તે ઘડામાં ચીપિયા વડે કાણું પાડ્યું અને તેમાંથી નીકળતું પાણી તે પીવા લાગ્યા. પછી અંગ્રેજ ગવર્નરને તેમણે કહ્યું, ‘તમે તો મોટા સાહેબ છો, વિલાયત ચાલ્યા જાવ.’ ખરેખર તે પછી તે અંગ્રેજ ગવર્નરને પ્રમોશન મળ્યું અને કાયમ માટે વિલાયતમાં રહ્યા, પરંતુ શ્રીદાદાજીને ભૂલ્યા નહિ.

ચૌધરી વિશ્વનાથસિંહજી અલ્હાબાદમાં રહેતા હતા. તેઓ મોટા જમીનદાર હતા. તેમની પાસે ચારસોથી પાંચસો ગામો જમીનદારીમાં હતાં. તેથી, તેઓ પૈસાપાત્ર હતા. અલ્હાબાદના મોટા ખાનદાન ગૃહસ્થ ગણાતા હતા, પરંતુ નનિહાલનાં ૩૦૦ ગામોમાં ઝઘડો ઊભો થતાં તેનો કેસ અલ્હાબાદની કોર્ટમાં ચાલતો હતો. હાઈકોર્ટમાં તેઓ કેસ હારી ગયા એટલે તેમણે વિલાયતમાં

અપીલ કરી. તે પછી તેઓ સાધુસંતોના આશીર્વાદ લેવા માટે જુદાં જુદાં સ્થળે જતાં. અલ્હાબાદ પાસે જૂસી ગામમાં કાલી-કમલીવાળા બાબા રહેતા હતા. તેઓ તેમની પાસે ગયા. તેમણે હોમ-હવન કરાવ્યા. તે જમીનદારના માથામાં કાલી કમલીવાળા બાબાએ ચીપિયો મારી, તેમના માથામાંથી લોહી કાઢી, હવનમાં તે હોમ્યું, તોપણ જમીનદારની ઈચ્છા પૂર્ણ થઈ નહિ. એટલે કાલીકમલીવાળા બાબાએ જમીનદારને સાંઈખેડા શ્રીધૂણીવાળા દાદાજી પાસે જવાની સલાહ આપી કહ્યું કે ‘તમારો કેસ શ્રીદાદાજી જિતાડી આપશે, માટે તેમની પાસે જાવ.’ તેમની સલાહથી જમીનદાર અને કાલીકમલીવાળા બાબા બન્ને શ્રીદાદાજી પાસે સાંઈખેડા આવ્યા. શ્રીદાદાજીને તેમણે બનેલી હકીકત કહી, ખૂબ વિનંતી કરી, પ્રાર્થના કરી. એટલે શ્રીદાદાજીએ તે બન્નેને છોટે દાદાજી પાસે મોકલ્યા અને કહ્યું, ‘તમારું આ કામ છોટે દાદાજી કરી આપશે.’ આથી, તેઓ છોટે દાદાજી પાસે પહોંચ્યા. તેમણે સઘળી વાત છોટે દાદાજીને કહી. એટલે છોટે દાદાજી આશીર્વાદ આપતા બોલ્યા, ‘જાઓ, તમારો વિજય થશે.’ આ પછી તેઓ અલ્હાબાદ પાછા આવ્યા, ત્યારે વિલાયતથી મુકદમો જીત્યાનો પત્ર તેમને મળ્યો. હવે તેઓ ૭૫૦ ગામોના જમીનદાર બન્યા. એટલે તેઓ ખુશી વ્યક્ત કરવા માટે પોતાના પરિવાર સાથે શ્રીદાદાજીના દરબારમાં સાંઈખેડા ફરીથી આવ્યા. તેમણે એક મોટર, સોળ હજાર રૂપિયા અને પાંચ હજાર મુદ્રાઓ શ્રીદાદાજીને સમર્પણ કરી, પરંતુ શ્રીદાદાજીએ તેની સામે જોયું સુધ્ધાં નહિ. ચારપાંચ દિવસ ત્યાં રહ્યા પણ શ્રીદાદાજી પૈસાને અડક્યા પણ નહિ. એટલે ચૌધરી સાહેબે તે પૈસા છોટે દાદાજીના આસન નીચે મૂકી દીધા અને ઉપર ગાદી મૂકી દીધી. છોટે દાદાજી જ્યારે

ગાદી ઉપર બેઠા ત્યારે તેમને કંઈક ખૂંચતું જણાયું. તપાસ કરી તો માલૂમ પડ્યું કે ચલણી નાણું છે. તેથી, તેમણે તે રૂપિયા અને મુદ્રાઓ ગરીબોમાં વહેંચી દીધી. મોટર તેમની પાસે રાખી. આજે પણ તે મોટર ખંડવામાં જોવા મળે છે.

## ૧૧. જીવનદાતા શ્રીદાદાજી

ચાર વર્ષનો એક બાળક ક્ષય રોગથી પીડાતો હતો. ડૉક્ટર અને વૈદ્યની ઘણી દવા કરી, પરંતુ તેને કોઈ અસર થઈ નહિ. બધાંએ તેના જીવવાની આશા છોડી દીધી, પરંતુ શ્રીદાદાજીની કીર્તિ સાંભળી, શ્રદ્ધાથી તેનાં માતાપિતા તે બાળક ગિરજાનંદને લઈને સાંઈખેડા આવ્યાં. સાંઈખેડા આવતાં પહેલાં રસ્તામાં તે બાળક ગિરજાનંદનું મૃત્યુ થયું. મૃત્યુ પામેલા બાળકને જોઈ માતાપિતા રડવા લાગ્યાં. તેમની સાથે બાળક ગિરજાનંદનાં દાદાદાદી પણ હતાં. તેમને શ્રીદાદાજીમાં અખૂટ વિશ્વાસ અને શ્રદ્ધા હતાં. તેથી, તેઓ સમજાવવા લાગ્યાં કે શ્રીદાદાજી ગિરજાનંદને જરૂરથી જીવતદાન આપશે. તેથી, મૃત બાળકને લઈ તેઓ ગાડરવાડાથી સાંઈખેડા વહેલી સવારે પહોંચી ગયાં, પરંતુ તે સમયે શ્રીદાદાજીના દરબારમાં ખૂબ જ ભીડ હતી. એટલે મૃત બાળકને લઈ તેઓ પાછળ ઊભા રહ્યાં. અત્યંત દુ:ખથી તેમની આંખોમાં આંસુઓની ધારા વહેતી હતી. અંતર્યામી શ્રીદાદાજી આ લોકોની પીડા સમજી ગયા. તેમને ખ્યાલ આવી ગયો કે કોઈ મૃત્યુની સાથે નવા જીવનની યાચના કરવા માટે આવ્યું છે. એટલે મોટે મોટેથી બૂમ પાડતા બોલ્યા, 'પેલી સ્ત્રી કયા પ્રકારનું ગીત ગાઈ રહી છે ? એને સાંભળીને દાદાજીના દરબારનું ગૌરવ હણાય છે ! તેને પહેલાં અહીં બોલાવો.' તે સ્ત્રી મૃત બાળકને લઈ રડતી રડતી શ્રીદાદાજી પાસે આવી, એટલે શ્રીદાદાજી બોલ્યા, 'આવ, મારી દીકરી !'

અને પછી તેના હાથમાંથી કફન વીંટાળેલ બાળક લઈ લીધું, અને પોતે ઊંચકીને ધૂણીમાં ફેંકી દીધું. થોડીક ક્ષણોમાં જ બાળક ગિરજાનંદ રડવા લાગ્યો. ત્યારે જ તેની માતાને ખ્યાલ આવ્યો કે પોતાનો મરેલો પુત્ર જીવિત થઈને રડી રહ્યો છે ! જ્યારે કફન સળગી ગયું ત્યારે શ્રીદાદાજીએ તે સ્ત્રીને કહ્યું, 'આવ દીકરી ! તારા બાળકને લઈ જા !' બાળકને જીવતો થયેલો જોઈ તેના પરિવારમાં બધાં ખૂબ હર્ષ અને આનંદમાં આવી ગયાં. તેઓએ શ્રીદાદાજીનો જયજયકાર કરી પુષ્પોથી વધાવી લીધા. શોકમય વાતાવરણ આનંદમંગલમાં ફેરવાઈ ગયું.

સાંઈખેડામાં રામનાથ નામનો એક સાઠ વર્ષનો વાણિયો રહેતો હતો. તેને બાળક ન હોવાથી દુઃખી હતો. રામનાથનો મિત્ર બંસીધર તેને શ્રીદાદાજી પાસે લઈ ગયો. સાથે ભેટ, પૂજાસામગ્રી લઈ શ્રીદાદાજીના દરબારમાં આવ્યા. તેમની સાથે રામનાથનાં પત્ની પણ હતાં. તેને બોલાવી શ્રીદાદાજીએ કહ્યું, 'લે, આ કેરી ખાઈ જા, તને પુત્ર થશે.' ઘેર આવીને રામનાથનાં પત્નીએ કેરી ખાધી અને નવમાસ પછી પુત્રપ્રાપ્તિ થઈ. પુત્રજન્મની ખુશાલીમાં રામનાથે પોતાના ઘરઆંગણે વાજાં વગડાવ્યાં, મીઠાઈઓ વહેંચી પુત્રજન્મને ઉત્સાહથી વધાવ્યો, પરંતુ બે વર્ષ સુધી રામનાથ, દાદાજીનાં દર્શન કરવા ગયો નહિ. તે શ્રીદાદાજીને ભૂલી જ ગયો. આથી, શ્રીદાદાજી ગુસ્સે ભરાયા અને તેમણે કઠોર કામ કર્યું. એક દિવસ સંધ્યાકાળે રામનાથનો પુત્ર મૃત્યુ પામ્યો. તેથી, તે વિલાપ કરવા લાગ્યો. સગાંવહાલાં તેના પુત્રને દૂધી નદીની રેતીમાં સ્મશાનમાં દાટવા લઈ ગયા. રામનાથ વિલાપ કરવા લાગ્યો. આ જોઈ તેનાં સગાંવહાલાં પણ દુઃખી થયાં, ત્યાં મુરલીધર ભૈયા (બડે ભૈયા) સ્મશાનમાં સાથે હતા. તેઓ

રામનાથનું દુઃખ જોઈ મનમાં શ્રીદાદાજીને યાદ કરવા લાગ્યા. પછી ખૂબ જોર જોરથી શ્રીદાદાજીનો જયજયકાર કરવા લાગ્યા. એટલામાં તે બાળક હલવા લાગ્યું. થોડીક વારમાં જ તે રડવા લાગ્યું. આ જોઈ રામનાથ અને તેનાં સગાંવહાલાં ખૂબ આનંદમાં આવી ગયાં. જીવતાં બાળકને લઈ સ્મશાનથી બધાં પાછા ફર્યાં. તે પછી રામનાથ અને તેનાં પત્ની બાળકને લઈ શ્રીદાદાજીના દરબારમાં આવ્યાં. તે પોતાની સાથે મીઠાઈ અને ફળો પણ લઈ ગયાં હતાં. તેમ જ શ્રીદાદાજીને અર્પણ કરવા માટે ભગવો ઝંડો લઈને પણ આવ્યાં હતાં. તેને દૂરથી આવતાં જોઈ શ્રીદાદાજી હસવા લાગ્યા. તેમણે રામનાથને સામેથી બોલાવી તેના હાથે પ્રસાદ ગ્રહણ કર્યો, પછી તેના માથાના વાળ પકડીને લડવા લાગ્યા, 'તું મને ભૂલી ગયોને ! અરે વાણિયા ! તું તો વાણિયો જ નીકળ્યો ! તું ધનવાન હોવા છતાં મારા માટે કંજૂસ બન્યો ! બધાંને મીઠાઈ ખવડાવી અને મને એક નારિયેળ પણ નહિ ?' આ સાંભળી રામનાથ અને તેનાં પત્ની ખૂબ જ શરમાઈ ગયાં. શ્રીદાદાજીના પગ પકડી પશ્ચાત્તાપનાં આંસુ વહેવડાવવાં લાગ્યાં. તેમની માફી માગવા લાગ્યાં. શ્રીદાદાજીએ ભક્તની ભૂલ સુધારી, તેઓએ તેને માફી બક્ષી અને અભયદાન આપ્યું.

આવો જ એક બીજો પ્રસંગ બન્યો. જબલપુરના એક ભક્ત દંપતી શ્રીદાદાજીના ભક્ત હતાં. તેમને ઘેર પુત્ર ન હતો, પરંતુ શ્રીદાદાજીના આશીર્વાદથી તેમને ઘેર પુત્રજન્મ થયો. ચાર વર્ષનો બાળક થયો અને તે એકાએક માંદો પડી ગયો. બાળકનાં માતાપિતાને શ્રીદાદાજી ઉપર અસીમ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાથી, બાળકને લઈ તેઓ સાંઈખેડા આવ્યાં. સાંઈખેડા આવતાં જ બાળક મૃત્યુ પામ્યો. આથી, માતાપિતા વિલાપ કરવાં લાગ્યાં.

ત્યાંના ભક્તજનો બાળકને દાટવા માટે એક વૃક્ષ પાસે લઈ ગયા. દૂરથી આ બધો ખેલ શ્રીદાદાજી જોતા હતા. તેમણે બાળકની માતાને ઘાંટો પાડીને બોલાવી અને કહ્યું, 'દીકરી ! તું અહીં આવીને જો ! સામે કોણ રડી રહ્યું છે ?' ખરેખર, તે સમયે તેનું બાળક જોર જોરથી રડી રહ્યું હતું. બાળકને જીવતો જોઈ માતાપિતા બન્ને શ્રીદાદાજીને પગે લાગ્યાં અને ખુશ થયાં.

સાંઈખેડામાં શ્રીમાનદાસજી નામના શ્રીદાદાજીના ભક્ત રહેતા હતા. તેમને ત્રણ પુત્ર હતા. તેમાં છોટાલાલ સૌથી નાના પુત્ર હતા. તે કાયમ માંદા રહેતા હતા. છોટાલાલને માનદાસજી શ્રીદાદાજી પાસે લઈ ગયા. શ્રીદાદાજીએ તેમને ખીચડી અને દૂધ ખવડાવ્યું અને બોલ્યા, 'આ દીકરો હવે મારો થયો.' તે દિવસથી છોટાલાલની માંદગી દૂર થવા લાગી. તદ્દન સાજા થઈ ગયા અને દરરોજ શ્રીદાદાજી પાસે રમવા જવા લાગ્યા. એક વખત છોટાલાલને ટાઈફૉઈડ થયો. તેઓએ ડૉક્ટર અને વૈદ્યની ઘણી દવા કરી, પરંતુ છોટાલાલને સારું થયું નહિ. તેમનું શરીર ઠંડું પડી ગયું અને બેહોશ થઈ ગયા. તેમના પિતાજી-માનદાસજી છોટાલાલને શ્રીદાદાજી પાસે લઈ ગયા અને શ્રીદાદાજીનાં ચરણોમાં મૂકી દીધા. શ્રીદાદાજીએ પોતાની ફાટેલી કાંબળી છોટાલાલને ઓઢાડી, બે કલાક પછી છોટાલાલ જીવતા થયા. શ્રીદાદાજી ફરીથી બોલ્યા, 'આ છોકરો હવે મારો છે. તેને લઈ જાવ.' આ છોટાલાલ પાછળથી શ્રીદાદાજીના કાયમી ભક્ત થઈ ગયા અને તેમની સાથે જ રહેવા લાગ્યા.

ઉજ્જૈન નિવાસી કનછેદીલાલ નાઈ ઈ.સ. ૧૯૨૫-૨૬માં શ્રીદાદાજીની સેવામાં રહેતા હતા. તેમણે નજરે જોયેલ એક પ્રસંગ કહ્યો. બુદ્ધેખાં કસાઈ તેનો એક મરેલો કૂતરો લઈ શ્રીદાદાજી પાસે

આવ્યો. તે શ્રીદાદાજીનો પરમ ભક્ત હતો. બુદ્ધેખાંને જોતાં જ શ્રીદાદાજી હસવા લાગ્યા અને કહ્યું, 'તું કૂતરાને અહીં મૂકીને જા !' બુદ્ધેખાંએ કૂતરાને કાંબળીમાં વીંટી શ્રીદાદાજીની પાસે ઠંડી ધૂણી પાસે મૂકી દીધો. ત્યાં એક માસ સુધી કૂતરાની લાશ પડી રહી. તે લાશ ગંધાવા લાગી એટલે તેમના ભક્તોએ તેમને ફેંકી દેવા માટે શ્રીદાદાજીને વિનંતી કરી. એટલે શ્રીદાદાજી બોલ્યા, 'આ કૂતરાનો કાયાકલ્પ થઈ રહ્યો છે.' પણ એક દિવસ શ્રીદાદાજી બગડ્યા અને કૂતરાની લાશને દંડાથી ફટકારવા લાગ્યા. કૂતરો ખૂબ ભસવા લાગ્યો. તેથી, શ્રીદાદાજીએ તેને મારવાનું બંધ કર્યું. તે ઊઠીને ચબૂતરાની સામે બેસી ગયો. શ્રીદાદાજી ઉજ્જૈન, બડવાહ, ખંડવા વગેરે સ્થળે જ્યાં જ્યાં ફર્યા, ત્યાં ત્યાં આ કૂતરો તેમની સાથે રહ્યો. અને પછી ઈ.સ. ૧૯૩૦ સુધી તે શ્રીદાદાજી સાથે રહ્યો અને ખંડવામાં જ મૃત્યુ પામ્યો.

એક વખત શ્રીદાદાજી પોતાનાં ભક્તજન અને બાળકો સાથે જંગલમાં ગયા હતા. ત્યાં મૂલચંદ પટવારી શ્રીદાદાજી પાસે આવ્યા. તેમણે શ્રીદાદાજીને પ્રણામ કર્યા અને કહ્યું, 'દાદાજી, મારી ગાય ગઈકાલથી ઘરે આવી નથી. તેની તપાસ કરતાં તે મરેલી પડેલી જોવા મળી છે.' શ્રીદાદાજીએ કહ્યું, 'ચાલો, આપણે અને બાળકો ભેગાં મળીને ગાયને ઉઠાવીને લઈ જઈએ.' શ્રીદાદાજી સાથે બધાં મરેલી ગાય પાસે ગયાં. શ્રીદાદાજીએ મરેલી ગાયને જોઈને કહ્યું, 'આ ગાયને પાણી પિવડાવો.' એટલે એક વાસણમાં નર્મદા નદીનું જળ ભરી લાવવામાં આવ્યું. તે જળ શ્રીદાદાજીએ મરેલી ગાયના કાનમાં રેડ્યું, ગાય જીવતી થઈ. ઊભી થઈને ભાગી અને ઘરે પહોંચી. આ જોઈ પટવારીને શ્રદ્ધા

બેસી ગઈ અને કહેવા લાગ્યા, 'શ્રીદાદાજી તો સાક્ષાત્ શંકરનો અવતાર છે. મારી મરેલી ગાયને જીવતદાન આપ્યું.'

આમ, મડદાંને બેઠાં કરવામાં શ્રીદાદાજીની કૃપા અને કરુણા ગણી શકાય.

## ૧૨. શ્રીદાદાજી નામમહિમા

ઈ.સ. ૧૯૩૭-૩૮ના શ્રાવણ માસનો આ પ્રસંગ છે. શ્રીકેશવાનંદ આશ્રમ, નાગપુરમાં શ્રાવણ માસમાં ધૂણી પાસે અખંડપૂજન ચાલુ હતું. શ્રાવણ માસ પૂરો ન થાય ત્યાં સુધી આશ્રમ ન છોડવો તેવું ત્યાંના સ્થાપક શ્રીશંકરાનંદજી મહારાજે નક્કી કર્યું હતું. શ્રાવણ માસના ૧૮-૨૦ દિવસ પસાર થયા ત્યાં શ્રીશંકરાનંદજી મહારાજને અગત્યનું કામ આવી પડ્યું. તેથી, નાગપુરથી સિત્તેર કિલોમિટર દૂરના એક ગામમાં જવાનું થયું. સવારે વહેલા ઊઠી, હવન અને પૂજા કરી તેઓ સવારે સાત વાગ્યે એક નાની બેબી ઓસ્ટીન મોટરમાં નીકળ્યા. આ મોટર ત્યાંના એક શ્રીમંત ભક્ત તાટ્યાસાહેબ ગુજરેએ શ્રીશંકરાનંદજી મહારાજને ભેટ આપી હતી. શ્રીશંકરાનંદજી સાથે બારતેર વર્ષનો દીવાકર ખોંડ નામનો બાળક હતો. તેમ જ શંકરરાવ શિર્કે નામનો ડ્રાઈવર હતો. શ્રીદાદાજીની ધૂણી પાસે એક શ્રીફળ મૂકી, સંકલ્પ કરી નીકળ્યા કે રાત્રે બાર વાગ્યે પાછા આવીને હવન-પૂજા-આરતી કરીશું.

જે કામે શ્રીશંકરાનંદજી મહારાજ ગયા હતા, તે કામ પતાવી સાંજે છ વાગ્યે ઉમરેઠ નામના ગામમાં આવ્યા. ખૂબ ધોધમાર વરસાદ પડવાનો શરૂ થઈ ચૂક્યો હતો. દત્તોપંત ગોડવાલે નામના મામલતદારને ત્યાં તેઓને રોકાવું પડ્યું, તેમ છતાં રાતના સાડાનવ સુધી વરસાદ ધીરો પડ્યો નહિ, એટલે શ્રીશંકરાનંદજી

મહારાજે ત્યાંથી નીકળી નાગપુર જવાનું નક્કી કર્યું. ગામના લોકો અને મામલતદારે તેઓને રોકાઈ જવા માટે કહ્યું. રસ્તામાં પાણી ભરાઈ ગયાં હશે, મોટર ખોટકી પડશે વગેરે મુશ્કેલીઓ પણ રજૂ કરી, પરંતુ શ્રીશંકરાનંદજી તેમના નિર્ણયમાં અટલ રહ્યા. શ્રીદાદાજીના નામનું સ્મરણ કરી રાત્રે દસ વાગ્યે ઉમરેઠથી નાગપુર જવા માટે નીકળ્યા. ઉમરેઠથી ત્રણચાર માઈલ દૂર નદીમાં પૂર આવેલું હતું. નદીની બન્ને બાજુ ટ્રાફિક જામ હતો. શ્રીશંકરાનંદજી ચિંતિત મનથી મોટરમાંથી નીચે ઊતર્યા. એટલામાં કાદવમાંથી તેમની મોટર થોડીક ખસી. શ્રીકેશવાનંદજી દાદાનો અગમ ઈશારો તેઓ સમજી ગયા. તેમણે ડ્રાઈવરને ગાડી નદીના પૂરમાંથી લઈ જવા માટે કહ્યું. આસપાસ કિનારે ઊભેલા લોકોએ ન જવા માટે વિનંતી કરી, પણ તે ન ગણકારતા તેમણે પોતાની સાથે ઉમરેઠથી લાવેલ ધૂણીપૂજન માટેનાં ફૂલ બાળક દીવાકરને હાથમાં આપતાં કહ્યું, 'જોરથી શ્રીનર્મદામૈયા અને શ્રીધૂણીવાળા દાદાજી-શ્રીકેશવાનંદજીનો જય ઘોષ કરો. અને નર્મદામૈયાનાં જળમાં ફૂલને પધરાવી દો.'બેબી ઓસ્ટીન ગાડીને નર્મદા નદીના પૂરમાં ઉતારી. તે વખતે નદીનો પટ લગભગ બસોથી ત્રણસો ફૂટ પહોળો હતો. અધવચ્ચે નદીના પૂરમાં જ્યારે મોટર આવી, ત્યારે મોટરનું ઍન્જિન પાણીમાં ડૂબી ગયું, મોટરમાં પણ પાણી ઘૂસવા લાગ્યું. આ જોઈ કિનારે ઊભેલા લોકો બૂમાબૂમ કરવા લાગ્યા. પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. મરતો અને ડૂબતો માણસ શું નથી કરતો ? ડ્રાઈવર, બાળક દીવાકર અને શ્રીશંકરાનંદજી મહારાજ ખૂબ જ મોટે મોટેથી શ્રીધૂણીવાળા દાદાજી-શ્રીકેશવાનંદજી અને નર્મદામૈયાનો જયજયકાર કરવા લાગ્યા. કિનારે ઊભેલા લોકો પોતાની મોટર, ટ્રકોની લાઈટો ચાલુ કરી,

લાઈટો ફેંકી શું થાય છે, તે જોવા લાગ્યા, પરંતુ ત્યાં એક અજાયબ પમાડે તેવી ઘટના બની. મોટરને પાછળથી જાણે કે કોઈએ ધક્કો માર્યો, અને શ્રીદાદાજી તથા નર્મદામૈયાની કૃપાથી, કરુણાથી મોટર બીજા કિનારે આવી. કિનારે ઊભેલા લોકોએ ડ્રાઈવર શંકરરાવને શાબાશી આપી. રાત્રે સાડા અગિયાર વાગ્યે નાગપુરના આશ્રમે તેઓ સુખરૂપ પાછા ફર્યા. આરતીના સમયે ત્યાં એકઠા થયેલા ભક્તોએ જ્યારે આ વાત જાણી, ત્યારે તેઓ નવાઈ પામ્યા. પૂરનું પાણી મોટરના મશીનમાં ઘૂસી જવાથી કેટલાય દિવસો સુધી તે બગડેલી પડી રહી, પરંતુ શ્રીદાદાજીની કૃપા ગણો, કરુણા ગણો કે ચમત્કાર ગણો, શ્રીશંકરાનંદજી તેમના ડ્રાઈવર અને બાળક દીવાકર સાથે સહીસલામત નાગપુર આરતીના સમયે, પોતાના સંકલ્પ પ્રમાણે પાછા આવી શક્યા. અને નિયત સમયે હવન-પૂજા-આરતી કરી શક્યા. આ શ્રીદાદાજીના નામનો જ મહિમા હતો.

ઈ.સ. ૧૯૪૧માં શ્રીશંકરાનંદજી મહારાજે નાગપુરમાં આવેલ શ્રીકેશવાનંદ આશ્રમમાં 'શ્રીસહસ્રચંડી યજ્ઞ' તા. ૧૭-૧૧-૧૯૪૧ના રોજ કરવાનું નક્કી કર્યું. તેની શરૂઆતનો દિવસ પાંચમી ડિસેમ્બર નક્કી કરવામાં આવ્યો. આ યજ્ઞકાર્યનો પ્રારંભ કરવા માટે ફક્ત પંદરસોળ દિવસ બાકી હતા, તેમની પાસે આશ્રમમાં કોઈ પૈસાની સગવડ ન હતી, આ યજ્ઞ પાછળ હજારો રૂપિયા ખર્ચ થવાનો હતો, આ કારણે આશ્રમનાં બધાં ભક્તો ચિંતા કરતાં હતાં, પરંતુ શ્રીશંકરાનંદજી મહારાજને શ્રીકેશવાનંદજી દાદાજી ઉપર પૂરેપૂરો વિશ્વાસ હતો કે આ મહાયજ્ઞ શ્રીદાદાજીની કૃપાથી નિશ્ચિત સમયે શરૂ થશે. તા. ૨૧-૧૧-૧૯૪૧ના રોજ નાગપુરના એક ધનિક શેઠ શ્રીશંકરાનંદજી મહારાજ પાસે આવ્યા અને કહેવા

લાગ્યા, 'સ્વામીજી, આ સહસ્રચંડી યજ્ઞ કરવા માટે હજારો રૂપિયાની જરૂર પડશે, કાર્ય શરૂ કરવા માટે ફક્ત બારતેર દિવસો જ બાકી છે, હજુ સુધી કોઈ તૈયારી થયેલી જોવા મળતી નથી, તો શું ચમત્કારથી આ કાર્ય થવાનું છે ?' શ્રીશંકરાનંદજીએ ખૂબ જ શાંતિથી અને દૃઢ વિશ્વાસથી જવાબ આપ્યો, 'શ્રીદાદાજીની પ્રેરણાથી આ કાર્યનો સંકલ્પ કર્યો છે, તો તમે જોયા કરો એ આગળ ઉપર શું થાય છે ? તમે ચમત્કારોના અભિલાષી છો. ચમત્કારોની અપેક્ષાથી સાધુસંતોનો સમાગમ કદી પણ ન કરવો. શ્રીદાદાજીની કૃપાથી તેમના નામથી આ કાર્ય જરૂરથી પૂર્ણ થશે, પછી ભલેને તેનો ખર્ચ હજારો લાખો રૂપિયામાં કેમ ન હોય ! આ યજ્ઞના ખર્ચ માટેની રકમ પાંચમી ડિસેમ્બર સુધીમાં ચોક્કસ આવી જશે.'

આ પછી એક બનાવ અચાનક બન્યો. આશ્રમની જે જમીન હતી, તે મુસ્લિમોના હાથમાં હતી. તે બધી જમીન બીજી ડિસેમ્બરે ખરીદી લેવામાં આવી. તે ભૂમિ ઉપર પાંચમી ડિસેમ્બરની વહેલી સવારે, બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી શ્રીદાદાજીનો અભિષેક, ધૂણીમાં હવન કરવામાં આવ્યો અને સહસ્રચંડી યજ્ઞનો શુભારંભ કરવામાં આવ્યો. તે દિવસે આશ્રમના ભગવા ધ્વજ સાથે, તેમ જ શ્રીકેશવાનંદજીની વિશાળ પ્રતિમા સાથે નાગપુર નગરમાં પ્રદક્ષિણાના હેતુથી હાથી ઉપર વરઘોડો કાઢવામાં આવ્યો. આ યજ્ઞ તેવીસમી ડિસેમ્બર સુધી ચાલ્યો. તે સમયે જે ભવ્યતાથી આ યજ્ઞ કરવામાં આવ્યો તે જોઈને તે સમયના લોકો કહેતા હતા કે આવો યજ્ઞ છેલ્લાં સો વર્ષમાં ક્યારેય થયો નથી. આ રીતે શ્રીદાદાજીના નામ ઉપર અટલ વિશ્વાસથી યજ્ઞ સફળ બન્યો, અને તેને જોઈતી ખર્ચની રકમ પણ મળી ગઈ.

શ્રીશંકરાનંદજી મહારાજે ઈ.સ. ૧૯૪૩ની અગિયારમી જાન્યુઆરીથી એકત્રીસ જાન્યુઆરી સુધી 'શ્રીમહારુદ્ર યાગ' શ્રીદાદાજીની પ્રેરણાથી આ ભૂમિ ઉપર કર્યો. તે યજ્ઞ પણ નિર્વિઘ્ને હજારો રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યો. આ યજ્ઞ માટે પણ ખર્ચ માટે કોઈ રકમની સગવડ ન હતી, પરંતુ શ્રીશંકરાનંદજી મહારાજનો અટલ નિશ્ચય, વિશ્વાસ અને શ્રદ્ધા તેમ જ શ્રીદાદાજીની કૃપાને કારણે આ બન્ને યજ્ઞો સફળ બન્યા.

ઈ.સ. ૧૯૪૫ના જેઠ માસમાં શ્રીશંકરાનંદજી મહારાજ તેમના ભક્તો સાથે હોશંગાબાદમાં નર્મદામૈયાનાં દર્શન કરવા માટે ગયા હતા. આ વખતે તેમનો મુકામ શેઠાણીઘાટ ઉપર હતો. એક દિવસ પાસે આવેલ જોહરાપુરના શિવમંદિરનાં દર્શન કરવાનો વિચાર તેઓએ કર્યો. તે સ્થળે જવા માટે હોડીમાં બેસી નર્મદા નદીમાં થઈને જવાનું હતું. તેથી, તેઓ હોડીમાં બેસી દર્શન કરવા માટે જવા નીકળ્યા. હોડી નર્મદા નદીના મધ્યભાગમાં આવી અને ડોલવા લાગી. નાવિક ગભરાઈને નદીમાં કૂદી પડ્યો. હોડીમાં બેઠેલા બધા જ ગભરાવા લાગ્યા. અને મોટે મોટેથી શ્રીકેશવાનંદજી-શ્રીદાદાજીનું નામસ્મરણ કરવા લાગ્યા. કિનારે ઊભેલા લોકોને પણ થયું કે નાવ ડૂબવાની તૈયારીમાં છે. ત્યાં તો આશ્ચર્ય થયું કે નાવનો સામેનો ભાગ જાણે કે એકદમ રેતીના ઢગલામાં ઘૂસી ગયો છે ! અને નર્મદા નદીમાં કૂદી પડેલ નાવિકને છાતી સરસું પાણી આવી ગયું અને તેણે તરત જ નાવને ઘુમાવીને પાણીના પ્રવાહમાં મૂકી પાછા ફરીને જોયું તો ત્યાં રેતીનો ઢગલો ન હતો, પણ તેની જગ્યાએ પુષ્કળ પાણી હતું. આ વિચિત્ર ચમત્કાર જોઈને નાવિકને નવાઈ લાગી, શ્રીદાદાજીની કૃપાથી, તેમના નામસ્મરણની અસરથી બધાં બચી ગયાં તેનો તેમને ખૂબ જ આનંદ થયો.

શ્રીશંકરાનંદજી મહારાજે ધર્મથી માનેલી દીકરી શાલિની નાઈકનાં લગ્ન એક વર્ષ પહેલાં મનોહર નાઈક સાથે કર્યાં હતાં. તેણે હૉસ્પિટલમાં એક બાળકીને જન્મ આપ્યો. તે બાળકી અર્ધી મરેલી જન્મી હતી અને ટૂંક સમયમાં મરણ પામશે એવું ડૉક્ટરોએ કહ્યું હતું. મનોહર નાઈકે આ સમાચાર શ્રીશંકરાનંદજી મહારાજને આપ્યા. તેઓ પૂજા-હવન કરીને હૉસ્પિટલે પહોંચ્યા. તેમણે ડૉક્ટરોને કહ્યું, ‘આ બાળકી મરશે નહિ. બપોરના એક વાગ્યા સુધી સંભાળ રાખો. તે પછી સાજી થઈ જશે.’ સવારનો લગભગ દસ સાડાદસનો સમય હતો. ડૉક્ટરોએ દવા આપી, બાળકીને પારણામાં સુવાડી દીધી. તે સમયથી મનોહર નાઈક અને શ્રીશંકરાનંદજી શ્રીદાદાજીનું નામસ્મરણ કરવા લાગ્યા. બરોબર એક અને વીસ મિનિટે બાળકી રડવા લાગી. આ જોઈ ડોક્ટરો પણ વિચારમાં પડી ગયા. આ શ્રીદાદાજીના નામસ્મરણનો જ મહિમા હતો.

ઈ.સ. ૧૯૭૮-૭૯નો આ પ્રસંગ છે. ખંડવામાં શ્રીદાદાજીનું મંદિર બંધાતું હતું. તેમાં સેન્ટરિંગનું કામ પૂરું થયું હતું. બીજા દિવસથી સિમેન્ટનું કામ ચાલુ કરવાનું હતું. તે સમયે સિમેન્ટ લાવવા માટે પરવાનગી લેવી પડતી હતી. બેત્રણ દિવસમાં સિમેન્ટની પરમિટ મળી ગઈ, પરંતુ સિમેન્ટ ખરીદવા માટે પૈસાની વ્યવસ્થા થઈ શકી ન હતી. તેથી, શ્રીદાદાજીના દરબારના વ્યવસ્થાપક શ્રીચરણાનંદ સ્વામી ચિંતામાં હતા. એટલે શ્રીકેશવાનંદજીને વારંવાર યાદ કર્યા કરતા હતા. આ સમયે શ્રીદાદાજીનો હું ભક્ત છું એમ કહી ખંડવામાં એક ભક્ત ત્યાં આવ્યા. અને શ્રીચરણાનંદ સ્વામીને મળ્યા. તે ભક્તે સ્વામીજીને કહ્યું, ‘હું ઝાંસીથી આવું છું. આજથી ત્રણચાર વર્ષ પહેલાં મારી

દીકરીનાં લગ્ન થાય તે માટે શ્રીદાદાજીની કૃપા માટે હું શ્રીદાદાજીના દરબારમાં આવ્યો હતો. શ્રીદાદાજીની કૃપાથી મારી દીકરીનાં લગ્ન થઈ ગયાં છે.હું આ તુચ્છ ભેટ લાવ્યો છું.' એમ કહી તેમણે શ્રીચરણાનંદજીના હાથમાં રૂપિયાની નોટોની થપ્પી મૂકી. રૂપિયાની થપ્પી આપી તે ભક્ત મહાશય ત્યાંથી જતા રહ્યા. તેમના ગયા પછી સ્વામી શ્રીચરણાનંદજીએ તે પૈસા ગણ્યા, તો સિમેન્ટ લાવવા માટે જેટલી રકમ પરમિટમાં લખી હતી, બરોબર તેટલી જ રકમ તે હતી. તેથી, સ્વામીજી વિચારમાં પડ્યા. એકદમ તેમને ખ્યાલ આવ્યો કે આ મહાશયનું રૂપ લઈ શ્રીકેશવાનંદજી અહીં આવ્યા હશે. એટલે તરત જ તેમણે તે ભક્ત મહાશયની તપાસ કરાવી, પોતે પણ તરત જ પાછળ ગયા, પરંતુ તે મળ્યા નહિ. આટલી ઝડપથી તે ભક્ત મહાશય ત્યાંથી જઈ શકે એમ ન હતા. આથી, સ્વામી શ્રીચરણાનંદજીને ભરોસો બેઠો કે આ વ્યક્તિ તે શ્રીદાદાજી જ હશે. આથી, ખૂબ આનંદમાં આવી તે ગાવા લાગ્યા, 'જો દાદાના નામ પર, તો દાદા કામ પર', આમ, ફક્ત તેમને યાદ કરવાથી, તેમના નામસ્મરણથી ભક્તોનાં અનેક કાર્યો સફળતાપૂર્વક પાર ઊતરતાં.

ઈ.સ. ૧૯૮૦ના ઑગસ્ટ માસનો આ પ્રસંગ છે. નારાયણ મહાશબ્દે નાગપુરમાં રહેતા હતા. તેઓ નિવૃત્ત સરકારી કર્મચારી હતા. તે ડાયાબિટીસના રોગથી પીડાતા હતા. એક વખત તેઓ લપસી પડ્યા, તેથી, તેમના પગે વાગ્યું અને ગેગરિંગ નામનો રોગ થયો. તેના અનેક ઉપચારો કર્યા, પણ ડાયાબિટીસના રોગને કારણે તેમને કોઈ ફાયદો ન થયો. એટલે ડૉક્ટરોએ ઑપરેશન કરી, ઘૂંટણ નીચેનો તેમનો એક પગ કાપી નાખ્યો, તોપણ તેમને સારું થયું નહિ. એક દિવસ તેમની તબિયત એકાએક બગડી.

તેમને ઑક્સિજન આપવામાં આવ્યો. ગ્લુકોઝ સેલાઈનના બાટલા ચડાવ્યા, પરંતુ તેમના શરીરમાં સોય જઈ શકી નહિ. અને રોગ વધારે બેકાબૂ બન્યો. એટલે ડૉક્ટરોએ તેમના જીવવાની આશા છોડી દીધી. તેમનાં સગાંવહાલાંને આ વાત જણાવી કે આ દર્દી બે કલાકથી વધારે જીવશે નહિ. એટલે તેમનાં સગાંવહાલાંએ નાગપુરના સ્વામી શ્રીશંકરાનંદજીને બોલાવ્યા. તેઓ તેમના પગ આગળ ઊભા રહ્યા. અને શ્રીકેશવાનંદજી-શ્રીદાદાજીનું નામસ્મરણ કરવા લાગ્યા. આ સમય સાંજનો સાતથી આઠ વાગ્યાનો હતો. સ્વામી શ્રીશંકરાનંદજી રાતના બે વાગ્યા સુધી ધ્યાનાવસ્થામાં શ્રીદાદાજીનું સતત નામસ્મરણ કરતાં કરતાં દર્દીના પગ આગળ ઊભા રહ્યા. બરોબર રાત્રે બે વાગ્યે દર્દીના રોગમાં કંઈક સુધારો થવા લાગ્યો. થોડીક વારમાં તેઓ ભાનમાં આવ્યા અને વાતચીત કરવા લાગ્યા. આ જોઈ ડૉક્ટરો અને ત્યાંના લોકો નવાઈ પામ્યા. સ્વામી શ્રીશંકરાનંદજી એટલું જ બોલ્યા, 'આ બધો પ્રતાપ શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજીના નામનો જ છે.' આ રીતે નારાયણ મહાશબ્દે મૃત્યુના મુખમાંથી પાછા આવ્યા અને શ્રીદાદાજીની કૃપાનો સ્પર્શ અનુભવ્યો.

## ૧૩. અંતર્યામી શ્રીદાદાજી

શ્રીદાદાજી પાસે, અદ્‌ભુત શક્તિ હતી, પરંતુ તેનો ઉપયોગ તેઓ કોઈક વખત જ કરતા હતા. તે શક્તિનો ઉપયોગ ભક્તોનાં દુઃખ દૂર કરવામાં જ કરતા. તે સર્વજ્ઞ મહાપુરુષ હતા. તેઓ સચોટ ભવિષ્યકથન કરતા અને તે જાણતા. સંસારની કેટલીય ઘટનાઓ તેઓ એક પળમાં જાણી લેતા અને જનસમુદાયને તે જણાવતા.

ઈ.સ. ૧૯૨૧માં મુંબઈમાં મહાત્મા ગાંધીજી ભાષણ કરી રહ્યા હતા. મુંબઈ, સાંઈખેડાથી લગભગ ૫૦૦ માઈલ દૂર છે. શ્રીદાદાજીએ સંધ્યાકાળે એક ભક્તને પાસે બોલાવી કહ્યું, 'અરે ઓ ! અહીં આવ. કોઈ પાગલ સમુદ્રને કિનારે કંઈક બોલી રહ્યો છે. જરા સાંભળ તો ! આમ કહી વારાફરતી ત્યાં આવેલા ભક્તોને ગાંધીજીનું ભાષણ તેમની પાસે આવેલ લાકડાના થાંભલામાંથી સંભળાવ્યું. ભક્તોએ કાન અડકાડી ગાંધીજીનું ભાષણ સાંભળ્યું. બીજે દિવસે પેપરમાં તે ભાષણ તેમના ભક્તોએ વાંચ્યું, તો બરોબર આગલે દિવસે થાંભલામાં જે પ્રમાણે સાંભળ્યું હતું તે પ્રમાણેના જ શબ્દો છાપેલા હતા.

શ્રીદાદાજી પાસે તેમના ભક્તો પોતાની મરજી પ્રમાણે સાંઈખેડા આવતા, પરંતુ ઘેર જવા માટે શ્રીદાદાજીની આજ્ઞા લેવી ખૂબ જ જરૂરી હતી. તેમની આજ્ઞા લીધા વિના કોઈ જઈ શકતું નહિ. એક વખતે સિવની છાપરા નામના ગામના શાલિગ્રામ પટેલ શ્રીદાદાજી પાસે તેમનાં દર્શન કરવા માટે સાંઈખેડા આવ્યા હતા. તેઓ સાંઈખેડામાં બેત્રણ દિવસ શ્રીદાદાજી પાસે રહ્યા. ઘેર પાછા ફરવા માટે તેમણે શ્રીદાદાજી પાસે રજા માગી, પરંતુ શ્રીદાદાજી કંઈ જ બોલ્યા નહિ, ચૂપચાપ બેસી રહ્યા. એટલે તે ભક્ત-શાલિગ્રામ પણ સાંઈખેડામાં રહ્યા. સત્તર અઢાર દિવસ ત્યાં રહ્યા. એક રાતના લગભગ દસ અગિયાર વાગ્યા હશે. શ્રીદાદાજીએ પટેલને બોલાવ્યા અને કહ્યું, 'દૂધી નદીમાંથી એક ઘડો જળ ભરીને લાવો.' શાલિગ્રામ પટેલે શ્રીદાદાજીની આજ્ઞાને માન્ય રાખી, તરત જ એક ઘડો લઈ દૂધી નદીને કિનારે ગયા, અને જળ ભરી ઘડો લઈ પાછા શ્રીદાદાજી પાસે આવ્યા. આ જોઈ શ્રીદાદાજીએ તરત જ બીજી આજ્ઞા

ફરમાવી, 'અરે પટેલ ! આ જળ ધૂણીમાં પધરાવી દે,' પટેલે તે પ્રમાણે કર્યું. થોડીક વારમાં જ શ્રીદાદાજી ગુસ્સે થઈ ગયા અને પટેલને કહેવા લાગ્યા, 'પટેલ, કેટલાય દિવસથી અહીં પડી રહ્યા છો, હવે ઘેર અત્યારે ને અત્યારે પાછા જાવ. ઘરની દેખભાળ કોણ રાખશે ?'

આ સાંભળી પટેલ દ્વિધામાં પડી ગયા. તેમ છતાં શ્રીદાદાજીની આજ્ઞાથી તેઓ સાંઈખેડાથી પોતાને ઘેર જવા માટે નીકળ્યા. ખૂબ જ મુશ્કેલીથી શ્રીદાદાજીને યાદ કરતાં કરતાં ગાડરવાલા સ્થળે પહોંચ્યા. ત્યાંથી રેલવેમાં બેસી પોતાને ઘેર પહોંચ્યા. ગામમાં પહોંચતા જ તેઓ નવાઈ પામ્યા. ત્યાંનું દૃશ્ય જોઈ તેઓ ગભરાઈ ગયા. આખું ગામ સળગી રહ્યું હતું. તેઓ ખૂબ જ ઝડપથી પોતાના ઘર તરફ ગયા. ત્યાં જઈને જોયું તો ફક્ત પોતાનું ઘર જ આગમાંથી રક્ષણ મેળવી શક્યું હતું. પટેલ સાહેબ આ જોઈ મનમાં સમજી ગયા કે અંતર્યામી શ્રીદાદાજીની કૃપા અને તેમની અસીમ લીલા જ હતી !

એક વખત કાશીના કેટલાક પંડિતો શ્રીદાદાજી પાસે શાસ્ત્ર ઉપર ચર્ચા કરવા માટે સાંઈખેડા આવતા હતા. રસ્તામાં તેઓ ગાડરવાલા ગામમાં રોકાઈ ગયા. ધર્મશાળામાં સામાન મૂકી, નિત્યક્રમથી પરવારી, ત્યાં આગળ આવેલ ખુલ્લી જગ્યામાં આવીને બેઠા. બીજા ઘણા લોકો પણ ત્યાં બેઠેલા હતા. એટલામાં પોલીસ આવી અને આ પંડિતોને પકડીને લઈ ગઈ. ત્યાં પોલીસથાણામાં તેઓને બેસાડી પોલીસ અધિકારી જતો રહ્યો. ઘણો સમય વીત્યો, તેમની ઉપર કોઈ કાર્ય કરવામાં આવ્યું નહિ, એટલે પંડિતો અકળાયા. ત્યાંના બીજા પોલીસ અધિકારીને તેમણે પૂછ્યું, 'અમોને અહીંયાં કેમ લાવવામાં આવ્યા છે ?

અમોને અહીંથી ક્યારે છુટકારો મળશે ?' ત્યારે પોલીસ અધિકારીએ સામેથી સવાલ પૂછ્યો, 'તમોને અહીં કોણ લાવ્યું ? કયા હેતુથી અહીં તમો આવ્યા છો ?' ત્યારે તે પંડિતોએ જણાવ્યું કે અહીં અમોને એક પોલીસ અધિકારી લાવ્યા હતા. પૂજ્ય દાદાજીની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે અમો આવ્યા છીએ. આમ કહી તેઓએ પોલીસોનો હુરિયો બોલાવ્યો. એટલે પોલીસો હસવા લાગ્યા અને હસતાં હસતાં પંડિતોને કહ્યું, 'તમોને અહીંયાં લાવનાર પોલીસ અધિકારી તે બીજું કોઈ નહિ, પણ શ્રીદાદાજી પોતે હતા. આવી લીલા તો તેઓ વારંવાર કરે છે.'

દરબારમાં શ્રીદાદાજી પોતે ભક્તો આગળ બોલવા લાગ્યા, 'સંભાળીને બેસજો. આજે આપણી પરીક્ષા છે.' ભક્તો આ સાંભળી વિચારવા લાગ્યા, પણ શ્રીદાદાજીની વાણી સમજી શક્યા નહિ. એટલામાં દૂરથી પંડિતોને આવતા જોઈ શ્રીદાદાજી પોતે વેદોનાં સ્તોત્રો ઉચ્ચારવા લાગ્યા. પંડિતો શ્રીદાદાજીને સાંભળી રહ્યા, તેમને સાંભળી તેઓને પોતાની ભૂલ સમજાઈ એટલે શ્રીદાદાજીની ક્ષમા માગવા લાગ્યા. શ્રીદાદાજીએ તેમને પ્રસાદ આપ્યો અને વિદાય કર્યા.

કૃષ્ણકાંતરાવ દેશપાંડે નાગપુરના રહેવાસી હતા. તેઓ શ્રીદાદાજીના અનન્ય ભક્ત હતા. ઈ.સ. ૧૯૨૭માં તેઓની બદલી અકોલામાં થઈ. તેઓએ શ્રીદાદાજીની સુકીર્તિ ખૂબ જ સાંભળી. એટલે તેમણે શ્રીદાદાજીનાં દર્શન કરવા માટે સાંઈખેડા જવાનું નક્કી કર્યું, અને મનમાં સંકલ્પ કર્યો કે હું શ્રીદાદાજીનાં દર્શન કરીશ, પછી જ અન્ન ગ્રહણ કરીશ. તેઓ તેમના મિત્ર સાથે રાત્રે દશ વાગ્યે સાંઈખેડા પહોંચ્યા. તે સમયે શ્રીદાદાજી

જમીન ઉપર કાંબળી ઓઢીને સૂઈ ગયા હતા. તેથી, તેઓ ત્યાંના ભક્તો સાથે વાતો કરવા લાગ્યા. ત્યાંના ભક્તોએ તેમને, ક્યાં રહો છો ? શું ઉદ્દેશથી આવ્યા છો ? એવા ઔપચારિક પ્રશ્નો પૂછ્યા. કૃષ્ણકાંતરાવ દેશપાંડે તેના જવાબ આપે, તે પહેલાં શ્રીદાદાજી તેના જવાબ આપવા લાગ્યા. શ્રીદાદાજીએ દેશપાંડેના જીવન વિશે બધું કહ્યું. આ સાંભળી તેઓ આભા બની ગયા. શ્રીદાદાજીના સાચા ભક્ત બન્યા. તેમના પરિવાર સાથે ત્યાં વારંવાર આવવા લાગ્યા. આમ, શ્રીદાદાજી ત્રિકાળજ્ઞાની પણ હતા.

એક દિવસ શ્રીદાદાજીએ દેશપાંડેને પોતાની પાસે બોલાવ્યા. અને કહ્યું, 'બે કોસ દૂર જા.' દેશપાંડેને શ્રીદાદાજીની વાત સમજાઈ નહિ, તે દ્વિધામાં પડ્યા, 'બે કોસ દૂર જા'-એ આજ્ઞા પાછળ શું તાત્પર્ય હશે ? ત્યાં રહેતા શ્રીદાદાજીના સેવક શ્રીમુરલીધર બડે ભૈયાને પૂછ્યું, તો તેનું તાત્પર્ય જણાવ્યું કે નર્મદામૈયા અહીંથી બે કોસ દૂર છે, ત્યાં જઈ સ્નાન કરી, એક લોટો જળ લાવી, શ્રીદાદાજીને અર્પણ કરવું. આ સાંભળી તે પ્રમાણે તેમણે કર્યું. શ્રીદાદાજીએ તે જળથી ભરેલો લોટો પોતાની કાંબળી નીચે મૂક્યો. તે પછી તેમણે દેશપાંડેને બીજી આજ્ઞા કરી અને કહ્યું, 'જાવ દીકરા, મગની દાળની ખીચડી બનાવીને લઈ આવો.' એટલે દેશપાંડે તે પ્રમાણે ખીચડી લઈ આવ્યા. આ વખતે દેશપાંડેને મનમાં એવી ઇચ્છા થઈ કે શ્રીદાદાજી અમને ચરણામૃતનો પ્રસાદ આપે. આ વિચાર દેશપાંડેના મનમાં આવ્યો, તે અંતર્યામી શ્રીદાદાજી જાણી ગયા, તરત જ પોતાની કાંબળી ઊંચી કરી, તેની નીચેથી જળ ભરેલો જે લોટો મૂક્યો હતો તે દંપતીને આપ્યો. તેમણે લોટામાં જોયું તો આશ્ચર્ય થયું. જે લોટામાં તેઓ નર્મદામૈયાનું

જળ લાવેલા હતા, તેમાં જળને બદલે દૂધ, દહીં વગેરેનું બનાવેલું પંચામૃત હતું. આ રીતે દેશપાંડેના મનની ઈચ્છા અંતર્યામી શ્રીદાદાજીએ પૂર્ણ કરી.

એક અંગ્રેજ અધિકારી પોતાની મેમસાહેબને લઈને શ્રીદાદાજીના દરબારમાં આવ્યા. તેમણે શ્રીદાદાજીની કીર્તિ ખૂબ સાંભળી હતી. તેઓ દેશમાં પાછા જવાના હતા, એટલે શ્રીદાદાજીનાં દર્શન કરવા માટે સાંઈખેડા પધાર્યા. ત્યાં શ્રીદાદાજીએ તેમનાં ટોપી અને કોટ ઉતારવા માટે આજ્ઞા કરી. તેમણે તે ટોપી અને કોટ પહેરી અંગ્રેજ સાહેબ ઉપર રોફ જમાવતા આજ્ઞા કરી, 'અરે સાહેબ ! તમે તમારા દેશમાં જાઓ છો, તો અમે તમને જે કેળાં આપીએ તે સાથે લઈને જાઓ.' આ વાત સાંભળી એટલે ત્યાં આસપાસ બેઠેલા ભક્તો કેળાં લેવા માટે બજારમાં ગયા, પરંતુ તે દિવસે સાંઈખેડાના બજારમાં કેળાં મળ્યાં નહિ, એટલે ભક્તો નિરાશ થઈ પાછા આવ્યા અને વિચારવા લાગ્યા કે શ્રીદાદાજી આ અંગ્રેજ સાહેબને કેળાં ક્યાંથી લાવીને આપશે ? તરત જ શ્રીદાદાજી બોલ્યા, 'તમે થોડીક વાર રાહ જુઓ. આજે કેળાં મુંબઈથી રેલગાડી મારફતે આવશે.' અને થોડીક વારમાં જ મુંબઈથી એક પારસી પરિવાર શ્રીદાદાજીનાં દર્શને આવ્યું, તેઓ પોતાની સાથે કેળાં ભરેલો કરંડિયો લાવ્યા હતા. તે કરંડિયો શ્રીદાદાજીનાં ચરણ સમક્ષ મૂક્યો. શ્રીદાદાજીએ તેમાંથી કેળાં લઈ અંગ્રેજ દંપતીને પ્રસાદ તરીકે આપ્યા. આ જોઈ અંગ્રેજ દંપતી પ્રભાવિત બન્યું. શ્રીદાદાજીના દરબારમાં પારસી, હિંદુ, મુસ્લિમ, અંગ્રેજ વગેરેની સાથે તેમનું સમાન વર્તન હતું. કોઈ ભેદભાવ ન હતા. શ્રીદાદાજી દરેક જાતિના ભક્ત ઉપર એક જાતની કૃપા વરસાવતા હતા.

શ્રીદાદાજી અંતર્યામી હોવાથી ભક્તના મનની વાત જાણી લેતા. ભક્તને પોતાની ઈચ્છા શ્રીદાદાજી આગળ રજૂ કરવી પડતી ન હતી. શ્રીદાદાજી તેમના મનની ઈચ્છા, પ્રશ્નો જાણી લેતા અને તે તેમની ભાષામાં કહેતા, તે ભાષા સમજવી ભક્તો માટે અઘરી પડતી. ચંદ્રહાસ માસ્ટર નામનો એક ભક્ત શ્રીદાદાજીના દરબારમાં આવ્યો. તેના ઘરની હાલત ખૂબ ગરીબ હતી. તેથી, તેના ઘરનું વાતાવરણ તંગ રહેતું હતું. તેથી, તે કંટાળી ગયો હતો. જીવન જીવવા માટે હિંમત હારી ગયો હતો. હેરાનપરેશાન થઈ ગયો હતો, તેથી, ઘરનો ત્યાગ કરી સંન્યાસ લેવાનો તે વિચાર કરતો હતો. એટલે તે શ્રીદાદાજી પાસે સલાહ લેવા આવ્યો હતો. બધાં ભક્તોની વચ્ચે તે પોતાનો વિચાર રજૂ કરતા મૂંઝાતો હતો, એટલે તેણે શ્રીદાદાજી પાસે પોતાનો વિચાર રજૂ ના કર્યો, પરંતુ બજારમાંથી બે ફળ-નારંગી અને કેળું ખરીદી લાવ્યો. તેણે મનથી નારંગીને માયાસ્વરૂપ તરીકે અને કેળાંને બ્રહ્મસ્વરૂપ તરીકે માન્યાં. તે બન્ને ફળ શ્રીદાદાજી સમક્ષ તેણે મૂક્યાં. અને પ્રશ્નોના જવાબ મેળવવા માટે બાજુ ઉપર ઊભો રહ્યો. શ્રીદાદાજીએ તેના મનનો વિચાર વાંચી લીધો, તેમણે ચંદ્રહાસ માસ્ટરને નારંગી આપી, કેળું પોતે રાખ્યું. આ સંકેતથી તેમણે ચંદ્રહાસ માસ્ટરને જણાવ્યું કે તમે સાંસારિક જીવન જીવો, બ્રહ્મની ઉપાસના હમણાં કરવાની જરૂર નથી. તેના મનની વાત શ્રીદાદાજી અને તે પોતે જ જાણતા, ત્રીજા કોઈએ તેની આ વાત જાણી નહિ.

શ્રીધૂણીવાળા દાદાજી પોતે હંમેશાં બોલ્યા કરતા, 'હું શંકર છું', 'હું શંકર છું' આ વાત દૂર દૂર ફેલાઈ ગઈ હતી. કેટલાક નાસ્તિકો આ વાત માનતા ન હતા. તેઓ શ્રીદાદાજીની પરીક્ષા

કરવા વિચારવા લાગ્યા. ગાડરવાલામાં એક વૈદ્ય, એક વકીલ અને એક શિક્ષક રહેતા હતા. શ્રીદાદાજીની વાત એમને સાચી લાગી નહિ, તે ઢોંગી છે એવું માનતા. એટલે તેમની પરીક્ષા કરવા માટે ત્રણે શ્રીદાદાજીના દરબાર સાંઈખેડામાં આવ્યા. ત્યાં લોકોની ખૂબ જ ભીડ હતી. આ ત્રણે વ્યક્તિને જોઈ ભીડ દૂર કરવા માટે શ્રીદાદાજી ગુસ્સે ભરાયા, દંડો ઉગામ્યો એટલે ત્યાંના ભક્તો દૂર જતા રહ્યા. શ્રીદાદાજીએ આ ત્રણે વ્યક્તિને પોતાની પાસે વારાફરતી બોલાવી. તેમના અંતરની વાત તેઓ જાણી ગયા હતા. એટલે તેમણે પોતાની અદ્ભુત લીલા બતાવી. સૌથી પ્રથમ તેમણે શિક્ષકને પોતાની પાસે બોલાવી પૂછ્યું, 'તમો મારા માટે પાંચ ગુલાબનાં ફૂલ લાવ્યા છો તે ક્યાં ગયા ? તે મને આપો.' આ સાંભળી શિક્ષક વિસ્મય પામ્યા, તેમણે શ્રીદાદાજીનાં ચરણોમાં પાંચ ગુલાબ મૂકી દીધા. ત્યાર પછી વકીલ સાહેબને પોતાની પાસે બોલાવ્યા, અને તે તેમની સાથે પેંડા લાવ્યા હતા, તે માગ્યા. આ સાંભળી વકીલ સાહેબ ચોંકી ગયા. હવે વૈદ્ય સાહેબનો વારો આવ્યો. પોતાની પાસે બોલાવી તેમના ખીસામાં હાથ નાખી, પારાની શીશી કાઢી લીધી. અને હસતાં હસતાં તેઓ પી ગયા. પારો શરીરમાં જાય, એટલે શરીર ઉપર ફૂટી નીકળે છે, પરંતુ શ્રીદાદાજીને આની કોઈ અસર થઈ નહિ, શ્રીશંકર ભગવાન જેમ ઝેર પચાવી ગયા હતા, તેમ આ શંકરના અવતાર સમા શ્રીદાદાજી પારાને પચાવી ગયા. આવા અંતર્યામી, ત્રિકાળજ્ઞાની શ્રીદાદાજીનો પ્રભાવ જોઈ શિક્ષક, વકીલ અને વૈદ્ય તેમના પગમાં પડી ગયા, શરમાયા અને ક્ષમા માગી.

## ૧૪. સર્વવ્યાપક શ્રીદાદાજી

ઘાસીરામજી શેઠ નામના એક ધનાઢ્ય વેપારી સાંઈખેડા શ્રીદાદાજીનાં દર્શન કરવા માટે આવ્યા. ત્યાંથી દર્શન કરી તેઓ મથુરા ગયા. ત્યાંના જિલ્લા અધિકારીને મળવા માટે તેઓ ટાંગામાં બેસી તેમના બંગલે ગયા. બંગલાની નજીક ગયા તે પહેલાં રસ્તામાં એક વૃક્ષની નીચે તેમણે એક દિગંબર સાધુ જોયા. તેમના હાથમાં દંડો હતો. ટાંગામાં તેઓ બેઠેલા હતા, અને ટાંગાની ઝડપમાં દૂરથી તેઓ તે દિગંબર સાધુને બરોબર જોઈ શક્યા નહિ, પરંતુ જિલ્લા અધિકારીના બંગલે પહોંચ્યા, તેમની સાથે વાતચીત કરી, ત્યાં તેમના મનમાં ઓચિંતો ઝબકાર થયો કે તે દિગંબર સાધુ શ્રીદાદાજી પોતે તો હતા નહિને ? એટલે તેઓ તે જગ્યા ઉપર તપાસ કરવા ગયા, પરંતુ ત્યાં કોઈ સાધુ જોવા મળ્યા નહિ. મથુરાથી તેઓ પાછા સાંઈખેડા આવ્યા. શ્રીદાદાજીના દરબારમાં તેઓ ગયા. ત્યારે શ્રીદાદાજી તેમને જોઈ હસતાં હસતાં બોલાવા લાગ્યા, 'અમે તો મથુરા ગયા હતા !' આ સાંભળતાં જ ઘાસીરામજી શેઠજીને ખાતરી થઈ કે મથુરામાં વૃક્ષ નીચે દિગંબર અવસ્થામાં ઊભેલા જે સાધુ તેમણે જોયા હતા, તે બીજું કોઈ નહિ પણ શ્રીદાદાજી પોતે જ હતા. શ્રીદાદાજીની સર્વવ્યાપકતા જોઈ ઘાસીરામજી શ્રીદાદાજીનાં ચરણોમાં આળોટવા લાગ્યા.

ભોપાલના વતની પંડિત ગંગાપ્રસાદ કનૈયાલાલ વ્યાસ ગૃહત્યાગ કરી, સંન્યાસ લઈ મોક્ષ મેળવવાની ઈચ્છા રાખતા હતા. આ વાતની ખબર તેમનાં માતાપિતાને પડી, એટલે તેમણે તેમની અઢાર ઓગણીસ વર્ષની ઉંમરે લગ્ન કરાવી નાખ્યાં, પરંતુ સંસારનું બંધન તેમને સંસારમાં બાંધી શક્યું નહિ. તેઓ

ગૃહત્યાગ કરી કાશીના વિશ્વનાથ મંદિરનાં દર્શન કરવા ગયા. ત્યાંથી આસપાસનાં યાત્રાસ્થળે ફર્યા, તોપણ તેમના મનને શાંતિ મળી નહિ. એટલે તેઓ ફરીથી કાશીમાં આવ્યા. ત્યાં ત્રિલોચન ઘાટ ઉપર સ્થાયી થયા, તોપણ તેમનું મન શાંત બન્યું નહિ. તે સમયે એક રાત્રે સ્વપ્નમાં એ નગ્ન મહાત્માનાં દર્શન તેમને થયાં. તે નગ્ન મહાત્માએ કહ્યું 'તું અહીંયાં નકામો હેરાન થાય છે, મારી પાસે આવી જા.' આ નગ્ન મહાત્માની તપાસ કરતાં કરતાં તે નાગપુર આવ્યા. ત્યાંના ઓલિયા શ્રીતાજુદ્દીનબાબા પાસે તેઓ ગયા. તેમને જોઈ પંડિત ગંગાપ્રસાદના મનમાં શંકા થઈ કે આ ગોમાંસ ખાનાર ઓલિયા નગ્ન મહાત્માની વાત ક્યાંથી જાણતા હશે ? આ વિચાર શ્રીતાજુદ્દીનબાબા જાણી ગયા. તેઓએ તેમને બોલાવી કહ્યું, 'તમો સાંઈખેડાવાળા શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી પાસે જાઓ.' તેમની આજ્ઞા સાંભળી તેઓ સાંઈખેડા આવ્યા. શ્રીદાદાજીને જોતાં જ તેમને ખ્યાલ આવી ગયો કે પોતે સ્વપ્નમાં જે નગ્ન મહાત્માનાં દર્શન કર્યાં હતાં, તે જ આ ધૂણીવાળા દાદાજી છે. એટલે તેઓ ત્યાં તેમની પાસે કાયમ રહ્યા. ત્યાં તેમને શાંતિ મળી, સંતોષ થયો. પાછળથી શ્રીદાદાજીએ તેમના વાળ કપાવી, કપડાં ઉતારી, નગ્ન કરી પોતાની પાસે રાખ્યા અને તેમનું નવું નામ ચંદ્રશેખરાનંદ રાખ્યું. આ ચંદ્રશેખરાનંદ મુંબઈના અવધૂત સંત તરીકે ઓળખાયા.

હરદા ગામના સદાશિવ નામના વેપારી શિરડીના સંત શ્રીસાંઈબાબાના ભક્ત હતા. તેઓ શિરડી શ્રીસાંઈબાબાનાં દર્શન કરવા માટે કાયમ જતા હતા, પરંતુ ઈ.સ. ૧૯૧૮માં શ્રીસાંઈબાબાએ દશેરાના દિવસે મહાસમાધિ લીધી. એટલે

સદાશિવ મનમાં વિચારવા લાગ્યા કે હવે હું દર્શન કરવા માટે ક્યાં જઈશ ? કોનાં દર્શન કરીશ ? તેમની વ્યાકુળતા, અશાંતિ જોઈ શ્રીસાંઈબાબાએ સદાશિવને સ્વપ્નમાં દર્શન આપી જણાવ્યું, 'તમે સાંઈખેડા જાવ. ત્યાં શ્રીકેશવાનંદજી દાદાજીનાં દર્શન કરો. આજકાલ હું ત્યાં જ રહું છું.' તે પછી તેઓ સાંઈખેડા શ્રીધૂણીવાળા દાદાજીનાં દર્શન કરવા માટે સાંઈખેડા ગયા. શ્રીદાદાજીનાં દર્શન કરતાં કરતાં તેમનામાં શ્રીસાંઈબાબાનાં જ દર્શન થયાં. આથી, તેઓ માનવા લાગ્યા કે શ્રીસાંઈબાબા અને શ્રીકેશવાનંદજી દાદાજી બન્ને એક જ સ્વરૂપે છે.

બ્રહ્મદેશના એક ડૉક્ટર મહાશય જગન્નાથપુરીની યાત્રા કરવા ગયા હતા. ત્યાં શ્રીકેશવાનંદજી-શ્રીદાદાજીએ દર્શન આપ્યાં, અને કહ્યું, 'તું સાંઈખેડા આવી જા.' આ સાંભળી તેઓ સાંઈખેડા પહોંચ્યા. તેમને જોઈ શ્રીદાદાજી તરત જ બોલ્યા, 'તું ક્યાં ફરે છે ? આ સ્થળ એ જ તારું ઘર છે.' આ સાંભળી ડૉક્ટર મહાશય શ્રીદાદાજી પાસે રોકાઈ ગયા. તેઓ ત્યાં ઘણો સમય રહ્યા. જ્યારે શ્રીદાદાજીએ તેમને બ્રહ્મદેશ જવાની રજા આપી, ત્યારે જ ત્યાંથી ગયા. પોતાની સર્વજ્ઞતાને કારણે સર્વવ્યાપક શ્રીદાદાજીએ જુદાં જુદાં સ્થળે ભક્તોને પોતાનાં દર્શન આપી, પોતાની પાસે બોલાવ્યા, પોતાનાં કરી તેમનો ઉદ્ધાર કર્યો.

કાશીના વિશ્વનાથ, નાગપુરના શ્રીતાજુદ્દીનબાબા, શિરડીના સાંઈબાબામાં, સાંઈખેડાના શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજી વ્યાપક હતા. તેથી, દરેક ભક્ત પોતાની શ્રદ્ધા પ્રમાણે તેમને કાશીમાં વિશ્વનાથ ભગવાન, નાગપુરના શ્રીતાજુદ્દીનબાબા, શિરડીના શ્રીસાંઈબાબા તથા શ્રીધૂણીવાળા દાદાજી તરીકે તેમને યાદ કરતા. આ બધાં સ્થળે તેમનાં ભક્તો દર્શન કરતાં, અને

દરેક સંતમાં શ્રીધૂણીવાળા દાદાજીનાં સ્વરૂપનાં દર્શન કરતા. નડિયાદના મહાન સંત પૂજ્ય શ્રીમોટાએ તેમને બોલતા સાંભળ્યા છે, 'હું તાજુદ્દીનબાબા છું, હું જ સાંઈબાબા છું, ઉપાસનીબાબા પણ હું જ છું, અને અક્કલકોટના સ્વામી શ્રીસમર્થ પણ હું જ છું.' આમ, 'સર્વમાં એક અને એકમાં સર્વ' સ્વરૂપે શ્રીકેશવાનંદજી-દાદાજી હતા.

## ૧૫. શ્રીદાદાજીની અલૌકિક લીલા

શ્રીકેશવાનંદજી-દાદાજીના પુણ્ય પ્રતાપથી, કૃપા દૃષ્ટિથી તેમના અનેક ભક્તો સુખી બન્યા. એ પોતે શંકર ભગવાનનો અવતાર હતા. તેમનો ભક્ત સદાશિવ નામે હતો. તેને બોલાવી શ્રીદાદાજીએ કહ્યું, 'હું તો રોજ બધાંને જમાડું છું. આજ તમે મને જમાડો.' આ સાંભળી સદાશિવ શ્રીદાદાજીને જમાડવા માટે ભોજનના થાળમાંથી હાથમાં કોળિયો લીધો. તે સમયે શ્રીદાદાજીએ પોતાનું મુખ ખોલ્યું. તો તેમના મુખમાં સદાશિવને વાંસળી વગાડતાં મુરલીમનોહરનાં દર્શન થયાં. આ દૃશ્ય જોઈ સદાશિવ નવાઈ પામ્યો. પોતે ધન્ય બન્યો એમ માની શ્રીદાદાજીનાં ચરણકમળમાં પગે લાગ્યો. આ પ્રસંગમાં શ્રીદાદાજી અવતારી સંત પુરુષ હતા. તેનું પ્રમાણ છે.

બુદ્ધેખાં કસાઈ સાંઈખેડામાં રહેતો હતો. તે શ્રીદાદાજીનો અનન્ય ભક્ત હતો. તે માંસ વેચવાનો ધંધો કરતો હતો. એક દિવસ તે માંસનો ટોપલો માથે ઊંચકીને જતો હતો, શ્રીદાદાજીએ તેને જોયો, અને પોતાની પાસે બોલાવ્યો. ત્યાં બેઠેલા ભક્તોએ જોયું, તો તેની ટોપલી માંસથી ભરેલી હતી. તે માંસ વેચવા માટે શહેરમાં જતો હતો, પરંતુ શ્રીદાદાજીએ તેને બોલાવ્યો. એટલે તે ત્યાં આવ્યો. શ્રીદાદાજીએ તેની ટોપલી ઉપર દંડો માર્યો, એટલે

ટોપલી નીચે પડી ગઈ. અને તેમાંથી માંસને બદલે લાલ ફૂલો જમીન ઉપર ફેંકાયાં. પછી શ્રીદાદાજીએ બુદ્ધેખાંને ખૂબ જ માર્યો. આ જોઈ ત્યાં બેઠેલા ભક્તો નવાઈ પામ્યા. નાઈને બોલાવ્યો, બુદ્ધેખાંના વાળ કાપી મુંડન કરાવ્યું. તેનું નામ જટાશંકર રાખ્યું. આ જટાશંકર શ્રીદાદાજીનો ખાસ ભક્ત બન્યો. શ્રીદાદાજી ઉજ્જૈન અને ખંડવામાં રહ્યા, ત્યાં સુધી તે તેમની સાથે જ રહ્યો.

શ્રીદાદાજી તેમના ભક્તગણ સાથે બપોરના તેમના મુકામે બેઠા હતા. ત્યાં તેમના ભક્તો શ્રીદાદાજીના પગ દબાવી રહ્યા હતા. એટલામાં મંગલિયા નાઈ નામનો તેમનો ભક્ત ત્યાં આવ્યો. તેણે પણ શ્રીદાદાજીના પગ દાબવા માટે આગ્રહ કર્યો. શ્રીદાદાજીએ પહેલાં તો તેની વાત ગણકારી નહિ, પણ વારંવાર તે બોલવા લાગ્યો, એટલે શ્રીદાદાજીએ પોતાના પગ દબાવવા કહ્યું, આથી, મંગલિયા નાઈએ શ્રીદાદાજીને તેમના પગ લાંબા કરવા માટે કહ્યું, એટલે શ્રીદાદાજીએ તેમનો પગ એટલો બધો લાંબો કર્યો કે પંદર ફૂટ જેટલી તેની લંબાઈ થઈ. આથી, મંગલિયા નાઈ તેમનો પગ દબાવવા માટે આમથી તેમ દોડવા લાગ્યો. તે સમય બપોરનો હતો. અને ગરમીના દિવસો હતા. એટલે મંગલિયા નાઈ ખૂબ થાકી ગયો. શ્રીદાદાજીએ તેમનો પગ પંદર ફૂટ લાંબો કર્યો હતો તે ટૂંકાવવા માટે તે વારંવાર વિનંતી કરતો, પણ શ્રીદાદાજી તેની વાત સાંભળતા નહિ. છેવટે બીજા ભક્તે શ્રીદાદાજીને વિનંતી કરી કહ્યું, 'મંગલિયો નાઈ અજ્ઞાન છે, અભણ છે. આપનો મહિમા જાણતો નથી. તેને માફ કરો.' ત્યારે શ્રીદાદાજીએ પોતાનો લંબાવેલો પગ ખેંચી લીધો અને યથાવત્ કરી દીધો.

કલકત્તાના બસુબાબુ નામે એક મહાશય પેટની બીમારીથી પીડાતા હતા. તેમણે વૈદ્ય અને ડૉક્ટરની દવા કરી, પણ તેમનો રોગ મટ્યો નહિ અને તેમનું શરીર રોગને કારણે દૂબળું-પાતળું બની ગયું. તેમની બીમારી પેટની હતી. ખાધેલો ખોરાક પચતો ન હતો. તેઓ શ્રીદાદાજી પાસે આવ્યા. શ્રીદાદાજી તેમની બીમારી જાણી ગયા. પ્રેમથી પોતાની પાસે બોલાવી બેસાડ્યા. તેમણે રોટલી, દાળ, ભાત ખવડાવ્યા, અને ઠંડું પાણી પિવડાવ્યું. બસુબાબુ ચિંતામાં પડ્યા કે આ ખોરાક મને પચશે કે નહિ ? શ્રીદાદાજી તેમની ચિંતા જાણી ગયા એટલે બોલ્યા, ‘બસુબાબુ ! તમો દરરોજ રોટલી, દાળ, ભાત વગેરે ખાધા કરો અને કચોરી બનાવી મને રોજ ખવડાવ્યા કરજો. તમારી દૂબળી-પાતળી કાયા જાડી બની જશે.’ બસુબાબુએ તેમની આજ્ઞા માની. અને તે પ્રમાણે કરવા લાગ્યા, એટલે તેમનો અસાધ્ય રોગ દૂર થયો, તેઓ તંદુરસ્ત શરીર બનાવી શક્યા. તેઓ શ્રીદાદાજીના કૃપાપાત્ર બન્યા. તેમણે શ્રીદાદાજીની આજ્ઞા અનુસાર કાશીથી દશમણનો એક મોટો ઘંટ ઉજ્જૈન મંગાવ્યો. તે પછી તે ઘંટ ખંડવામાં લાવ્યા. આજે પણ શ્રીદાદાજીના દરબાર-ખંડવામાં આરતીના સમયે રોજ ઘંટ વગાડવામાં આવે છે. બસુબાબુ શ્રીદાદાજીના દરબારમાં દર વર્ષે પાંચ તોલા કેસર મોકલાવે છે. બસુબાબુને શ્રીદાદાજીએ છોટે દાદાજી પાસે રાખ્યા, આધ્યાત્મિક જ્ઞાન અપાવ્યું અને તેઓ છોટે દાદાજીની હાજરીમાં ત્યાં જ અવસાન પામ્યા. શ્રીદાદાજીના આશીર્વાદથી તેમને ઘેર દીકરો જન્મ્યો, તે પણ તેમનો ભક્ત બન્યો. તેમના વૈદ્ય કે જે બસુબાબુની દવા કરતા હતા, તે પણ તેમનો અસાધ્ય રોગ મટાડી શક્યા ન હતા, તે તેમનું હૃષ્ટપુષ્ટ તંદુરસ્ત શરીર જોઈ, શ્રીદાદાજીના ભક્ત બન્યા. શ્રીદાદાજીની

આ અકળ લીલાથી તેમનો ભક્ત સમુદાય ખૂબ વધ્યો.

મૈહરના રાજાસાહેબ લકવાના રોગથી પીડાતા હતા. તે તેમના રસાલા સાથે શ્રીદાદાજીના દરબાર સાંઈખેડામાં આવ્યા, પણ પોતે રાજા છે તેનું તેમને અભિમાન હતું. એટલે તેઓ શ્રીદાદાજીને પગે લાગ્યા નહિ, પરંતુ દાદાજી તો રાજાઓના રાજા હતા. તેથી, તેમનું અભિમાન ટાળવા માટે શ્રીદાદાજીએ તેમના તરફ દંડો ઉગામ્યો. આ જોઈ તેમના અંગરક્ષકે શ્રીદાદાજી સામે પિસ્તોલ તાકી, પણ તેમાં ગોળી હોવા છતાં તે છૂટી નહિ. શ્રીદાદાજીને આની અસર થઈ નહિ. તેમણે પોતાના ભક્તોને કહ્યું, 'રાજાના અંગરક્ષકને પકડીને મારો અને તેની પિસ્તોલ લઈ લો.' રાજા પણ હવે પસ્તાવા લાગ્યો, પણ શ્રીદાદાજીએ તેમને દરબારની બહાર કાઢી મૂક્યા. એટલામાં બહાર બેઠેલા એક લકવાગ્રસ્ત ભક્તને અંદર બોલાવ્યો. તે ઘણા સમયથી શ્રીદાદાજીના દરબારમાં આવતો હતો. તેને શ્રીદાદાજીએ કહ્યું, 'લાકડી લઈ સામે ઊભેલા કૂતરાને ભગાડ.' એટલે તેણે લાકડી ફેંકી કૂતરાને ભગાડ્યું, પરંતુ શ્રીદાદાજી બોલ્યા, 'દોડીને કૂતરાને ભગાડ' એટલે તે શ્રીદાદાજીની આજ્ઞા માની દોડવા લાગ્યો. તેનો લકવાનો રોગ નાશ પામ્યો. તે કાયમ માટે શ્રીદાદાજી પાસે રહ્યો અને જીવ્યો ત્યાં સુધી આવતા ભક્તોને પાણી પિવડાવવાની સેવા કરતો રહ્યો. મૈહરના રાજાએ આ દૃશ્ય જોયું, તેઓ શ્રીદાદાજી પાસે આવી ક્ષમા માગવા લાગ્યા, પરંતુ શ્રીદાદાજી એટલું જ બોલ્યા, 'જાઓ, પંદર દિવસનો જ આ ખેલ છે.' પંદર દિવસ પછી તે રાજા મૃત્યુ પામ્યો.

સાંઈખેડા પાસે શોભાપુર નામના નગરની રાણીનો એક કેસ કોર્ટમાં ચાલતો હતો. તે કેસ જીતવા માટે તે સાંઈખેડા શ્રીદાદાજી

પાસે પ્રાર્થના કરવા માટે આવી. શ્રીદાદાજીએ તેને આશીર્વાદ આપતા કહ્યું, 'બે હજાર કેરીઓ અહીંના ગરીબોને ખવડાવો.' રાણી ત્યાં ચાર માસ રહ્યાં. અને દરરોજ કેરીઓ ગરીબોને વહેંચવા લાગ્યાં. ગુરુપૂર્ણિમા સુધી ત્યાં રહ્યાં. અને તે પોતે કોર્ટમાં કેસ જીતી ગયાં.

જબલપુરમાં નર્મદાપ્રસાદ નાયડુ રહેતા હતા. તેઓ કલેકટરની ઑફિસમાં હેડક્લાર્ક તરીકે નોકરી કરતા હતા. તેમનાં પત્નીને મગજની બીમારી હતી. તે ભૂતપ્રેતને કારણે હતી તેવું તે માનતા. તેઓ સાંઈખેડામાં શ્રીદાદાજીના દરબારમાં તેમનાં પત્નીને લઈને આવ્યા. ત્યાં કેટલાક દિવસો રહ્યા. એક દિવસ શ્રીદાદાજી તેને દંડાથી મારવા લાગ્યા. શ્રીદાદાજીની કૃપાથી તેનું પાગલપણું દૂર થયું. પાછળથી તેને બે પુત્રો જન્મ્યા. તેનો સંસાર સુખમય બન્યો.

બડવાહા ગામ પાસેથી નર્મદા નદી વહે છે. તેમાં મોટું પૂર આવ્યું. તેથી, ગામ લોકો ગભરાયા. તેઓ બધાં છોટે દાદાજી પાસે ગયાં. છોટે દાદાજી અને ગામલોકો ભેગાં મળી શ્રીદાદાજીની પાસે પ્રાર્થના કરવા આવ્યા. તેમણે શ્રીદાદાજીને વિનંતી કરી, એટલે શ્રીદાદાજી નર્મદા નદીને કિનારે આવ્યા. ત્યાં બેસી ગયા. અને નર્મદા નદીમાં પોતાનો જમણો પગ લાંબો કરી નર્મદાનાં પાણીમાં અંગૂઠો ડુબાડ્યો. થોડીક વારમાં જ નર્મદા નદીનું પૂર ૧૦ થી ૧૨ ફૂટ નીચું ઊતરી ગયું. શ્રીદાદાજીનો આ પ્રતાપ જોઈ લોકો તેમનો જયજયકાર કરવા લાગ્યા.

ભવરલાલ રાજસ્થાનના ડિંડવાના ગામના રહીશ હતા. માતાપિતા મૃત્યુ પામ્યાં એટલે પોતાની મોટી બહેનને ત્યાં તેઓ રહેતા હતા, પરંતુ સંસારમાં મન ન લાગતા તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. આમતેમ યોગ્ય ગુરુની શોધ માટે ભટકતા રહ્યા. એક

દિવસ કાશી જવા માટે રેલવેમાં તેઓ મુસાફરી કરી રહ્યા હતા. રસ્તામાં તેમણે શ્રીદાદાજીની કીર્તિ સાંભળી. એટલે શ્રીદાદાજીનાં દર્શન કરવા માટે તેઓ સાંઈખેડા આવ્યા. તે વખતે તેમની ઉંમર ફક્ત અઢાર વર્ષની જ હતી. તેમના મુખ ઉપર તેજ ચમકતું હતું. તેઓ શ્રીદાદાજી પાસે ગયા. એટલે શ્રીદાદાજીએ તેમને આંતરદષ્ટિથી ઓળખી લીધા. હવે તેમને આધ્યાત્મિક ક્ષેત્રે આગળ લાવવા માટે સાધના કરાવી તેમની કસોટી કરવા માંડી.

એક દિવસ તેઓ શ્રીદાદાજી સામે બેઠા હતા. શ્રીદાદાજીએ તેમને પોતાની પાસે બોલાવી, તેમનાં કપડાં ઊતરાવી લીધાં. માથાના વાળ મૂંડાવી નાખ્યાં. અને પછી તેમને દંડાથી ખૂબ માર્યા. એક રૂમમાં તેમને પૂરી દીધા. બહારથી સાંકળ વાસી તાળું માર્યું. આ રીતે રૂમમાં એકત્રીસ દિવસ સુધી પૂરી રાખ્યા. તેમના માથામાં વાગવાથી કીડા પડ્યા હતા, વાસ મારતી હતી, તોપણ તેઓએ તે દુઃખ સહન કર્યું. કંઈ જ ખાધું નહિ. તેથી, તેમના ભક્તે શ્રીદાદાજીને રૂમમાંથી બહાર કાઢવા માટે વિનંતી કરી, એટલે શ્રીદાદાજી દંડો લઈ તેમના રૂમ પાસે ગયા. તાળું ખોલી, બારણું ખોલી, તેઓ અંદર રૂમમાં ગયા. શ્રીદાદાજી તેમના માથામાં દંડો મારવા લાગ્યા. પણ ભવરલાલ કંઈ જ બોલ્યા ચાલ્યા વિના તે માર સહન કરવા લાગ્યા. દંડાના મારથી તેમના માથામાંથી કીડા ખરવા લાગ્યા.પછી ભક્તોને તેમણે કહ્યું, આનો કાયાકલ્પ થઈ ગયો. થોડા દિવસ પછી તેમનું નામ ‘હરિહરાનંદ’ રાખવામાં આવ્યું. તેઓ પાછળથી છોટે દાદાજી તરીકે પ્રસિદ્ધ બન્યા. શ્રીદાદાજીના વારસદાર શિષ્ય બન્યા. ગુરુશિષ્ય બન્નેના સ્વભાવમાં ઘણો તફાવત હતો. શ્રીદાદાજી સૂર્યસમાન ઉગ્ર હતા, તો છોટે દાદાજી ચંદ્રસમાન શાંત અને

શીતળ હતા. એટલે તેઓ હરિહર ભોલે ભગવાન તરીકે ઓળખાયા.

## ૧૬. સાંઈખેડાનો ત્યાગ

શ્રીકેશવાનંદજી-દાદાજીનો દરબાર સાંઈખેડામાં ઈ.સ. ૧૯૨૮માં વિશાળ બની ચૂક્યો હતો. સાંઈખેડામાં ઘણી વસ્તી જોવા મળતી. આવા વાતાવરણને લીધે શ્રીદાદાજીને પણ તકલીફ પડવા લાગી. ગામલોકોમાં પણ એક જાતની ખુમારી આવી ગઈ હતી કે સારા ભારતનું એક મહાન તીર્થક્ષેત્ર-કાશીની માફક સાંઈખેડા બની ચૂક્યું છે, એટલે જેમ બીજાં સ્થળે બને છે તેમ અહીંયાં પણ કેટલીક બદીઓ આવી હતી. ખરેખર, વાસ્તવમાં આવી સ્થિતિ હતી પણ ખરી. લાખો લોકો શ્રીદાદાજીના દરબારમાં આવતા. કરોડો રૂપિયા ખર્ચાતાં. નાના નાના દુકાનદારોને આનો લાભ થયો હતો. તેઓ પણ લક્ષાધિપતિ બની ચૂક્યા હતા. લક્ષ્મી ખૂબ જ ચંચળ છે. તેથી, લોકોમાં પણ પરિવર્તન આવ્યું. લક્ષ્મીને તેઓ જીરવી શક્યા નહિ. લોકોના સ્વભાવમાં પણ ફેરફાર થયો. પૈસાનો મદ આવ્યો. બુદ્ધિ બગડી. ભજનકીર્તનને બદલે બદીઓ વધવા લાગી. વાતાવરણ પવિત્ર બનવાને બદલે કલુષિત બન્યું. આથી, શ્રીદાદાજી પણ તંગ આવી ગયા.

ઈ.સ. ૧૯૨૮માં શ્રીદાદાજી સાંઈખેડા છોડી, થોડોક સમય નરસિંહપુરમાં રહ્યા. પછી સાંઈખેડા પાછા ફર્યા, પરંતુ આ વખતે પહેલાં જ્યાં તેઓ બેસતા હતા તે સ્થળે ન રહ્યા, પરંતુ દૂધી નદીને કિનારે આવેલ ગુલરિયા શેઠની ધર્મશાળામાં રહ્યા. ઈ.સ. ૧૯૨૮ના જાન્યુઆરીની સાતમી તારીખે તેઓ ખૂબ જ ચિંતિત નજરે પડ્યા. મધ્યરાત્રિએ તેઓ એકાએક બોલવા લાગ્યા, 'ગાડું

લાવો રે ગાડું લાવો !' આ સમયે એક ગાડાવાળો બળદોને પાણી પિવડાવવા માટે ગાડું ત્યાં છોડીને ગયો હતો. તે ગાડામાં શ્રીદાદાજી પોતે બેસી ગયા અને બોલ્યા, 'ચલો' એટલે બળદ વગરનું ગાડું ચમત્કારિક રીતે ચાલવા લાગ્યું. આ જોઈ તેમના ભક્તો તેમની પાછળ પાછળ દોડવા લાગ્યા. અને તેઓ ગાડું ખેંચવા લાગ્યા. આ જોઈ ગાડાવાળો શ્રીદાદાજી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, 'હું હમણાં જ મારા બળદો લઈ આવું છું. ગાડામાં જોડી હું ગાડું ચલાવું છું.' આ સાંભળી શ્રીદાદાજી બોલ્યા, 'બળદો તું લઈ જા. બળદો તારા અને ગાડું મારું.' ગાડાવાળો આ સાંભળી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. આ ગાડું શ્રીદાદાજીના ભક્તગણ ખેંચવા લાગ્યા. છોટે દાદાજી હરિહર ભોલે ભગવાન, શ્રીદંડીસ્વામી, શ્રીગંગાધર બ્રહ્મચારીજી, શ્રીમુરલીધર બડે ભૈયા વગેરે ભક્તો તેમાં જોડાયા. ગાડું ખેંચતાં, શ્રીદાદાજીનો જયજયકાર કરતાં, આની સાથે નગારાં વાગતાં, શંખ ધ્વનિ થતાં, વાજાં વાગતાં આ વાતાવરણ એવું લાગતું હતું કે સાક્ષાત્ શંકર ભગવાનની સવારી નીકળી હોય ! સવારી આ રીતે બે દિવસ ચાલી. કોઈએ તડકાની પણ પરવા કરી નહિ. કોઈને ભૂખની ચિંતા ન હતી, થાક પણ લાગતો ન હતો. બધાં લોકો આનંદમગ્ન બની ચાલતાં હતાં. આવા ખુશનુમા, ભક્તિમય, પવિત્ર વાતાવરણમાં હજારો લોકો જોડાયા. તેઓ પોતાની ઇચ્છા શ્રીદાદાજી આગળ રજૂ કરતા, અને તે ઇચ્છા તેમની પૂર્ણ થતી અનુભવતા.

આ પ્રમાણે આ મંગલ યાત્રાનો પ્રથમ પડાવ બરેલી ગામમાં રાખવામાં આવ્યો હતો. એક ખેતરમાં બે આંબાનાં વૃક્ષો હતાં, તેની ઉપર મધપૂડો લાગેલો હતો, ત્યાં તેઓએ પડાવ નાખ્યો.

શ્રીદાદાજીની આજ્ઞાથી તે સ્થળે માલપૂઆ બનાવવામાં આવ્યા. તેમ છતાં મધપૂડાની એક પણ માંખી તેમાંથી ઊડી નહિ કે કોઈને કરડી પણ નહિ. માલપૂઆ ખાધા પછી શ્રીદાદાજીએ બધાં ભક્તોને પાસેના તળાવમાં નાહવા માટે આજ્ઞા કરી. તે સમયે તે તળાવમાં ભૂતપ્રેત રહેતાં હતાં. તેથી, લોકો તે તળાવમાં નાહવા માટે જતાં નહિ, પરંતુ શ્રીદાદાજીની આજ્ઞા થતાં બધા ભક્તો તે તળાવમાં નાહ્યા. તે સમયથી તે તળાવનો ઉદ્ધાર થયો. અને તેનું પાણી લોકોના ઉપયોગમાં આવ્યું. લોકોની શ્રદ્ધા ખૂબ વધી, અને તેમણે શ્રીદાદાજીને ખૂબ આગ્રહ કર્યો. તેથી, એક માસ શ્રીદાદાજી ત્યાં રહ્યા, તે સમય દરમિયાન ઘણા લોકોનાં દુઃખ તેમણે દૂર કર્યાં.

હવે, શ્રીદાદાજીનો પ્રવાસ શરૂ થયો. ત્યાંથી તેઓ અવંતિકાપુરી ગયા. તે પછી આવલીઘાટ, બુધની, હોશંગાબાદ, ખાતેગાંવ થઈને ઇંદોર પધાર્યા. ઈ.સ. ૧૯૨૯ના એપ્રિલ માસમાં ઉજ્જૈન પહોંચ્યા. ત્યાંના હનુમાનબાગમાં એક વર્ષ રહ્યા. તે પછી ઈ.સ. ૧૯૩૦માં વૈશાખ માસમાં ત્યાંથી પ્રસ્થાન કર્યું. અને નર્મદાને કિનારે આવેલ બડવાહમાં ચાર માસ રહ્યા. ત્યાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવ્યો.

તેમનો પ્રવાસ બડવાહથી પાછો શરૂ થયો. તે સમયે તેમણે ભક્તોને કહ્યું, ‘અહીં નર્મદા જળ પીવું હોય તેટલું પી લો. બાર કોસ સુધી પાણી હવે મળશે નહિ.’ બધાં ભક્તો સાથે તેઓ ખંડવા જવા માટે રવાના થયા. રસ્તામાં જંગલ હતું, તુલજા ભવાનીનું મંદિર હતું ત્યાં રોકાયા. પણ ત્યાં વાઘવરુ-જંગલી પ્રાણીઓની બીક હતી એટલે ત્યાંથી ચાલવા લાગ્યા. રસ્તામાં પાર્વતીબાઈ, નોજાબાઈએ તેમને રોક્યાં. વચન આપ્યું હતું કે હું

તારે ત્યાં જરૂરથી આવીશ અને માલપૂઆ ખાઈશ. હવે હું તમને જવા દઈશ નહિ. એમ પાર્વતીબાઈએ શ્રીદાદાજીને વિનંતી કરી. શ્રીદાદાજી ભક્તની વિનંતીને માન આપીને ત્યાં રોકાઈ ગયા. ત્યાં ચાર દિવસ રોકાયા. ચાર દિવસ ભંડારા થયા. ત્યાર પછી ઈ.સ. ૧૯૩૦ના માગશર સુદ પાંચમને મંગળવારના દિવસે તેઓ ખંડવા આવ્યા, તે દિવસે ૨૫મી નવેમ્બર હતી.

## ૧૭. ખંડવામાં આગમન અને સમાધિ

શ્રીકેશવાનંદજી-શ્રીદાદાજી ખંડવામાં આવીને એક ખેતરમાં રહ્યા. તે જમીન તેલ વેચનાર વેપારીની હતી. ત્યાં મંડપ બાંધવામાં આવ્યો. શ્રીદાદાજી ત્યાં રહેવા લાગ્યા. ઈ.સ. ૧૯૩૦ના નવેમ્બર માસની ૩૦મી તારીખ અને માગશર સુદ દશમને રવિવારનો દિવસ હતો. શ્રીદાદાજીએ મુરલીધર મહારાજ બડે ભૈયાને મગની દાળની ખીચડી બનાવવાનું કહ્યું. બડે ભૈયાએ પોતાને હાથે મગની દાળની ખીચડી બનાવી તે શ્રીદાદાજીએ ખાધી. મંડપમાં તકિયાને અઢેલીને તેઓ ટૂંક સમયમાં જ ઊંઘી ગયા. તેમના શરીર ઉપર શાલ ઓઢાડવામાં આવી. શ્રીદાદાજી દશમીના દિવસે ઊંઘી ગયા, એકાદશીનો દિવસ પણ પસાર થયો, અને બારસનો સાંજનો સમય હતો. ભક્તજનો વિચારતા હતા કે શ્રીદાદાજી આટલા બધા દિવસના પ્રવાસથી થાકી ગયા છે, એટલે શાંતિથી ઊંઘી ગયા છે. સાંજ પડી ગઈ. અંધારું ઊતરી આવ્યું. ભક્તમંડળી ભજનકીર્તન કરતી હતી. બીજી બાજુ છોટે દાદાજી સાથે શ્રીગંગાધર બ્રહ્મચારી, મુરલીધર મહારાજ બડે ભૈયા, બારાબંકીના રાજાશ્રી પ્રતિપાલસિંહજી, શ્રીગુપ્તાજી વગેરે ભક્તો આનંદમંગલની વાતો કરતા હતા. ત્યાં પોલીસ અધિકારી બીજા કેટલાક પોલીસ સાથે ત્યાં આવ્યા. પોલીસ અધિકારીને ત્યાં આવેલા

જોઈ બધાંને નવાઈ લાગી. તે પોલીસ અધિકારીએ ત્યાં જઈ કહ્યું, 'અમને શ્રીદાદાજી કેશવાનંદજીના સ્વાસ્થ્ય અંગે ચિંતા થાય છે. તમે લોકો આમ બેફિકર થઈને કેમ બેસી રહ્યા છો ?' આ સાંભળી બડે ભૈયા મુરલીધર મહારાજે જવાબ આપ્યો, 'તમે નિશ્ચિંત રહો. પૂજ્ય દાદાજી તો આ રીતે મહિનાઓ સુધી ઊંઘમાં પડ્યા રહે છે', આ સાંભળી પોલીસ અધિકારીએ કહ્યું, 'હમણાં જ કોઈ એક નગ્ન સાધુ આવ્યા હતા, તેમણે અમને જણાવ્યું કે મોટા દાદાજી સમાધિસ્થ થઈ ગયા છે. તેમનો પરિવાર બેફિકર થઈને બેઠો છે. અમને ખબર નથી કે તે નગ્ન સાધુ કોણ હતા ?' આ પછી પોલીસ અધિકારી ત્યાંથી પાછા જતા રહ્યા. પેલા નગ્ન સાધુ તે શ્રીદાદાજી જ હતા.

આ કડવી વાત તરત જ શ્રીછોટે દાદાજીને જણાવવામાં આવી. ભજનકીર્તન કરવામાં આવ્યાં. રાત્રિ પસાર થઈ રહી હતી. બધાં ગંભીરતાથી વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? તેમ છતાં શ્રીછોટે દાદાજી બીજી કેટલીક વ્યક્તિઓ સાથે જ્યાં શ્રીદાદાજી ઊંઘી ગયા હતા ત્યાં ગયા. તેમને ઓઢાડેલી શાલ ખસેડી જોયું તો બધાં ચોંકી ઊઠ્યાં. બધાં શાંત થઈ ગયાં. શ્રીછોટે દાદાજી આ દૃશ્ય જોઈને કઠેડાને પકડીને એકદમ નીચે બેસી ગયા. તે વખતે શ્રીદાદાજીનો તેજસ્વી ચહેરો શ્યામ પડી ગયો હતો. તેમ જ વિકૃત બની ગયો હતો. આ જોઈ બધાંને વજ્રાઘાત થયો, કારણ કે કૈલાસપતિ શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી આ લોક છોડી કૈલાસ ગમન કરી ચૂક્યા હતા. તેમણે મહાસમાધિ લઈ લીધી હતી.

## ૧૮. શ્રીદાદાજીનું મહાનિર્વાણ

શ્રીદાદાજીના મહાનિર્વાણ પછી તરત જ તે સ્થળના માલિકને તાત્કાલિક બોલાવવામાં આવ્યો. તે જમીન તેલ વેચનાર વેપારીની

હતી. તેણે શ્રીદાદાજીનું નિર્વાણ થયું છે તે જાણી તરત જ શ્રીદાદાજીની મહાસમાધિ બનાવવા માટે રૂ. ૧૬૦૦/-માં સોળ એકર જમીન આપી. આ બધું નક્કી થયા પછી જ સમાજમાં જાહેર કરવામાં આવ્યું કે પરમ પૂજ્ય પરમહંસ સ્વામી શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી સમાધિસ્થ થયા છે. આ સમાચાર મળતાં જ ભક્ત સમુદાય શોકમાં ડૂબી ગયો. અને ભારતભરમાં રહેતા તેમના ભક્તો ખંડવા દોડી આવ્યા.

ઈ.સ. ૧૯૩૦ની ડિસેમ્બર માસની ત્રીજી તારીખને માગશર સુદ તેરસને બુધવારનો દિવસ હતો. તે સમયે મેષ રાશિ હતી, સવારના પ્રાતઃ સમયે સમાધિ નિર્માણ કાર્યની શરૂઆત કરવામાં આવી. બાર ફૂટ લાંબો અને દસ ફૂટ પહોળો ખાડો ખોદવામાં આવ્યો. ઈંટો વડે સમાધિ ચણવામાં આવી. આ સમાધિ તૈયાર કરતાં સાંજ પડી. સૂર્યનારાયણ અસ્તાચળે પહોંચવાની તૈયારી કરતા હતા. સંધ્યા સમય નજીક હતો. તે ગોરજ સમયે અબીલ, ગુલાલ અને પુષ્પોથી શ્રીદાદાજીના પાર્થિવ શરીરને શણગારવામાં આવ્યું. તેનું યથાવિધિ શાસ્ત્રોક્ત રીતે પૂજન કરવામાં આવ્યું. લાખો ભક્તજનોની હાજરીમાં, શોકાતુર વાતાવરણમાં, તેમના દેહની છેલ્લી મહાઆરતી કરવામાં આવી. તે પછી તેમના નશ્વર દેહને સમાધિમાં તેમના નામના જયજયકાર સાથે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યો. ભક્તજનોએ તેમના પવિત્ર દેહનાં છેલ્લીવારનાં દર્શન કર્યાં. બરાબર નવ વાગ્યે તેમની સમાધિ પૂરેપૂરી ચણી લેવામાં આવી.

આ રીતે નર્મદા મૈયાના લાડીલા સુપુત્ર, બ્રહ્મર્ષિ શ્રીગૌરીશંકર મહારાજના પ્યારા માધવને, જમાતવાળાના વહાલા કૃષ્ણાનંદજીને, પોતાના ગુરુદેવના વિયોગમાં પાગલ બનનાર

હોશંગાબાદ, નરસિંહપુરના ભક્તજનોને, પોતાની અગાધ લીલાથી પાગલ બનાવનાર અલમસ્ત રામફલને, સાંઈખેડા જેવા ક્ષેત્રને સાક્ષાત્ 'કૈલાસ ભવન'ની આભા પ્રદાન કરનાર શ્રીકેશવાનંદજી સુકીર્તિને, તેમ જ અસંખ્ય લોકોનાં દુઃખદર્દો મિટાવનાર, શાંતિ આપનાર, મનોકામના પૂરી કરનાર, તંદુરસ્તી બક્ષનાર, ધૂણીના રમેશ 'ધૂણીરમણ' પૂજનીય શ્રીદાદાજીના પાર્થિવ શરીરને ખંડવામાં સમાધિ આપવામાં આવી. તે સ્થળ 'શ્રીધૂણીવાળા દાદાજીના દરબાર' તરીકે જાહેર કરવામાં આવ્યું. ભારતનું એક અદ્યતન તીર્થક્ષેત્ર બન્યું. શ્રીસ્વામી હરિહરાનંદજી-હરિહરભોલે ભગવાનના નામે પ્રસિદ્ધ થયેલ શ્રીછોટે દાદાજીને તેમના ઉત્તરાધિકારી તરીકે જાહેર કરવામાં આવ્યા. તેઓ પણ પરમ યોગી મહાત્મા હતા. અવતારી પુરુષ હતા. તેમની આધ્યાત્મિક સફળતા ઉચ્ચ કોટિના સંત તરીકેની હતી. તેમણે ત્યાં આશ્રમ બાંધ્યો. આશ્રમની પ્રવૃત્તિને વિકસાવી. ભારતભરમાં તેની પ્રતિષ્ઠા થઈ.

## ૧૯. ખંડવા-પંચમધામ

આજના ભૌતિકવાદી, અર્થપ્રધાન યુગમાં માનવ મનમાં સંતોનાં જીવન અને ચરિત્રના વિષયમાં વિશ્વાસ નહિ, પણ શંકાકુશંકાને સ્થાન મળ્યું છે. તેથી જ બુદ્ધિવાદી માનવીના મનમાં શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજીનું જીવન વૃત્તાંત, તેમનું વર્તન, તેમની લીલા, ચમત્કાર વગેરે વાંચી કે સાંભળીને કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે. તેઓ વિચારે છે કે આવા ઉચ્ચ અને શ્રેષ્ઠ મહાન અવતારી સંતની આવી પાગલ અવસ્થા શા માટે જોવા મળે છે ? તેમનો બધો જ વ્યવહાર પાગલ જેવો શા માટે જણાય છે ? ભલે શ્રીદાદાજી પરિવારના ભક્તો શ્રીકેશવાનંદજી- દાદાજીને શંકરનો

અવતાર માનતા હોય, પણ આજના વિજ્ઞાન યુગમાં લોકો પ્રમાણ માગે છે. ખરેખર, તે વાત સત્ય હોય, પણ કાલ્પનિક અને અર્થહીન વાત તરીકે તેઓ સ્વીકારે છે. સત્ય તરીકે નહિ.

પરંતુ અદ્વૈત સિદ્ધાંત અનુસાર એમ માનવામાં આવે છે કે આપણો આ દેહ પંચતત્ત્વનો બનેલો છે. જેમાં આત્મતત્ત્વ રહેલું છે. દેહ તો અનિત્ય છે, પણ આત્મતત્ત્વ નિત્ય છે. આ આત્મતત્ત્વનો પરિચય મેળવવો, જાણવો, અનુભવવો અને તે જાણીને તેમાં જ આનંદમગ્ન થઈને રહેવું, તેને સ્પર્શવો એ જ મનુષ્યનો સાચો ધર્મ છે. આ સાચા ધર્મને-સ્વધર્મને જાણનાર અને તેનો અંગીકાર કરનાર મનુષ્ય જ દેહાતીત રહે છે. શરીરનો ભાવ ભૂલે છે. આત્મતત્ત્વમાં આનંદમગ્ન રહે છે, તે જ બ્રહ્માનંદ છે. તે જ માનવદેહનું પરમ સુખ ગણાય. તે જ કેવળ જ્ઞાનસ્વરૂપ બને છે. અને આકાશ સમાન સ્વચ્છ-નિર્મળ થાય છે. ભેદ અભેદને ભૂલી જાય છે. હંમેશાં આત્મતત્ત્વમાં જ ધ્યાન પરોવી દેહાતીત બને છે. તે અચળ બને છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણોથી અલિપ્ત બને છે. આવા જ સંત પુરુષની સ્થિતિ મસ્ત બને છે. આ બધા ગુણોના ભંડાર સમા શ્રીકેશવાનંદજી દાદાજી હતા. તે બહુશ્રુત, વિદ્યાપ્રચુર હતા. યોગ કર્મના મહાન જ્ઞાતા હતા. રિદ્ધિ સિદ્ધિ તેમને વરેલી હતી. સાચો સેવાધર્મ શું છે તે તેમના જીવનદર્શનમાં જોવા મળે છે. શ્રીકેશવાનંદજી-દાદાજી તુર્યાવસ્થાથી પણ ઉપરની અવસ્થામાં જીવતા હતા. આ વૃત્તિ સાધના કરવાથી આપોઆપ મળે છે. તે અવસ્થાને 'બાલોન્મદ્ પિશાચ અવસ્થા' પણ કહેવામાં આવે છે. તેઓને **'સર્વમ્ ખલુ ઈદમ્ બ્રહ્મ'**ના નિયમ પ્રમાણે સર્વત્ર, સૃષ્ટિમાં બ્રહ્મમય જણાય છે. આ વૃત્તિને આપણે અલમસ્ત કહીએ છીએ.

કહેવત છે કે મસ્તાનની મસ્તીને મૂઢ શું જાણે ! આ અવસ્થાને 'વિદેહી અવસ્થા' પણ કહેવામાં આવે છે. શ્રીદાદાજી સિદ્ધ-મસ્ત-અવધૂત તરીકે પોતાનું સર્વસ્વ છોડીને સંસારમાં નિર્વિકાર ભાવથી પાગલ થઈને ફરતા. આ સ્થિતપ્રજ્ઞ અવસ્થા ગણાય. તે અવસ્થા ઉપરની તુર્યાવસ્થા શ્રીદાદાજીમાં હતી, પરંતુ આ બુદ્ધિજીવી સમાજના બુદ્ધિજીવીઓ તેમને પાગલ ગણતા, તેમનાથી દૂર ભાગતા. તેથી, તેમનો સાચો પરિચય મેળવી શક્યા નહિ.

આવા શ્રીકેશવાનંદજી-દાદાજીના દરબારમાં-પંચમધામમાં લગાતાર દિવસ અને રાત ભક્તજનોની, દીનદુઃખીઓની, રોગીઓની ખૂબ જ ભીડ જોવા મળતી. ત્યાં સેંકડો મણ ઘી, નારિયેળ, અન્નસામગ્રી ધૂણીમાં હોમાતી રહેતી. મેવા, મીઠાઈ, પ્રસાદના ઢગલા થતા. નિત્ય ભંડારો ચાલુ રહેતો. છતાં પણ તે પંચમધામ-દાદાજીના દરબારમાં ક્યાંય ગંદકી જોવા મળતી ન હતી. મેવા, મીઠાઈ, પ્રસાદ ઉપર કીડી, મંકોડા, માખી કે જીવજંતુ પણ જોવા મળતાં ન હતાં. લાખો લોકોની અવરજવર ત્યાં રહેતી. તેમાં સારા માણસો કે ખરાબ માણસો પણ આવતા. તેમ છતાં ત્યાં કોઈ ટંટોફિસાદ, બૂરો વ્યવહાર કે અપવિત્રતાનું વાતાવરણ જોવા મળતું ન હતું. ક્યારેય કોઈ રોગ કે મહામારીનો ઉપદ્રવ થયો ન હતો. શ્રીદાદાજીને સ્નાન કરતાં કોઈએ ક્યારેય જોયા ન હતા, તેમ છતાં તેમનો દેહ સુંદર, સ્વચ્છ અને પવિત્ર જણાતો. તેમના શરીર ઉપર મેલનાં થર કે ગંદકી જોવાં મળતાં ન હતાં. અસ્વચ્છતા ન હતી. જાત-ભાત, પંથ-ભેદ ભૂલીને હજારો ભક્તજનો ત્યાં અતિઆનંદ લૂંટતા, આનંદમગ્ન બનતા. ત્યાં આવેલા દુઃખી જીવો સુખી બનીને જ પાછા ફરતા. દૂરથી

આવતા, દુઃખી ભક્તજનોનાં દુઃખને અંતર્યામી દાદાજી અગાઉથી જાણી લેતા. તેના દુઃખનો ખુલાસો કરતા, દુઃખને દૂર કરતા. ચોર, ડાકુ, વ્યભિચારી, સ્વાર્થી, ઘમંડી વગેરે લોકો અહીં આવતા. ખુલ્લા થઈ જતા, હળવાશ અને શાંતિ મેળવતા.

આ રીતે શ્રીદાદાજીએ તેમના જીવનદ્વારા એવું પ્રતિપાદન કર્યું છે કે આજના ભૌતિક યુગમાં, અર્થપ્રધાન યુગમાં, વિજ્ઞાન યુગમાં પણ તપ, ધ્યાન, ત્યાગ, સાધના કરી, દૈવી ગુણો દ્વારા જીવનની સિદ્ધિ તથા આત્માનંદની પ્રાપ્તિ કરી શકાય છે.

આવા બ્રહ્મલીન, પરમ શ્રદ્ધેય શ્રીકેશવાનંદજી-દાદાજી આપણી સાથે છે. ત્યાં જનાર દરેક ભક્તજન તેમના પ્રેમનો સ્પર્શ અનુભવે છે. આ આશ્રમમાં શ્રીકેશવાનંદજી-દાદાજી અને શ્રીછોટે દાદાજી હરિહરાનંદજીની મહાન સમાધિ બાંધવામાં આવી. તેની પાસે અખંડ ધૂણી સળગતી રહે છે. ત્યાં સમાધિમંદિર બાંધવામાં આવ્યું. ગુરુપૂર્ણિમાના દિવસે તથા બન્ને દાદાજીની પુણ્યતિથિના દિવસોમાં દેશભરમાંથી ભક્તો આવે છે. અને ઉત્સવ ઊજવાય છે. આજે પણ અહીં શ્રીદાદાજીની કૃપાથી તેમના ભક્તજનોની મનોકામના પરિપૂર્ણ થાય છે. ત્યાં ચંદન અર્ચન કરી, શાલ ઓઢાડી ભક્તજન ધન્ય બને છે. આ શ્રીદાદાજીના દરબારને 'પંચમધામ' તરીકે ઓળખવામાં આવે છે.

શ્રીદાદાજીના દરબારની નિત્ય પૂજા થાય છે. પ્રથમ વહેલી સવારે પરમ પૂજ્ય શ્રીકેશવાનંદજી-દાદાજીની સમાધિનું ગંગા-નર્મદાના જળથી સ્નાન, પૂજન, અર્ચન કર્યા પછી મહાઆરતી કરવામાં આવે છે. ત્યાર પછી 'ધૂણીરમણ'નું પૂજન, આરતી થાય છે. તે જ પ્રમાણે શ્રીછોટે દાદાજી - હરિહરાનંદજીની સમાધિનું સ્નાન, પૂજન, અર્ચન કરી આરતી કરવામાં આવે છે. ત્યાર

પછી વસ્ત્ર અને નૈવેદ્ય અર્પણ થાય છે. સાંજે પણ આ પ્રમાણે નાની આરતી થાય છે. તે સમયે સવારનાં વસ્ત્ર બદલી નવાં વસ્ત્ર બદલવામાં આવે છે. નૈવેદ્ય ધરાવવામાં આવે છે. તે પછી નર્મદાષ્ટકનું ગાન થાય છે. આરતી અને પૂજન પછી નિત્ય આ પ્રમાણે જયનાદ કરવામાં આવે છે.

*શ્રીગૌરીશંકર મહારાજની જય.*
*શ્રીધૂણીવાળા દાદાજીની જય.*
*શ્રીહરિહર ભોલે ભગવાનની જય.*
*શ્રીમાતા નર્મદે હર, હર, હર.*
*બોલ, સત્ય દરબારની જય.*
*બોલ, અટલ ધ્વજની જય.*
*નમઃ પાર્વતી પતયે હર, હર મહાદેવ.*
*॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥*

• • •

# ખંડ-૨

## ૧. શ્રીમોટા, સાંઈખેડામાં

શ્રીકેશવાનંદજી-દાદાજીની પ્રેરણાથી શ્રીબાળયોગી મહારાજે પૂજ્ય શ્રીમોટાને નડિયાદમાં દીક્ષા આપી, સાધનાક્ષેત્રે આગળ પ્રેર્યા. તેમણે શ્રીમોટાને દીક્ષિત કર્યા પછી કહ્યું, 'તારા સાચા ગુરુ તો સાંઈખેડામાં નિવાસ કરતા શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી છે. તેમની પ્રેરણાથી હું તને દીક્ષિત કરવા આવ્યો છું. તારા સાચા ગુરુ તો તે છે. હવે તું તેમની પાસે જઈ આશીર્વાદ લઈ આવ. તું પૂરેપૂરી તૈયારી કરીને જા.' તે સમયે શ્રીમોટાને 'પૂરેપૂરી તૈયારી'નો ખ્યાલ ન હતો. શ્રીમોટાએ સાતથી આઠ દિવસની રજા મૂકી અને તે પ્રમાણે જવાનું નક્કી કર્યું. તે વાત તેમણે શ્રીબાળયોગી મહારાજને જણાવી. ત્યારે તેમણે કહ્યું, 'એનું નામ તૈયારી ન ગણાય. દાદાજી તને ત્યાં રહેવાનો હુકમ કરે તો ? તારે ત્યાં રહેવાની તૈયારી કરીને પછી જવું.' શ્રીમોટાએ તે પ્રમાણે કર્યું.

શ્રીમોટા પાસે આ રીતની તૈયારી કરવાનો સમય ઓછો હતો. તેમનાં માતા તે સમયે વડોદરા હતાં. તેમની આર્થિક સ્થિતિ સધ્ધર ન હોવાથી, પૈસાની વ્યવસ્થા કાયમ માટે થઈ શકે એમ ન હતું. ઘરમાં સાતથી આઠ માણસોનો નિભાવ કરવાનો હતો. તેમણે બધી વ્યવસ્થા કરી તેમનાં માતા સૂરજબાની આજ્ઞા લીધી. પોતાની નોકરીનો ચાર્જ તેમણે નવસારીથી શ્રી પરીક્ષિતલાલ મજમુદારને તારથી બોલાવી સોંપી દીધો. સંઘમાંથી રાજીનામું આપી દીધું. શ્રીમોટાને આવી ગાંડાઈ ન કરવા માટે શ્રી પરીક્ષિતલાલ મજમુદારે સમજાવ્યા, પણ

એક વખત જે કરવાનું નક્કી કર્યું, તેને પોતાનો ધર્મ માની કરવું એવો દૃઢ સંકલ્પ કરી શ્રીમોટા સાંઈખેડા પહોંચ્યા.

સાંઈખેડામાં જઈ ધર્મશાળામાં એક ઓરડામાં મુકામ કર્યો. નાહીધોઈને શ્રીકેશવાનંદજી-દાદાજીની પાસે ગયા અને પગે લાગ્યા. તેમને ખબર ન હતી કે લોકો શ્રીદાદાજીથી દૂર ભાગે છે. તેમણે તો શ્રીદાદાજી મહારાજનાં ચરણમાં માથું મૂકી દીધું. લોકો જોર જોરથી બૂમો પાડવા લાગ્યા, 'અલ્યા ! ખસી જા ! ખસી જા ! દાદાજી તારું માથું ફોડી નાંખશે.' પરંતુ શ્રીદાદાજીએ શ્રીમોટાને કશું જ કર્યું નહિ.

## ૨. શ્રીદાદાજીના દરબારમાં શ્રીમોટા

શ્રીમોટા દરરોજ શ્રીદાદાજીનાં દર્શન કરવા જતા. તેમની બેઠકથી થોડેક દૂર તેઓ બેસતા. શ્રીદાદાજી ગમે તેમ ગંદી, બીભત્સ ગાળો બોલતા. તેમના બોલવામાં કોઈપણ પ્રકારનો અર્થ નીકળતો નહિ, કંઈ સમજણ પણ પડતી નહિ. તેઓ એવી બીભત્સ ગાળો બોલતા કે કાનના કીડા ખરી પડે. શ્રીમોટાને આથી ઘણી ઘૃણા થતી. ત્યાંથી નડિયાદ પાછા ફરવાનું મન થતું, પરંતુ બીજો એવો વિચાર શ્રીમોટાને આવ્યો કે 'જે બાળયોગી મહારાજે પોતાને સાધનામાં દીક્ષિત કર્યા અને તેમની ભાવલીલાનું અનુભવદર્શન પોતાને વારંવાર થયા કરેલું, આ કેશવાનંદજી-દાદાજી તેમના ગુરુ થાય. તે બાળયોગી મહારાજ આટલા બધા સમર્થ છે, તો તેમના આ ગુરુ કેટલા બધા સમર્થ હોવા જોઈએ ! માટે તેઓ જે કંઈ બોલે છે, તેમાં ચોક્કસ રહસ્ય હોવું જોઈએ, પરંતુ તે રહસ્ય પરખાતું ન હતું.'

જ્યારે શ્રીમોટાના મનમાં આ વિચાર આવ્યો ત્યારે અંતર્યામી શ્રીદાદાજી મોટેથી બોલવા લાગ્યા. જોકે આની સ્પષ્ટ ખબર ન પડે કે તેઓ કોને ઉદ્દેશીને બોલે છે, પરંતુ શ્રીમોટાએ માની લીધું કે તેઓના મનમાં જે વિચાર આવ્યો હતો, તેને ઉદ્દેશીને જ શ્રીદાદાજી બોલે છે. શ્રીદાદાજીએ પહેલાં તો તેમને ગાળોનો પ્રસાદ જ આપ્યો. શ્રીમોટા તે શાંતિથી સાંભળી રહ્યા. પછી તેઓએ કહ્યું, 'હું બોલું ત્યારે મારી સામે જે ટોળું ઊભું હોય, તેના ચહેરા ઉપર જે ફેરફાર થાય, તે તારે નીરખવા. અને તે માણસને યાદ રાખીને, તેની પાસે જઈને, તે અંગેની બધી વાત પૂછવી.' આ બનાવ બન્યા પછી શ્રીમોટા તેઓની સામે ઊભેલાં ટોળાંની વ્યક્તિઓને નીરખતા. અને જેના ચહેરા ઉપર જે અવનવા ફેરફારો થતા જોવા મળતા તે શ્રીમોટા નિહાળ્યા કરતા. આવું રોજ પાંચથી સાત વ્યક્તિઓને મળવાનું તેઓ કરતા. તેથી, તેમને ખ્યાલ આવ્યો કે શ્રીદાદાજી ટોળાંમાંના લોકો વિશે જે કંઈ બોલતા, તેવું તે લોકોના જીવનમાં તેવું બનેલું હતું. શ્રીદાદાજી ઘણા માણસોની કથની આ પ્રમાણે કહેતા. એટલે તેમના બોલવામાં એક સૂત્રતા જણાતી ન હતી. તેમાં દરેક વ્યક્તિના જુદા જુદા પ્રસંગો હોય, તેમાં કોઈ સારું હોય, તો કોઈ નરસું પણ હોય. શ્રીદાદાજી જેનું જે પ્રમાણે હોય તે પ્રમાણે બોલતા. તેમ જ તેઓ અંદરોઅંદર જે ગાળો બોલતા હોય, તેનું ઉચ્ચારણ તે લોકો કરતા. આ રીતે શ્રીદાદાજીના બોલવાનું રહસ્ય, તેમની રીતભાતનો શ્રીમોટાને ખ્યાલ આવ્યો. તેઓ અંતર્યામી અને સર્વવ્યાપક છે તેવું શ્રીમોટાને આ અનુભવ ઉપરથી સમજાયું.

## ૩. શ્રીદાદાજીની દિવ્ય શક્તિ

શ્રીદાદાજીની દિવ્ય શક્તિનો એક પ્રસંગ શ્રીમોટાએ સાંઈખેડામાં અનુભવ્યો. એક દિવસ સવારથી જ શ્રીદાદાજી રાજામહારાજાઓ અને તેમના અંગ્રેજ સરકાર સાથેના સંબંધો વિશે બોલતા હતા. તેઓ આ વાત બોલતા ત્યારે ત્યાં ટોળાંમાં કોઈ એવો રાજામહારાજા હતો નહિ. રાજામહારાજા કેવી રીતે અંગ્રેજોની ગુલામગીરી કરી સંતોષ મેળવતા. તેવી વાતો ઉઘાડે છોગ બોલતા. તેમની ગંદી રમતો વિશે જે પ્રમાણે બન્યું હોય, તેવું આબેહૂબ વર્ણન તેઓ કરતા. આવું બોલતા હતા તે પછી લગભગ એક કલાકે બેત્રણ ઘોડેસવારો આગળ, તેની પાછળ એક મોટર અને મોટરની પાછળ પાછા થોડાક ઘોડેસવારો અને પોલીસો હતા. તેમની આ પ્રમાણેની સવારી ત્યાં આવી. મોટરમાંથી એક યુવરાજ ચાંદીના થાળમાં રૂપિયા અને બીજા થાળમાં સોનામહોરો લઈને ઊતર્યા. આ યુવરાજ તે ઇંદોરના રાજવી યશવંતરાવ હોલ્કર હતા. તેઓ શ્રીદાદાજીને પગે લાગ્યા. અને પેલા બન્ને થાળ ભેટ તરીકે શ્રીદાદાજી પાસે મૂક્યા. અને પોતે હાથ જોડીને ઊભા રહ્યા. આથી, શ્રીદાદાજીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. તેમણે જોરથી પેલા બન્ને થાળને લાત મારી, એટલે બન્ને થાળ દૂર ફેંકાયા અને તેની ઉપર થૂંક્યા. અને તેમાંની રકમો વેરણછેરણ થઈ ગઈ. પોલીસ અને રાજાના માણસોએ કૉર્ડન કરી લીધી. અને બધા સિક્કા વીણી લીધા. શ્રીદાદાજીએ યશવંતરાવને ઘણી ગંદી ગાળોથી વધાવ્યા.

યશવંતરાવ હોલ્કરના મનમાં જે સ્વાર્થ હતો, તે દિવ્ય દર્શનથી અંતર્યામી શ્રીદાદાજી જાણી ગયા હતા. હકીકત એવી હતી કે ઇંદોરના રાજવી તુકેરાવ હોલ્કરે મુંબઈમાં મુમતાઝ નામની એક

સ્ત્રીને ઉપપત્ની તરીકે રાખી હતી. તુકેરાવજીને ખબર પડી અને તેના પુરાવા મળ્યા કે મુમતાઝ તેમને વફાદાર નથી. એટલે તેનું ખૂન તુકેરાવે મલબાર હિલના ગવર્નરના બંગલા સામે પોતાના વિશ્વાસુ સેવક રામનાથ ભૈયા પાસે કરાવ્યું. ગવર્નરના રક્ષકોએ ત્યાં ઊભેલી તુકેરાવની મોટર જોઈ અને ઓળખી. તેથી, સાબિતી મળી કે આ ખૂનમાં તુકેરાવ સંડોવાયા છે. તેમની સામે ખૂનકેસ દાખલ કરવામાં આવ્યો. અને તે ખૂનકેસ, 'બાવલા ખૂનકેસ' તરીકે જાણીતો બન્યો હતો. તુકેરાવને બચાવવા માટે તેમના પુત્ર યશવંતરાવ શ્રીદાદાજી પાસે આવ્યા હતા. આથી, તુકેરાવ જેલમાં જતાં બચી ગયા, પણ અંગ્રેજ સરકારે તેમને રાજગાદી ઉપરથી પદભ્રષ્ટ કરી, તેમના પુત્ર યશવંતરાવને રાજગાદી ઉપર બેસાડ્યા. આમ, તુકેરાવને શકનો લાભ આપી કોર્ટે છોડી દીધા. આ રીતે શ્રીદાદાજીના આશીર્વાદથી તુકેરાવ ફાંસીમાંથી બચ્યા, પણ રાજગાદી છોડવી પડી. આ પ્રસંગ શ્રીમોટાની હાજરીમાં બન્યો. તેમણે શ્રીદાદાજીની અંતર્યામી શક્તિનો જાતઅનુભવ કર્યો. તેમની દિવ્ય શક્તિની સમર્થતાનું શ્રીમોટાને આ પ્રસંગથી પ્રમાણ મળ્યું.

## ૪. સાંઈખેડામાં શ્રીમોટાના અનુભવ

શ્રીમોટા સાંઈખેડામાં પ્રથમ વખત શ્રીદાદાજીના દરબારમાં બાર દિવસ રહ્યા. તેમણે જોયું કે શ્રીદાદાજીના દરબારમાં તેમની પાસે જાતજાતના લોકો આવે છે. તેમાં નર્તિકાઓ, સટ્ટાવાળા, વિદ્વાનો, સાધુ, સંન્યાસીઓ, પંડિતો, રોગીઓ વગેરે આવતાં. શ્રીમોટા ત્યાં આવતા કેટલાક રોગીઓને મળ્યા અને જાતે તપાસ કરી, તો તેમને જાણવા મળ્યું કે જેટલા રોગીઓ ત્યાં આવ્યા હતા, તેમાંથી ત્રીસ ટકા રોગીઓના રોગ દૂર થયા હતા.

'દિલની સચ્ચાઈ સાથે સંતસમાગમ થાય તો ગમે તેવો ખરાબ માણસ હોય તોપણ તે સદ્‌ગતિ મેળવી શકે છે.' એવું શ્રીદાદાજીએ શ્રીમોટાને કહેલું, પરંતુ તેઓ આનો સ્પષ્ટ અર્થ સમજી શક્યા ન હતા. એટલે શ્રીદાદાજીએ શ્રીમોટાને સાંઈખેડાથી થોડેક દૂર એક ગામમાં જવા માટે કહ્યું. શ્રીમોટા તે ગામમાં ગયા. અને તે ગામમાં પૂછપરછ કરી મરવા પડેલા માણસને શોધી કાઢ્યો. ત્યારે ગામના માણસોને નવાઈ લાગી કે આવા દુષ્ટ માણસનું આ ભાઈને શું કામ હશે ? તેમ છતાં શ્રીમોટા તેને ઘેર ગયા. તે માણસ મરણપથારીએ પડેલો હતો. અને બેભાન અવસ્થામાં ખૂબ ગાળો બોલતો હતો. શ્રીમોટાને આ ગાળો સાંભળીને ક્ષોભ થયો. કંટાળો આવ્યો. પણ ગુરુઆજ્ઞા હોવાથી તેને ધીરજથી સાંભળ્યો. થોડાક સમય પછી તે માણસે ગાળો બોલવાની બંધ કરી. અને પ્રાર્થના કરવા લાગ્યો, 'હે ધૂણીવાળા દાદા ! હે ગુરુમહારાજ ! હે મારા પ્રભુ ! મારા ગુના તું માફ કર. મારા ઉપર તમો દયા કરો !' આમ સાચા દિલની, સચ્ચાઈની તેની ભક્તિ હતી, તેથી થોડાક સમયમાં મૃત્યુ સમયે તેના વિચારોમાં પરિવર્તન આવ્યું અને શ્રીદાદાજીનું નામ લેતાં લેતાં તેનું મૃત્યુ થયું. આ પ્રસંગથી શ્રીમોટાને ખ્યાલ આવ્યો કે સાચા દિલની સચ્ચાઈથી થયેલો સત્સંગ, સંતસમાગમ એળે જતો નથી.

શ્રીમોટા સાંઈખેડામાં હતા, ત્યારે જ શ્રીદાદાજીએ શ્રીમોટાને આજ્ઞા કરી કે રસ્તે જાય છે તે પેલા માણસને તું પથ્થર માર. એમ કહી શ્રીદાદાજીએ શ્રીમોટાને કેટલીક ગાળો પણ સંભળાવી. તેમણે તરત જ શ્રીદાદાજીના હુકમનું પાલન કર્યું. અને રસ્તે જતા તે

માણસને પથ્થર માર્યો. એટલે પેલો માણસ શ્રીમોટા ઉપર ગુસ્સે થયો અને પૂછ્યું, 'તેં મને પથ્થર કેમ માર્યો ? મેં તારું શું બગાડ્યું હતું ?' એટલે શ્રીમોટાએ જવાબ આપ્યો, 'ભાઈ, મેં તને મારી ઇચ્છાથી પથ્થર માર્યો નથી, પણ પેલા ગુરુમહારાજ બેઠા છે તેમણે તને પથ્થર મારવાનો હુકમ કર્યો, એટલે મેં પથ્થર માર્યો.' પેલા ભાઈ ગુરુમહારાજ પાસે ગયા. ગુરુમહારાજ શ્રીદાદાજીએ તેનો ઉધડો લીધો, ગાળો સંભળાવી, અને તે કેવાં ખરાબ કામ કરવાં માટે જઈ રહ્યો હતો તે સ્પષ્ટ શબ્દોમાં કહી સંભળાવ્યું. પેલો માણસ આ સાંભળી શરમાઈ ગયો. શ્રીદાદાજીની વાત તદ્દન સાચી હતી. તે ખૂબ જ પસ્તાયો. શ્રીદાદાજીને પગે પડી રડવા લાગ્યો. આમ, શ્રીદાદાજીએ ખરાબ કામ થતું શ્રીમોટા દ્વારા અટકાવ્યું. શ્રીદાદાજી પોતે અંતર્યામી છે, તે આ પ્રસંગથી શ્રીમોટાને સમજાયું.

શ્રીદાદાજી પાસે સંસ્કૃતના એક વિદ્વાન આવે. શ્રીદાદાજી તો સંસ્કૃતમાં બોલ્યા જ કરે. મરજી ફાવે ત્યારે બોલે. તે ભાઈને આખા દિવસમાં એક બે સવાલના જવાબ શ્રીદાદાજી બોલે તેમાંથી મળે. એવી રીતે એક અઠવાડિયા સુધી આ ક્રમ ચાલ્યો. આ બધા સવાલના જવાબ પૂરા થયા. શ્રીદાદાજી એમની મેળે સરળ સંસ્કૃત, સમજણ પડે તે રીતે બોલે. તેમાં બધી તત્ત્વજ્ઞાનની જ વાતો હોય. એનો ભાવાર્થ થોડો ઘણો સમજાય પણ ખરો. એવી રીતે પેલા વિદ્વાનને પૂછ્યા સિવાય બોલ્યા કરે, કારણ કે તે વિદ્વાન તે હેતુ માટે જ, તેના મનના પ્રશ્નોના નિરાકરણ માટે ત્યાં આવ્યો હતો અને મનના પ્રશ્નો ઊકલે તે માટે જ શ્રીદાદાજી બોલ્યા કરતા હતા. ઘણા બધા માણસો ત્યાં આવતા. તેમના જીવનની વાતો પણ કરતા. બીજાના મનની જે વાતો શ્રીદાદાજી

કરતા, તે અનુભવો શ્રીમોટાને અંતર્યામી શ્રીદાદાજીની પાસેથી વારંવાર જાણવા મળતા.

એકવાર એક પતિપત્ની શ્રીદાદાજી પાસે બાધા પૂરી કરવા સાંઈખેડામાં આવ્યાં હતાં. બાધા કરવા માટે તેઓ પૈસા પૂરા લાવ્યા ન હતાં. તેથી, પાછા જવા માટે તેમાંથી અમુક રકમ રાખી મૂકી. એટલે બાધાની પૂરેપૂરી રકમ તે આપી શક્યાં નહિ. તેમનાં પત્નીએ બધી રકમ શ્રીદાદાજીને આપી દેવા માટે સમજાવ્યાં. પણ તે માન્યા નહિ, પછી અધૂરી રકમ લઈ તેઓ શ્રીદાદાજીને પગે લાગવા માટે ગયા. ત્યારે શ્રીદાદાજીએ પેલા ભાઈને કહ્યું, 'મારા બાકી છે તે પૈસા લાવ.' તરત જ પેલી સ્ત્રી બોલી, 'હું કહેતી હતીને કે શ્રીદાદાજી જાણી જશે. આપી દો બધા પૈસા.' તોપણ પેલા ભાઈ પૈસા આપે નહિ. પછી શ્રીદાદાજીએ દંડો ઉગામ્યો. જોકે માર્યો નહિ, પણ તે ભાઈએ ડરના માર્યા બધી રકમ આપી દીધી.

## ૫. શ્રીદાદાજી પાસેથી વિદાય

એક દિવસ કોઈ એક ભક્તે શ્રીદાદાજીનાં ચરણો પાસે એક શ્રીફળ મૂક્યું હતું. તે સમયે શ્રીમોટા શ્રીદાદાજીથી સાતઆઠ ફૂટ દૂર બેઠાં બેઠાં નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે તે શ્રીફળ શ્રીદાદાજીએ પોતાના હાથમાં લઈ શ્રીમોટાને છૂટું કપાળમાં માર્યું. માથામાં શ્રીમોટાને મોટું ઢીમણું થયું. એ વખતે શ્રીમોટાના દિલમાં શ્રીદાદાજી પ્રત્યે વહાલ જાગ્યું હતું. તે પછી શ્રીમોટાને તેઓએ હુકમ કર્યો, 'તું તારે ઘેર ચાલ્યો જા. ત્યાં રહીને સાધનામાં આગળ વધતો જા. મારું સ્મરણ કર્યા કરજે. તને જે કર્મ મળ્યું છે, તેમાં તું પ્રભુપ્રીત્યર્થે લાગી રહેજે.' શ્રીમોટાએ ગુરુઆજ્ઞા માની અને સાંઈખેડાથી પાછા ફર્યા.

શ્રીમોટાએ સાંઈખેડામાં શ્રીદાદાજીને બોલતા સાંભળ્યા હતા. ‘હું તાજુદ્દીનબાબા (નાગપુર) છું, હું સાંઈબાબા (શિરડી) છું, ઉપાસનીબાબા (સાકુરી) હું જ છું, અને અક્કલકોટના સ્વામી (અક્કલકોટ) પણ હું જ છું.’ પૂજ્ય શ્રીમોટા તે સમયે આ બધા સંત પુરુષોનાં નામ પણ જાણતા ન હતા કે તેમના વિશે તેમને ઝાઝી ખબર પણ ન હતી, પરંતુ પાછળથી તેમના જીવનમાં આ બધા સંત પુરુષોએ ખૂબ જ અગત્યનો ભાગ તેમની સાધનામાં ભજવ્યો હતો, ત્યારે જ તેમને આ સંત પુરુષની સિદ્ધિનો સાચો પરિચય થયો. શ્રીમોટાને દરેક મહાત્માના હૃદયપ્રદેશ ઉપર સદ્‌ગુરુનાં દર્શન થતાં હતાં.

શ્રીમોટા સાંઈખેડાથી સીધા વડોદરા આવ્યા. તે સમયે તેમના મિત્ર શ્રી ભગવતપ્રસાદ પંડ્યા ક્ષયરોગના દર્દથી પીડાતા હતા. અને ત્યાંની હૉસ્પિટલમાં સારવાર અંગે દાખલ કરેલા હતા. શ્રીમોટાએ તેમને શ્રીદાદાજીના દરબારની બધી સાચી હકીકત જણાવી. કેટલાકના રોગ શ્રીદાદાજીના આશીર્વાદથી મટ્યા તે પણ તેમણે સવિસ્તાર જણાવ્યું. ‘તમે પણ આ રોગના નિવારણ માટે સાંઈખેડા શ્રીદાદાજી પાસે જાઓ. શ્રીદાદાજીના આશીર્વાદથી તમારો રોગ મટી પણ જાય.’ શ્રીમોટાની વાત તેમને ગળે ઊતરી અને પોતાની મિલકતની વ્યવસ્થા કરી શ્રી ભગવતપ્રસાદ પંડ્યા શ્રીદાદાજીના દરબારમાં સાંઈખેડા ગયા. તેમનો રોગ શ્રીદાદાજીના આશીર્વાદથી મટી ગયો. એટલે તેઓ કાયમ ત્યાં તેમના ભક્ત તરીકે રહી ગયા. પાછળથી તેઓ દિગંબર અવસ્થામાં રહેતા હતા. શ્રીદાદાજી શ્રીમોટા વિશે જે કંઈ બોલતા એ તેઓ લખી લેતા. પછી શ્રીમોટાને જણાવતા. નડિયાદના સ્મશાનમાં શ્રીમોટા જે પ્રાર્થના, ભજન લલકારતા, તેના શબ્દે શબ્દ શ્રીદાદાજી ત્યાં

બોલતા. પાછળથી શ્રી ભગવતપ્રસાદ પંડ્યા તે શ્રીમોટાને જણાવતા. શ્રીમોટા પોતાનું રચેલું ભજન 'પ્રભુ ચરણશરણમાં રાખો રે, પાવલે લાગું' નડિયાદમાં તે ગાતા. તે ભજન જ્યારે શ્રીમોટા ફરીથી બીજી વખત સાંઈખેડા ગયા ત્યારે તે લખેલું ભજન શ્રી ભગવતપ્રસાદ પંડ્યાએ શ્રીમોટાને બતાવ્યું. તેના શબ્દે શબ્દ એકસરખા હતા. શ્રીમોટા તો પોતે શ્રીદાદાજીની સર્વજ્ઞતા જાણતા હતા.

સામાન્ય માણસને શ્રીદાદાજીનું બોલવું, તેમનું બીભત્સપણું, ગલીચપણું અને અસભ્ય વર્તન સમજાય એવું ન હતું. તેઓ ગાળો પણ બોલતા અને દંડો લઈને લોકોને મારતા પણ ખરા. આથી, તેમના વિશે સાચી સમજણ ન પ્રગટવાને કારણે કોઈ હિંદી છાપામાં વારંવાર શ્રીદાદાજી વિરુદ્ધનું લખાણ છપાતું. તે છાપું શ્રીમોટાના મિત્ર શ્રી ચૂનીલાલ વ્યાસ નિયમિત મંગાવતા. અને તેમાં છપાયેલું શ્રીદાદાજી વિરુદ્ધનું લખાણ તેઓ શ્રીમોટાને મોકલવાનું ચૂકતા નહિ. છાપાંમાં આ રીતનાં લખાણ સંતોના વર્તનની સત્યતા રજૂ કરી શકતાં નથી, શ્રીમોટા તે લખાણ વાંચતા, પણ પોતે શ્રીદાદાજીના બોલવાની રહસ્યમયતા જાણતા હતા. તેથી, તે મનમાં લેતા ન હતા.

## ૬. સૂરજબા સાથે શ્રીમોટા, સાંઈખેડામાં

શ્રીમોટા બીજી વખત સાંઈખેડા ગયા, ત્યારે પણ તેમની આર્થિક સ્થિતિ ગરીબ હતી. કપરી હતી. તેમની પાસે સાંઈખેડા જવાના પૈસા પણ ન હતા. તેમ છતાં શ્રીમોટાની એવી ઇચ્છા કે મારી માતાને હું મારા ગુરુજી પાસે લઈ જઉં અને મારા ગુરુમહારાજનાં દર્શન કરાવું, પરંતુ તેમનાં માતા કહે, 'સોમલાને લઈને જઈએ', સોમલો એટલે શ્રીમોટાના નાના ભાઈ

શ્રી સોમાભાઈ ભાવસાર. તેઓ બાળલેખક તરીકે જાણીતા હતા. શ્રીમોટા પાસે પોતાની માતાને લઈ જવાના પૈસા ન હતા, તેમાં વળી તેમની માતાએ તેમના નાના ભાઈ શ્રી સોમાભાઈને લઈ જવાની વાત કરી. તેથી, શ્રીમોટાએ પહેલાં તો તેમના નાના ભાઈ શ્રી સોમાભાઈને લઈ જવાની ના પાડી. એટલે તેમનાં માતા સૂરજબા રિસાયાં અને કહ્યું, 'જો સોમલાને નહિ લઈ લે, તો હું પણ આવીશ નહિ.' એટલે તેમના ભાઈબંધ પાસેથી ઉછીના પૈસા લઈને શ્રીમોટા, તેમનાં માતા સૂરજબા અને તેમના નાના ભાઈ શ્રી સોમાભાઈ સાથે સાંઈખેડા પહોંચ્યા.

શ્રીમોટા તેમનાં માતાને શ્રીદાદાજી પાસે લઈ ગયા. પણ સૂરજબા આવા મહાન સંતને સમજી શકે નહિ. શ્રીદાદાજીને જોઈ શ્રીમોટાનાં માતા સૂરજબા કહે, 'આ તો નાગો બાવો છે.' આ જોઈ તેમનાં માતાએ શ્રીમોટાને ગાળો ભાંડી. જ્યારે તેઓ શ્રીદાદાજી પાસે પગે લાગવા ગયાં, ત્યારે શ્રીદાદાજીએ શ્રીમોટાનાં માતા સૂરજબા પાસે પાંચ રૂપિયા માગ્યા. શ્રીમોટાએ પાંચ રૂપિયા પોતાની પાસેથી શ્રીદાદાજીને આપવા માટે તેમનાં માતાના હાથમાં મૂક્યા, પણ તેમનાં માતાએ તે પાંચ રૂપિયા શ્રીદાદાજીને આપ્યા નહિ. શ્રીમોટાએ સૂરજબાને ઘણું સમજાવ્યાં, 'હું તને પાંચના બદલે દશ રૂપિયા આપીશ.' પણ તેઓ માન્યાં નહિ. તેમની માતા તો વળી કહે, 'એ તો અક્કલ વગરનો ગમે તે માગે, આમેય ઠેકાણા વગરનો તો છે, એને વળી રૂપિયા તો અપાતા હશે કે ?' જો શ્રીમોટાનાં માતાએ શ્રીદાદાજીને પાંચ રૂપિયા આપ્યા હોત, તો શ્રીમોટાને આનંદ થાત. પોતે રાજી થાત, પણ તેમની આર્થિક સ્થિતિ નબળી અને શ્રીદાદાજી ઉપર ગુરુજી તરીકેની શ્રદ્ધા તેમનાં માતામાં જાગી ન હતી. તેથી, તે પાંચ

રૂપિયા તેમણે શ્રીદાદાજીને આપ્યા નહિ. શ્રીદાદાજીને તે પાંચ રૂપિયાની પડી ન હતી, તેની જરૂરત ન હતી, પણ તે રૂપિયા શ્રીમોટાના હિત માટે તેમણે માગ્યા હતા, પરંતુ શ્રીમોટાનાં માતા સૂરજબા આ રહસ્યને સમજી શક્યાં નહિ. શ્રીદાદાજીએ શ્રીમોટાનાં માતાને કહ્યું, 'આ છોકરાને તું વળગી રહેજે.' માતાને ગુરુમહારાજનાં દર્શન કરાવ્યાનો શ્રીમોટાને આનંદ થયો, પણ તે સાથે મનમાં એટલું દુઃખ થયું કે માતા સૂરજબા શ્રીદાદાજીને ઓળખી શક્યાં નહિ.

પૂજ્ય શ્રીમોટા તેમના સદ્ગુરુ શ્રીદાદાજી માટે હંમેશાં કહેતા, 'પ્રભુકૃપાથી મારા સદ્ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત, પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ,સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી, તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું, ત્યારે જ આજે જે છું તે છું.' આવા સમર્થ અવતારી સંત પુરુષ શ્રીદાદાજી હતા.

પૂજ્ય શ્રીમોટા આવા સદ્ગુરુ શ્રીકેશવાનંદજી-દાદાજીના આશીર્વાદ પામ્યા.પૂજ્ય શ્રીદાદાજીએ એમને કહ્યું,'તું તારું કામ સંસારમાં રહીને કર, તારે અહીં રહેવાની જરૂર નથી. મુશ્કેલી વેળાએ તું બોલાવીશ ત્યારે હું હાજર થઈશ.' શ્રીમોટા શ્રીદાદાજીના આવા આશીર્વાદ સાથે સાંઈખેડાની મુલાકાત લઈ પાછા ફર્યા.

શ્રીદાદાજીનું સૂક્ષ્મ સાંનિધ્ય મેળવી, અભય વચન પામ્યા. ત્યાર પછી તેમની સાધનામાં ખૂબ ઝડપી વેગ આવ્યો.

સાંઈખેડાથી પાછા ફરતાં શ્રીદાદાજીએ શ્રીમોટાને આદેશ આપ્યો, 'તું જ્યાં છે ત્યાં કામ કર, પરંતુ આ જે દેશસેવાનું ગાંડું ઝનૂન છે, તે તારે મૂકી દેવું પડશે. પ્રભુપ્રીત્યર્થે અને પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે, બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને સેવાનો અધિકાર નથી. એવો જ્ઞાન-ભક્તિપૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે, તેઓ સમાજનું કદી પણ કલ્યાણ કરી શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવાના એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાના ક્ષેત્રમાં પડે, તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ તો જાગેલી હોતી નથી. તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું, દઢતાથી, મક્કમતાથી નિશ્ચિતપણું તેમનામાં પ્રગટેલું હોતું નથી. કયા હેતુથી કોને માટે સેવા કરીએ છીએ તેનું પણ લોકોને જ્ઞાનભાન હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટા તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસઆપસમાં પણ ભેદ વધારશે. સમાજમાં પણ ભેદ વધવાના. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનને માર્ગે જે જનારા છે તેમને માટે તે હકીકત સાચી છે. તેવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે, ભાવનાત્મક રીતે સતત રમ્યા જ કરવી જોઈએ, પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતીજાગતી નથી.તેમના દિલમાં અહિંસા પરત્વેનું

પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.'

પરંતુ આ હકીકત ત્યારે શ્રીમોટાના દિલમાં ઊતરી ન હતી, પરંતુ શ્રીમોટાને શ્રીસદ્‌ગુરુ એમ છોડે તેમ ન હતા. તેમણે શ્રીમોટાને જ્યાં ત્યાં રાગદ્વેષની ચુંગાલનાં દર્શન કરાવ્યાં. શ્રીસદ્‌ગુરુની કૃપાથી સેવાની ધૂન મોળી પડવા લાગી. શ્રીમોટાનું મોં દેશભક્તિ પરત્વેથી શ્રીભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું. પૂજ્ય શ્રીમોટાના જીવનમાં શ્રીસદ્‌ગુરુને મળ્યાની આવી હકીકત છે. અંતમાં શ્રીમોટાને શ્રીસદ્‌ગુરુ સાથે પ્રભુકૃપાથી સંકળાવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, ત્યારથી તેમના જીવનમાં શ્રીભગવાનની ભક્તિ પરત્વેનો વળાંક અને ઝોક સાધના મારફતે ખૂબ જ ઝડપી બન્યો. શ્રીમોટા સાકાર અને નિરાકાર બન્ને સાક્ષાત્કાર પામ્યા.

• • •

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. आग्रहो—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું  રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુ:ખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિ:સ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



'પ્રભુકૃપાથી મારા સદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત, પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને **આ જીવ**ને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી, તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું, ત્યારે જ આજે જે છું તે છું.'

- શ્રીમોટા

'શ્રીકેશવાનંદજી - ધૂણીવાળા દાદાજી', ત્રી. આ., પૃ. ૧૦૨

કિંમત : રૂ. ૨૦/-